પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®
સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨
તા. ૧૦-૨-૨૦૨૬, મંગળવાર
વર્ષઃ ૧૪, અંક : ૨૮૪

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia


**સુવિચાર**

જે સ્વાદ ઉપર સંયમ રાખી શકે એનું સ્વાસ્થ્ય સારું અને જે શબ્દ ઉપર સંયમ રાખી શકે તેના સંબંધ સારા.

**મિનિ કુંભ સમા મહાશિવરાત્રીના મેળાનો કાલથી જૂનાગઢમાં મંગલારંભ**
(વાંચો છેલ્લા પાને)

# અંતે શ્રીલંકાની "યાદે" ઝુકાવ્યુંઃ રવિવારે ભારત સામેનો મેચ રમવા પાકે. "મન" બનાવ્યું

## ભારત-પાકિસ્તાનના મેચમાં બાંગ્લાદેશની અપીલ, શ્રીલંકાના રાષ્ટ્રપતિની વાતચીત અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદની ભૂમિકા મહત્વપૂર્ણઃ પાકિસ્તાનની ભારત વિરૂધ્ધ મેચ રમવા માટેની ત્રણેય માંગ આઈસીસીએ ફગાવી



**અબતક, રાજકોટ**

અંતે શ્રીલંકાની ''યાદે'' પાકિસ્તાનને ઝુકાવ્યું છે અને રવિવારે ભારત સામેનો મેચ રમવા પાકિસ્તાને ''મન'' બનાવ્યું છે. ભારત અને પાકિસ્તાન વચ્ચેની આઈસીસી મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ની મેચ ૧૫ ફેબ્રુઆરીએ નિર્ધારિત સમય મુજબ રમાશે. પાકિસ્તાન સરકારે સોમવારે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડને મેચ રમવા માટે ઔપચારિક મંજૂરી આપી, જેનાથી ઘણા દિવસોથી ચાલી રહેલી ગતિરોધનો અંત આવ્યો.પીસીબી ચેરમેન મોહસીન નકવીએ વડાપ્રધાન શાહબાઝ શરીફને આઈસીસી, બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ અને અન્ય સભ્ય દેશો સાથે ઉચ્ચ સ્તરીય ચર્ચાઓ અંગે માહિતી આપી હતી. આ પછી સરકારે તમામ પાસાઓ પર વિચાર કર્યા પછી પાકિસ્તાન ટીમને મેદાનમાં ઉતરવાનો નિર્દેશ આપ્યો હતો.

આ સમગ્ર ઘટનાક્રમમાં બાંગ્લાદેશની અપીલ, શ્રીલંકાના રાષ્ટ્રપતિની વાતચીત અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદની ભૂમિકા મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

પાકિસ્તાને અગાઉ કહ્યું હતું કે તે તેની સરકારની સલાહ પર ભારત સામે મેચ નહીં રમે, જેના કારણે સમગ્ર ટુર્નામેન્ટ પર શંકા ઉભી થઈ હતી. જોકે,આઈસીસીના મક્કમ વલણ બાંગ્લાદેશની અપીલ અને સતત વાટાઘાટોને પગલે પાકિસ્તાને પીછેહઠ કરી હતી. પાકિસ્તાન ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં ભારત (અનુ. આઠમા પાને)

### મૌસી ભી રાજી, બંસતી ભી રાજી, ઈસલિયે...

### ટી૨૦ વર્લ્ડકપ ટુર્નામેન્ટનો બહિષ્કાર કરવા મામલે આઈસીસીએ બાંગ્લાદેશને માફી આપી

ભારતમાં રમાઈ રહેલી ટી૨૦ વર્લ્ડકપ ટુર્નામિન્ટનો બહિષ્કાર કરવા મામલે આઈસીસીએ બાંગ્લાદેશને માફી આપી છે. બાંગ્લાદેશ જીદ કરી રહ્યું હતું કે તેમની ટીમના ખેલાડી મેચ રમવા માટે ભારત નહીં આવે, કારણ કે તેમની સુરક્ષાને ખતરો છે. જે બાદ આઈસીસીએ બાંગલાદેશને બદલે સ્કોટલેન્ડની ટીમને ટુર્નામિન્ટમાં સામેલ કરી. જે બાદથી જ અટકળો લાગી રહી હતી કે આઈસીસી બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ વિરુદ્ધ કાર્યવાહીની જાહેરાત કરી શકે છે. ઈન્ટરનેશનલ ક્રિકેટ બોર્ડે બાંગ્લાદેશ વિરુદ્ધ કોઈ પણ કાર્યવાહી ન કરવાની જાહેરાત કરી છે. બાંગ્લાદેશ પર કોઈ જ આર્થિક, સ્પોર્ટિંગ કે એડમિનિસ્ટ્રેટિવ દંડ ફટકારવામાં આવશે નહીં. એક્શન તો દૂરની વાત, આઈઆઈસીએ બાંગ્લાદેશને મોટી ભેટ પણ આપી દીધી છે. ૨૦૨૮થી ૨૦૩૧ની વચ્ચે બાંગ્લાદેશમાં આઈસીસીની એક મોટી ટુર્નામિન્ટ યોજાશે.

### આઈસીસીને રાજી રાખવા પાકિસ્તાનને ભારત સામે મેચ રમવા આજીજી કરતું બાંગ્લાદેશ બોર્ડ

સમગ્ર મામલામાં બાંગ્લાદેશે મુખ્ય ભૂમિકા ભજવી હતી. સુરક્ષા કારણોસર ભારતમાં રમવાનો ઈનકાર કર્યા બાદ બાંગ્લાદેશને ટુર્નામિન્ટમાંથી ખસી જવાની ફરજ પડી હતી. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડના પ્રમુખ અમીનુલ ઈસ્લામે પાકિસ્તાનને ભારત-પાકિસ્તાન મેચનો બહિષ્કાર પાછો ખેંચવાની અપીલ કરી હતી. તેમનું માનવું હતું કે આવું પગલું ક્રિકેટના હિતમાં નહીં હોય. બાંગ્લાદેશની અપીલ બાદ, પાકિસ્તાનનું વલણ નરમ પડ્યું. વધુમાં, અમીનુલ ઈસ્લામે બાંગ્લાદેશને ટેકો આપવા બદલ પાકિસ્તાનનો આભાર માન્યો. તેમણે બંને દેશો વચ્ચે ''ક્રિકેટ ભાઈચારો'' ની વાત કરી.

### આકાશી ખેતી હવે રોજીરોટીની સાથે આત્મનિર્ભર પણ બનાવી દેશે

# આગામી દસકામાં ચંદ્ર પર આત્મનિર્ભર શહેર બનાવવાનો એલનનો મનસૂબો



**અબતક, રાજકોટ**

બ્રહ્માંડના રહસ્યો ઉકેલવા અને માનવ સભ્યતાને પૃથ્વીની બહાર વસાવવા માટે હંમેશા તત્પર રહેતા સ્પેસ-એક્સના સ્થાપક એલન મસ્કે એક નવો અને આશ્ચર્યજનક વળાંક લીધો છે. અત્યાર સુધી મંગળ ગ્રહને પોતાની પ્રાથમિકતા ગણાવતા મસ્કે હવે ચંદ્ર પર 'સેલ્ફ-ગ્રોઈંગ સિટી' એટલે કે આત્મનિર્ભર શહેર વસાવવાની જાહેરાત કરી છે. આ પ્રોજેક્ટ માત્ર રહેઠાણ પૂરતો સીમિત નથી, પરંતુ ત્યાં આકાશી ખેતી અને સંસાધનોના ઉપયોગ દ્વારા માનવીને સંપૂર્ણપણે આત્મનિર્ભર બનાવવાની દિશામાં એક મોટું કદમ છે.

એલન મસ્કે જણાવ્યું છે કે,સ્પેસ-એક્સ હવે મંગળ કરતા ચંદ્ર પર શહેર વસાવવાને વધુ પ્રાથમિકતા આપી રહ્યું છે. મસ્ક મુજબ,આગામી ૧૦ વર્ષથી પણ ઓછા સમયમાં ચંદ્ર પર એક આત્મનિર્ભર શહેરનું નિર્માણ થઈ શકે છે. જોકે, મંગળ પર જવાનો પ્લાન રદ નથી થયો, પરંતુ સભ્યતાના સુરક્ષિત ભવિષ્ય માટે ચંદ્ર પર વહેલા પહોંચવું વધુ વ્યવહારુ અને ઝડપી છે.મસ્કે સ્વીકાર્યું છે કે મંગળ પર પહોંચવા (અનુ. આઠમા પાને)

### ગુજરાતમાં ડિજિટલ ક્રાંતિઃ સ્ટારલિંક સાથે સેટેલાઈટ ઈન્ટરનેટ જોડી દેવા સરકારે ઈચ્છા દર્શાવી



વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'ડિજિટલ ઈન્ડિયા'ના સંકલ્પને સાકાર કરવા તરફ ગુજરાત સરકારે એક મોટું કદમ ઉઠાવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં ગુજરાત સરકાર અને એલન મસ્કની સ્પેસેક્સની સબસિડિયરી 'સ્ટારલિંક' વચ્ચે સહયોગના લેટર ઓફ ઈન્ટેન્ટ (LoI) સંપન્ન થયા છે.

આ ભાગીદારીથી નર્મદા અને દાહોદ જેવા એસ્પિરેશનલ જિલ્લાઓ સહિત સમગ્ર ગુજરાતમાં ઈ-ગવર્નન્સ અને ડિજિટલ સેવાઓ વધુ વ્યાપક અને ઝડપી બનશે.

#### સ્ટારલિંક સાથે જોડાવાના ફાયદા

**અંતરિયાળ વિસ્તારોમાં કનેક્ટિવિટીઃ** આ કરાર હેઠળ રાજ્યના એવા અંતરિયાળ અને આદિવાસી વિસ્તારો જ્યાં ટેલિકોમ નેટવર્કની સમસ્યા છે, ત્યાં હાઈ-સ્પીડ સેટેલાઈટ ઈન્ટરનેટ પહોંચાડવામાં આવશે.

**ડિઝાસ્ટર મેનેજમેન્ટઃ** આપત્તિ વ્યવસ્થાપન નિયંત્રણ કક્ષ, પોલીસ આઉટપોસ્ટ્સ અને વન્યજીવ અભયારણ્યોને સીમલેસ નેટવર્કથી સાંકળી લેવાશે.

**શિક્ષણ અને આરોગ્ય પર ભારઃ** સરકારી શાળાઓમાં સ્માર્ટ કનેક્ટિવિટી અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ટેલિ-મેડિસિન સેવાઓ ઝડપી બનાવાશે.

**જોઈન્ટ વર્કિંગ ગ્રુપઃ** આ પ્રોજેક્ટના અસરકારક અમલીકરણ માટે રાજ્ય સરકાર અને સ્ટારલિંકના પ્રતિનિધિઓનું એક 'જોઈન્ટ વર્કિંગ ગ્રુપ' બનાવવામાં આવશે.

**ઔદ્યોગિક વિકાસઃ** GIDC ઈન્ડસ્ટ્રીયલ પાર્ક્સ, હાઈવે સેફ્ટી, અને પોર્ટ કનેક્ટિવિટીને પણ આ યોજના અંતર્ગત મજબૂત કરવામાં આવશે.

# ટચુકડા સેશેલ્સ દેશ સાથેની સંધિ હિંદ મહાસાગર ભારતનું આધિપત્ય સાબિત કરી દેશે

**અબતક, રાજકોટ**

ભારતે તેના જૂના સાથી સેશેલ્સને મદદ માટે હાથ લંબાવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સેશેલ્સના રાષ્ટ્રપતિ પેટ્રિક હર્મિની વચ્ચેની બેઠક બાદ ભારતે ૧૭૫ મિલિયન ડોલર નાણાકીય સહાય કરવાની જાહેરાત કરી છે. આ નાણાંનો ઉપયોગ સેશેલ્સમાં ઘરો બનાવવા, રસ્તાઓ સુધારવા અને સુરક્ષા વધારવા માટે કરવામાં આવશે. આ બેઠકમાં બંને દેશો વચ્ચે અનેક મહત્વપૂર્ણ કરારો પણ થયા.

વાતચીત દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે ભારત અને સેશેલ્સ વચ્ચેનો સંબંધ ફક્ત સરકારો વચ્ચેનો નથી, પરંતુ હિંદ મહાસાગરના મોજા સદીઓથી આપણા લોકોને જોડે છે. આ વિશ્વાસને કારણે જ રાષ્ટ્રપતિ હર્મિનીએ સેશેલ્સની સ્વતંત્રતાના ૫૦ વર્ષ નિમિત્તે યોજાતા સમારોહમાં પીએમ મોદીને અતિથિ વિશેષ તરીકે આમંત્રણ આપ્યું છે. સેશેલ્સ માટે પર્યટન એ આવકનો મુખ્ય સ્ત્રોત છે અને ભારતમાંથી મુલાકાતીઓની સંખ્યા સતત વધી રહી છે, જે તેની નોંધપાત્ર આવકમાં ફાળો આપે છે. બંને નેતાઓએ દરિયાનું રક્ષણ કરવા અને એકબીજાને ટેકો આપવા માટે સાથે મળીને કામ કરવાનો નિર્ણય લીધો છે.

ભવિષ્ય તરફ જોતાં બંને દેશોએ નવી ટેકનોલોજી પર સાથે મળીને કામ (અનુ. આઠમા પાને)

### બંને નેતાઓએ દરિયાનું રક્ષણ કરવા અને એકબીજાને ટેકો આપવા માટે સાથે મળીને કામ કરવાનો નિર્ણય લીધો



### આલ્યા માલ્યા જમાલ્યાના દિવસો પૂરા

# રૂ.૪૦,૦૦૦ કરોડના કૌભાંડમાં ઈડી દ્વારા સીટની રચનાઃ ટીના અંબાણીને સમન્સ પાઠવ્યું



**અબતક, મુંબઈ**

સમય બળવાન છે, માણસ નહીં.'' એક સમયે કોર્પોરેટ જગતમાં અંબાણીઓના નામના સિક્કા પડતા હતા, આજે તેમની સામે 'SIT' તપાસ બેસી ગઈ છે. જાહેર જનતા કે બેંકોના નાણાં સાથે ખેલ કરનારા ''આલ્યા માલ્યા'' ના દિવસો હવે ખરેખર પૂરા થયા છે.

સુપ્રીમ કોર્ટના કડક વલણ બાદ હવે ઉદ્યોગપતિ અનિલ અંબાણીઅને ટીના અંબાણીની મુશ્કેલીઓમાં તોતિંગ વધારો થયો (અનુ. આઠમા પાને)

#### શા માટે ગાળિયો કસાયો?

**ગેરકાયદે રોકાણઃ** ન્યૂયોર્કના એપાર્ટમેન્ટના નાણાં દુબઈ સ્થિત એક એન્ટિટી દ્વારા પાકિસ્તાન સાથે જોડાયેલા વ્યક્તિ મારફતે ફેરવવામાં આવ્યા હોવાની આશંકા છે.

**ખોટી બેંક ગેરંટીઃ** રિલાયન્સ પાવર દ્વારા ખોટી બેંક ગેરંટી રજૂ કરવાના કેસમાં પણ SIT તપાસ કરશે.

**ધરપકડનો દોરઃ** અનિલ અંબાણીના નજીકના સાથી પુનિત ગર્ગની ધરપકડ બાદ હવે વધુ મોટા માથાઓ સામે કાર્યવાહીની શક્યતા છે.

# શંકાસ્પદ નાણાના વ્યવહારોને અટકાવી દેવા બેંકોને સુપ્રીમની તાકીદ

## બેંકો હાથ ઊંચા ન કરી શકે, શંકાસ્પદ મની ટ્રાન્સફર તાત્કાલિક બ્લોક કરવાની જવાબદારી બેંકોની જ રહેશેઃ સુપ્રીમ



**અબતક, નવી દિલ્હી**

દેશમાં વધી રહેલા ડિજિટલ ફ્રોડ અને સાઈબર ક્રાઈમના કેસો વચ્ચે સુપ્રીમ કોર્ટે એક મહત્વપૂર્ણ અને ગ્રાહક-લક્ષી ચુકાદો આપ્યો છે. કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે જ્યારે કોઈ ખાતામાંથી શંકાસ્પદ નાણાકીય વ્યવહાર થાય, ત્યારે તેને અટકાવવાની અને બ્લોક કરવાની પ્રાથમિક જવાબદારી બેંકોની છે. બેંકો માત્ર ટેકનિકલ કારણો આપીને પોતાની જવાબદારીમાંથી છટકી શકે નહીં.

કોર્ટની બેન્ચે વધુમાં અવલોકન કર્યું કે, સામાન્ય રીતે જ્યારે કોઈ ગ્રાહક સાથે ઓનલાઈન છેતરપિંડી થાય છે, ત્યારે બેંકો ગ્રાહકને પોલીસ ફરિયાદ કરવાનું કહીને હાથ ઊંચા કરી દે છે. પરંતુ, સુપ્રીમ કોર્ટના મતે, નાણાકીય સંસ્થાઓ પાસે એવી સિસ્ટમ હોવી જોઈએ કે જેના દ્વારા શંકાસ્પદ ટ્રાન્ઝેક્શનને રિયલ-ટાઈમમાં ઓળખી શકાય અને પૈસા ગઠિયાઓના હાથમાં પહોંચે તે પહેલાં જ અટકાવી શકાય. ગ્રાહકોના પૈસાની સુરક્ષા એ બેંકોની પ્રાથમિક ફરજ છે.

આધુનિક ટેકનોલોજીના ઉપયોગ અંગે કોર્ટે ટકોર કરતા કહ્યું કે, ડિજિટલ યુગમાં બેંકોએ તેમના (અનુ. આઠમા પાને)

### ચિંતા ના કરતા

# કોઈ દેશ ભારતને ક્રૂડ ન આપે તો પણ ૭૪ દિવસ ચાલે તેટલો સ્ટોક કાયમ રહેશે




**અબતક, નવી દિલ્હી**

વૈશ્વિક સ્તરે ભલે ગમે તેવી ભૌગોલિક કે રાજકીય અસ્થિરતા આવે, ભારતની ઉર્જા સુરક્ષા હવે પહેલા કરતા વધુ મજબૂત બની છે. કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ રાજ્યસભામાં એક પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે, ભારત પાસે હાલમાં એટલો તેલ ભંડાર ઉપલબ્ધ છે કે જો કોઈ મોટી વૈશ્વિક કટોકટી સર્જાય તો પણ દેશ ૭૪ દિવસ સુધી તેલની જરૂરિયાત પૂરી કરી શકે તેમ છે. મંત્રીએ સ્પષ્ટ કર્યું હતું કે આપણી ભૂગર્ભ ગુફાઓ, રિફાઈનરીઓમાં રહેલો સ્ટોક અને બંદરો પર ફ્લોટિંગ પ્લેટફોર્મ્સ પર રહેલા જથ્થાને મિલાવીને કુલ ૭૪ દિવસનો બેકઅપ આપણી પાસે તૈયાર છે

આંતરરાષ્ટ્રીય ઉર્જા એજન્સીના માપદંડ મુજબ ૯૦ દિવસનો સ્ટોક હોવો જરૂરી છે, જેની સરખામણીએ ભારત અત્યારે ખૂબ જ નજીક છે. હરદીપ સિંહ પુરીએ આત્મવિશ્વાસ સાથે કહ્યું કે, ''ભારત જેવી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા માટે સુરક્ષિત તેલ ભંડાર હોવો અત્યંત આવશ્યક છે જેથી કોઈ પણ વૈશ્વિક ઉથલપાથલની અસર સામાન્ય જનતા પર ન પડે. હાલના ૭૪ (અનુ. આઠમા પાને)


એકવાર શેઠ બ્રધર્સ ની ડીટોકસ ગ્રીન-ટી પીઓ બીજી બધી ગ્રીન-ટી ભુલી જશો.

સ્વાદ અને સ્વાસ્થ્યના સંગમ સમાન 'પ્રતિકાર' ડીટોક્ષ ગ્રીન-ટી




આદુ, હળદર, અશ્વગંધા, ગળો, સરગવાના પાન, કાળામરી, એલચી, તુલસી વિગેરેના ઔષધીય ગુણ યુકત સ્વાસ્થવર્ધક 'પ્રતિકાર' ડીટોક્ષ ગ્રીન-ટી ચહેરાની ત્વચામાં ચમક લાવવામાં, કોલેસ્ટ્રોલ તથા હૃદય માટે ગુણકારી છે. સીઝનલ શરદીમા રાહત આપે છે સવાર સાંજ નિયમીત સેવન વજન નિયંત્રીત કરવામાં મદદ રૂપ છે ટેસ્ટમાં તો એવી બેસ્ટ કે તેનો સ્વાદ દાઢે રહી જશે.

આ વર્ષની થીમ ''વિશ્વના કઠોળ: નમ્રતાથી શ્રેષ્ઠતા સુધી''

# નાનકડા દાણામાં ''પોષણ''નો ખજાનો: આજે વિશ્વ કઠોળ દિવસ

**કઠોળ વનસ્પતિ આધારિત પ્રોટીનનો ઉત્તમ સ્રોત છે, તે સ્નાયુઓના નિર્માણ, પેશીઓની પુન:પ્રાપ્તિ અને શરીરના યોગ્ય કાર્ય માટે જરૂરી છે: તેમાં ફાઈબર ભરપૂર માત્રામાં હોય છે, જે પાચનતંત્રને સ્વસ્થ રાખે છે: તે પેટને લાંબા સમય સુધી ભરેલું રાખે છે, જે વજન ઘટાડવામાં પણ મદદ કરે છે**

નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

કઠોળના મહત્વ વિશે જાગૃતિ લાવવા માટે દર વર્ષે ૧૦ ફેબ્રુઆરીએ વિશ્વ કઠોળ દિવસ ઉજવવામાં આવે છે. તે કઠોળના પોષણ મૂલ્ય, ખાદ્ય સુરક્ષા અને પર્યાવરણીય લાભો પર પણ ભાર મૂકે છે. સંયુકત રાષ્ટ્ર અનુસાર, આ દિવસ વૈવિધ્યકરણ માટે ટકાઉ વિકલ્પોની ભૂમિકાને પ્રકાશિત કરવાની તક પૂરી પાડે છે. કઠોળ, જેને સામાન્ય રીતે કઠોળ તરીકે ઓળખવામાં આવે છે, તે ખોરાક માટે ઉગાડવામાં આવતા કઠોળના છોડના ખાદ્ય બીજ છે. તેમજ વિવિધ પ્રકારોમાં, સૂકા કઠોળ, મસૂર અને વટાણા સૌથી વધુ લોકપ્રિય છે. તે ભૂમધ્ય સમુદ્રથી લઈને ભારતીય દાળ સુધીની વિવિધ વાનગીઓમાં એક સામાન્ય ઘટક છે.


કઠોળના આપણી શરીર તંદુરસ્તી માટે ઘણા ફાયદા છે. તે પ્રોટીનનો ખજાનો હોવાથી શાકાહારીઓ માટે સૌથી સારો પ્રોટીન સ્રોત અને સ્નાયુઓ બનાવવા અને મજબૂત કરવામાં મદદરૂપ થાય છે. હૃદય માટે ફાયદાકારક હોવાથી કોલેસ્ટ્રોલ ઘટાડે છે, હાર્ટ ડિસીઝનું જોખમ ઘટાડે છે, અને ફાઈબર અને પોટેશિયમ ભરપૂર હોવાથી બ્લડ પ્રેશર પણ કંટ્રોલમાં રાખે છે. વજન ઘટાડવામાં મદદરૂપની સાથે તેના આહારથી લાંબા સમય સુધી પેટ ભરેલું લાગે છે, તે ધીમે ધીમે પચે છે, તેથી બ્લડ સુગર અચાનક વધતી નથી.તે ઓછી કેલરી વાળા ખોરાકની સાથે વધુ પોષણ આપે છે.

તે પાચનતંત્ર સુધારે છે, ફાઈબર ભરપૂર હોવાથી કબજિયાત દૂર થાય છે, અને આંતરડાઓ સ્વસ્થ રહે છે. ડાયાબિટીઝ ને કાબૂમાં રાખે, બ્લડ સુગર સ્ટેબલ રાખીને ઈન્સ્યુલિન સેન્સિટિવિટી સુધારે છે

તેમાં આયર્ન અને વિટામિન હોવાથી ખાસ કરીને સગર્ભા સ્ત્રીઓ અને બાળકો માટે ખૂબ જરૂરી છે, કઠોળમાં ફોલેટ, આયર્ન, મેગ્નેશિયમ, ઝિંક વગેરે ભરપૂર હોય છે. કેલ્શિયમ અને મેગ્નેશિયમ હોવાથી હાડકાં સ્વસ્થ રહે છે.૨૦૧૬ને આંતરરાષ્ટ્રીય કઠોળ વર્ષ તરીકે માન્યતા આપવામાં આવી હતી.

ચણા કુદરતી રીતે દુષ્કાળ સહનશીલ હોય છે. આ સ્થિતિસ્થાપકતા ચણાને સૂકા અને શુષ્ક પ્રદેશોમાં ઉગાડવા દે છે, જ્યાં ઘણા અન્ય પ્રોટીન પાક સંઘર્ષ કરે છે. આ અનુકૂલનક્ષમતા એક કારણ છે કે તેઓ મધ્ય પૂર્વ, આફ્રિકા, દક્ષિણ એશિયા અને ભૂમધ્ય સમુદ્રના ભોજનમાં દેખાય છે.આપણે ખોરાકમાં મગ, તુવેર, ચણા, મઠ, રાજમાં વિગેરે લઈએ છીએ, આજકાલ તો યુવા વર્ગ પણ ફણગાવેલા કઠોળ ખાવા લાગ્યો છે. ઘણાને ગેસની સમસ્યા થઈ શકે છે, તો ધીમે ધીમે જથ્થો વધારવો

અને સારી રીતે પલાળીને, શેકીને કે બાફીને ખાવાનું રાખવું હિતાવહ છે. મગ પચવામાં સહેલાંની સાથે સ્કિન માટે ખુબજ સારા ગણાય છે. રાજમા એન્ટીઑક્સિડન્ટ્સ હોવાથી શરીર તંદુરસ્તી માટે ખુબ ફાયદાકારક હોય છે.સયુક્ત રાષ્ટ્રના ખાદ્ય અને કૃષિ સંગઠન (FAO) ના નેતૃત્વમાં, કઠોળના પોષક અને પર્યાવરણીય ફાયદાઓ વિશે લોકોને જાગૃત કરવાના ઉદ્દેશ્યથી આજના દિવસે વૈશ્વિક સ્તરે ઉજવણી થાય છે. વિશ્વ કઠોળ દિવસ આપણને યાદ અપાવે છે કે કઠોળ માત્ર ખોરાક નથી, પરંતુ આરોગ્ય અને પર્યાવરણ માટે એક અમૂલ્ય ભેટ છે. ચણા, મગ, તુવેર, રાજમા જેવા કઠોળ પ્રોટીન, ફાઈબર અને જરૂરી પોષક તત્ત્વોથી ભરપૂર હોય છે, જે માનવ શરીરને તંદુરસ્ત રાખવામાં મદદ કરે છે. કઠોળ જમીનમાં નાઈટ્રોજન વધારવામાં સહાય કરે છે, જેથી ખેતી વધુ ટકાઉ બને છે અને પર્યાવરણને પણ લાભ મળે છે. કઠોળ વિશ્વભરના લાખો લોકો માટે સસ્તું અને પૌષ્ટિક આહાર પૂરું પાડે છે. ગરીબી અને ભૂખ સામે લડવામાં કઠોળ એક શક્તિશાળી હથિયાર છે, કારણ કે તે સરળતાથી ઉપલબ્ધ છે અને લાંબા સમય સુધી સાચવી શકાય છે. વિશ્વ કઠોળ દિવસ આપણને પ્રેરણા આપે છે કે આપણે આપણા આહારમાં કઠોળનો સમાવેશ કરીએ અને આરોગ્ય, પર્યાવરણ તથા સમાજ માટે એક સકારાત્મક યોગદાન આપીએ. ગુજરાતમાં કઠોળના ઉત્પાદનમાં નોંધપાત્ર વિકાસ, ખેડૂતોની આવક અને જીવનધોરણમાં આવ્યો સુધારો જોવા મળ્યો છે. પોષણ, ટકાઉ કૃષિ અને પર્યાવરણીય સંરક્ષણ માટે કઠોળના મહત્વને ઓળખવા માટે સમર્પિત એક વૈશ્વિક ઉજવણી છે આ દિવસ ખાદ્ય સુરક્ષા, સ્વસ્થ આહાર, જમીનની ફળદ્રુપતા અને આબોહવા સ્થિતિસ્થાપકતામાં કઠોળ કેવી રીતે ફાળો આપે છે તે દર્શાવે છે. સંયુક્ત રાષ્ટ્રના ટકાઉ વિકાસ ૨૦૩૦ એજન્ડાને પ્રાપ્ત કરવામાં તેમની ભૂમિકાને પ્રોત્સાહન મળે છે.




પોષણ અને સ્વસ્થ આહારને પ્રોત્સાહન આપો સાથે ટકાઉ ખાદ્ય પ્રણાલીઓને પ્રોત્સાહન આપવું જોઈએ. ખેડૂતો અને ગ્રામીણ આજીવિકાને ટેકો આપવાથી ભૂખ અને કુપોષણમાં ઘટાડો થશે. માટીના સ્વાસ્થ્ય અને જૈવ વિવિધતામાં સુધારો કઠોળને લોકો માટી અને ગ્રહ માટે ખોરાક તરીકે મહત્વના ગણે છે.વિશ્વ કઠોળ દિવસની આ વર્ષેની ઉજવણી થીમ ''વિશ્વના કઠોળ: નમ્રતાથી શ્રેષ્ઠતા સુધી'' છે. આ થીમ કઠોળની નોંધપાત્ર સફરને પ્રકાશિત કરે છે. સામાન્ય, પરંપરાગત પાકોથી લઈને વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત સુપરફૂડ્સ સુધી જે પોષણ, ટકાઉપણું અને ખાદ્ય સુરક્ષાને ટેકો આપે છે, તેની ઉપર ભાર મૂકે છે કે કેવી રીતે સરળ, પોષક તત્વોથી ભરપૂર બીજ જેમ કે મસૂર, ચણા, કઠોળ અને વટાણા સમગ્ર વિશ્વમાં આધુનિક, ટકાઉ આહારના આવશ્યક ઘટકોમાં વિકસિત થયા છે. એક સમયે મૂળભૂત ખોરાક માનવામાં આવતા હતા, હવે રાંધણ નવીનતા, સ્વસ્થ આહાર અને આબોહવા-સ્માર્ટ કૃષિમાં કેવી રીતે કેન્દ્રિય ભૂમિકા ભજવે છે.



સમુદાયો અને સરકારોને માનવ સ્વાસ્થ્ય અને ગ્રહોના સ્વાસ્થ્ય બંનેનું રક્ષણ કરવા માટે કઠોળનું ઉત્પાદન અને વપરાશ વધારવા માટે પ્રોત્સાહિત કરે છે. કઠોળ પ્રોટીન, ફાઈબર, વિટામિન અને ખનિજોથી ભરપૂર હોય છે અને વિશ્વભરના આહારનો આવશ્યક ભાગ છે. કઠોળ એ કઠોળના સૂકા બીજ છે જેનો ઉપયોગ ખોરાક તરીકે થાય છે, જેમ કે દાળ, કઠોળ, ચણા અને વટાણા. આ ખોરાક સસ્તા, પૌષ્ટિક અને વિવિધ સંસ્કૃતિઓમાં વ્યાપકપણે ઉપયોગમાં લેવાય છે. વૈશ્વિક સ્તરે વપરાતા મુખ્ય પ્રકારના કઠોળમાં મસૂર, ચણા, સૂકા કઠોળ, સૂકા વટાણા અને લ્યુપિન. દરેક કઠોળનો પ્રકાર માનવ સ્વાસ્થ્ય અને ટકાઉ ખેતી બંનેને ટેકો આપે છે. કઠોળને પોષક તત્વોથી ભરપૂર ખોરાક માનવામાં આવે છે અને તે અનેક સ્વાસ્થ્ય લાભો આપે છે. કઠોળને બાળકો, વિદ્યાર્થીઓ, પુખ્ત વયના લોકો અને વૃદ્ધો માટે પૌષ્ટિક આહાર ગણાય છે. તેના પર્યાવરણીય ફાયદામાં તે ટકાઉ ખેતીમાં કઠોળ મુખ્ય ભૂમિકા ભજવે છે. ભારત કઠોળના સૌથી મોટા ઉત્પાદકો અને ગ્રાહકોમાંના એક છે. વૈશ્વિક કઠોળના વાવેતરમાં મુખ્ય ફાળો આપણો છે. રાજ્યોમાં ઉગાડવામાં આવતી વિવિધ કઠોળની જાતોનું ઘર આપણો દેશ છે. ભારતીય ખેડૂતોને ઉત્પાદકતા અને આવક સુધારવા માટે પાક પરિભ્રમણ અને કઠોળ સાથે આંતરપાક અપનાવવા પ્રોત્સાહિત કરે છે. કઠોળ યુગોથી અસ્તિત્વમાં છે, તે લગભગ આખી દુનિયામાં ઉગે છે , ઘણું બધું આપે છે અને ખૂબ ઓછું માંગે છે, કઠોળ આપણને ઘણા ફાયદા પૂરા પાડે છે. કઠોળ લાંબા સમય સુધી સંગ્રહિત રહે છે, બહુવિધ પાક પ્રણાલીઓમાં કઠોળ કૃષિ જૈવવિવિધતા, આબોહવા પરિવર્તન સ્થિતિસ્થાપકતા અને ઈકોસિસ્ટમ સેવાઓમાં વધારો કરે છે. કઠોળ વાતાવરણીય નાઈટ્રોજનને જમીનમાં સ્થિર કરે છે, જે જમીનની જૈવવિવિધતા અને ફળદ્રુપતામાં સુધારો કરવામાં ફાળો આપે છે. મેદસ્વિતા સામે લડતમાં કઠોળ મહત્વની ભૂમિકા ભજવે છે,સ્વસ્થ જીવનનો મજબૂત આધાર સાથે પોષણનું પાવર હાઉસ કહેવાય છે.

**કઠોળ હૃદય માટે ફાયદાકારક હોવાથી હાર્ટ ડિસીઝનું જોખમ ઘટાડે અને કોલેસ્ટ્રોલ પણ ઘટાડે છે: તેમાં ફાઈબર અને પોટેશિયમ ભરપૂર હોવાથી બ્લડ પ્રેશર પણ કંટ્રોલમાં રાખે છે: ધીમે ધીમે પચે છે, તેથી બ્લડ સુગર અચાનક વધતું નથી, તે ઓછી કેલરી સાથે વધુ પોષણ આપે છે**

# એટીએસ માત્ર હથિયારધારી દળ નહીં ગુજરાતીઓની સુરક્ષા-વિશ્વાસનું કેન્દ્ર: હર્ષ સંઘવી

## એટીએસનું નવું બિલ્ડિંગ અને પોલીસ આવાસ યોજનાઓથી સુરક્ષાકર્મીઓની કાર્યક્ષમતામાં થશે વધારો

**અબતક, રાજકોટ**

ગુજરાત રાજ્યની સુરક્ષા વ્યવસ્થાને વધુ સુદ્રઢ અને આધુનિક બનાવવાના સંકલ્પ સાથે નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના વરદ હસ્તે અમદાવાદમાં વિવિધ પોલીસ પ્રકલ્પોના ઈ-ખાતમુહૂર્તનો કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં અંદાજે ૨૦૨.૮૫ કરોડ રૂપિયાના ખર્ચે સાકાર થનારા વિવિધ મહત્વના પ્રકલ્પોનું વર્ચ્યુઅલ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદના છારોડી ખાતે ૪૭.૯૮ કરોડના ખર્ચે નિર્માણ પામનાર અત્યાધુનિક એટીએસ બિલ્ડિંગ, બોડકદેવ ખાતે ૩૩.૪૯ કરોડના ખર્ચે બનનાર અર્બન પોલીસ સ્ટેશન, અમરાઈવાડી પોલીસ લાઈન ખાતે ૭૪.૬૨ કરોડના ખર્ચે પોલીસ આવાસ અને પીએસઆઈ ક્વાર્ટર્સ, કાગડાપીઠ ખાતે ૩૯.૬૮ કરોડના ખર્ચે પોલીસ આવાસ તેમજ સૈજપુર બોઘા ખાતે ૫.૭૪ કરોડના ખર્ચે ડોગ કેનાલ તથા ટ્રેનિંગ ઓફિસ અને ૧.૩૪ કરોડના ખર્ચે એસઆરપી ગ્રુપ-૨ ના બંગલાના કામોનો સમાવેશ થાય છે. આ તમામ પ્રકલ્પો સુવિધા સભર હશે જે પોલીસ પરિવારના જીવનધોરણમાં સુધારો લાવશે અને તેમની કાર્યક્ષમતામાં વધારો કરશે.

નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ એટીએસ અને અમદાવાદ શહેર પોલીસના વિવિધ પ્રકલ્પોના ખાતમુહૂર્ત પ્રસંગે સંબોધન કરતા જણાવ્યું હતું કે, આજે અમદાવાદ પોલીસ અને એટીએસ માટે સોનેરી દિવસ છે, કારણ કે એક જ દિવસમાં ૨૦૨.૮૫ કરોડ રૂપિયાના ખર્ચે સુરક્ષા અને આવાસના પ્રકલ્પો સાકાર થવા જઈ રહ્યા છે. ગુજરાત એટીએસ આજે સાડા છ કરોડ ગુજરાતીઓના અતૂટ વિશ્વાસનું કેન્દ્ર છે. એટીએસ માત્ર આતંકી હુમલા સમયે જાગતી ફોર્સ નથી, પરંતુ ૩૬૫ દિવસ ૨૪ કલાક રાજ્યનો પ્રત્યેક નાગરિક સુરક્ષિત રહે અને દુશ્મનો આંખ પણ ન ઉઠાવી શકે તે માટે નિરંતર કામ કરતી એક 'સાયલન્ટ ફોર્સ' છે.

તેમણે એટીએસની કામગીરીના વિવિધ પાસાઓ પર ભાર મૂકતા જણાવ્યું કે, આપણી એટીએસ ટીમે આતંકવાદ વિરુદ્ધની લડાઈમાં દેશમાં સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે. માત્ર ગુજરાત જ નહીં, પણ અન્ય રાજ્યોમાં થયેલા હુમલાઓના આરોપીઓને પકડવામાં પણ મહત્વની ભૂમિકા ભજવી છે. ઓનલાઈન માધ્યમોથી યુવાનોને કટ્ટરપંથી બનાવતા 'ટેરર મોડ્યુલ્સ'નો પર્દાફાશ કરવામાં એટીએસને મળેલી સફળતા રાજ્યના ભવિષ્યને સુરક્ષિત રાખવા માટે અનિવાર્ય છે. પંજાબની જેલમાંથી ચાલતા નેટવર્કને તોડવું હોય કે બંગાળ, મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશ જેવા ૧૪થી વધુ રાજ્યોમાં ડ્રગ્સની ફેક્ટરીઓ પર દરોડા પાડવાના હોય, એટીએસના જવાનોએ મહિનાઓ સુધી ઘર-પરિવારનો ત્યાગ કરીને આ



ઓપરેશન્સ સફળ બનાવ્યા છે

દરિયાઈ સુરક્ષા અંગે વાત કરતા નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ૧૬૦૦ કિમીની દરિયાઈ સીમા પર તેજ લહેરો વચ્ચે પાકિસ્તાની ઘૂસણખોરો અને ડ્રગ્સ માફિયાઓની રાહ જોઈને બેસવું એ કોઈ નાની વાત નથી. ૭૫થી વધુ પાકિસ્તાનીઓને સીમા પર જ દબોચી લેવાનું કામ આપણા જવાનોએ કર્યું છે. રાજ્ય સરકાર એટીએસને માત્ર ટેકનિકલ રીતે જ નહીં પણ બજેટરી સહાયથી પણ વધુ સ્ટ્રોંગ બનાવવા કટિબદ્ધ છે. નવું નિર્માણ પામનાર ભવન માત્ર એક ઈમારત નથી, પણ તે વિશ્વસ્તરીય ટેકનિકલ સુવિધાઓથી સજ્જ એક એવું કેન્દ્ર બનશે, જે ગુજરાતની સુરક્ષાને આગામી અનેક વર્ષો સુધી અભેદ્ય રાખશે. દેશ વિરુદ્ધ ષડયંત્ર રચનારાઓને જડબાતોડ જવાબ આપવા માટે આ વ્યવસ્થા ઊભી કરવામાં આવી રહી છે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, પોલીસ પરિવારની સુખાકારી માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના નેતૃત્વમાં પોલીસ આવાસ નિગમ દ્વારા મકાનોની ઘટ પૂર્ણ કરવાના ધ્યેય સાથે ઝડપથી કામગીરી કરવામાં આવી રહી છે, જેથી પોલીસ જવાનો તણાવમુક્ત થઈ પોતાની ફરજ બજાવી શકે. અદ્યતન ટેકનોલોજી અને આધુનિક સંસાધનો સાથે ગુજરાત પોલીસ રાષ્ટ્રની સુરક્ષામાં પોતાનું અમૂલ્ય યોગદાન આપી રહી છે. આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા રાજ્ય પોલીસ વડા (DGP) કે.એલ.એન. રાવે જણાવ્યું હતું કે,* સમાજ અને નાગરિકોની સુરક્ષા રાજ્ય પોલીસની પ્રાથમિકતા છે. પોલીસ વેલ્ફેર અને લોકસેવા ક્ષેત્રે મજબૂતી આપનારા વિવિધ પ્રકલ્પોના ખાતમુહૂર્ત પ્રસંગે આપણે સૌ એક ઐતિહાસિક ક્ષણના સાક્ષી બન્યા છીએ.

રાજ્યની સુરક્ષા માટે સ્થપાયેલ ATS (Anti-Terrorist Squad) એક વિશિષ્ટ દળ તરીકે સતત ઉત્તરોત્તર પ્રગતિ કરી રહ્યું છે. દેશમાં આતંકવાદી પ્રવૃત્તિઓ જે રીતે ગંભીર પડકાર બની રહી છે, ત્યારે રાજ્ય સરકાર દ્વારા એટીએસને અત્યાધુનિક વેપનરી, આધુનિક તાલીમ અને માનવબળથી સતત સજ્જ કરવામાં આવ્યું છે. સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG)ની રચના દ્વારા આ સંગઠનને વધુ મજબૂતી મળી છે. આજે નાયબ મુખ્યમંત્રીના હસ્તે એટીએસના નવા અદ્યતન ભવનનું ખાતમુહૂર્ત એ સુરક્ષા ક્ષેત્રે એક નવો અધ્યાય છે એમ તેમણે જણાવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત પોલીસના આધુનિક હથિયારો અને મરીન કમાન્ડો ફોર્સના અત્યાધુનિક સંસાધનોનું એક ભવ્ય પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું, જેણે ઉપસ્થિત સૌનું ધ્યાન ખેંચ્યું હતું. સૌ મહાનુભાવોએ ખાતમુહૂર્ત બાદ પ્રદર્શનની મુલાકાત લીધી હતી અને પ્રદર્શનમાં મૂકાયેલા આધુનિક શસ્ત્રો નિહાળી પોલીસ દળની સજ્જતાની સરાહના કરી હતી.

કાર્યક્રમ દરમિયાન ATSની કામગીરી અને સિદ્ધિઓ દર્શાવતી એક વિશેષ શોર્ટ ફિલ્મનું પણ નિદર્શન કરવામાં આવ્યું હતું. વિવિધ પ્રકલ્પોના ઈ-ખાતમુહૂર્ત પ્રસંગે શહેરી વિકાસ રાજ્યમંત્રી દર્શનાબેન વાઘેલા, અમદાવાદના મેયર પ્રતિભાબહેન જૈન, અમદાવાદ અને ગાંધીનગરના ધારાસભ્યઓ, અમદાવાદ પોલીસ કમિશનર જી.એસ. મલિક તથા પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ, વિવિધ ફોર્સિસના પ્રતિનિધિઓ, અમદાવાદના ડેપ્યુટી મેયર જતીનભાઈ પટેલ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગભાઈ દાણી અને અન્ય મહાનુભાવો તથા પોલીસ પરિવારોના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## આવતીકાલનું રાશિફળ

**તા.૧૧.૨.૨૦૨૬, બુધવાર, સંવંત ૨૦૮૨, મહા વદ નોમ, અનુરાધા નક્ષત્ર, વ્યાઘાત યોગ, ગર કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ વૃશ્ચિક (ન,ય) રહેશે**

**મેષ (અ,લ,ઈ) :** અંગત જીવનમાં સારું રહે,મનોમંથન કરી શકો.વિચારોમાં પરિવર્તન જણાય ,શુભ દિન.

**વૃષભ (બ,વ,ઉ) :** વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે, વિવાહિતને દામ્પત્યજીવનમાં સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો.

**મિથુન (ક,છ,ઘ) :** ભાગીદારીમાં સારું રહે, જાહેરજીવનમાં આગળ વધી શકો અને તમારું પ્રભુત્વ દર્શાવી શકો, દિવસ શુભ રહે.

**કર્ક (ડ,હ) :** વિદ્યાર્થીવર્ગને અભ્યાસમાં સારું રહે, વિદેશ જવા ઈચ્છતા મિત્રો માટે સારું, સંતાન અંગે સારું રહે, યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લઈ શકો.

**સિંહ (મ,ટ) :** નવી વસ્તુની ખરીદી થાય, સુખ સગવડ પ્રાપ્ત થાય, અન્ય મિત્રોને મદદરૂપ બની શકો, દિવસ સંતોષજનક રહે.

**કન્યા (પ,ઠ,ણ) :** ગણતરી પૂર્વક આગળ વધશો તો લાભ થશે, સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.

**તુલા (ર,ત) :** આર્થિક બાબતો માં મધ્યમ રહે,આવક જાવક સમજીને કરવા, મનમાં સંતોષ અને રાજીપો રહે, શુભ દિન.

**વૃશ્ચિક (ન,ય) :** તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, નવી પ્રતિભા કેળવી શકો, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** કોઈ બાબતમાં વધુ દલીલ થી દૂર રહેવું, વાદ-વિવાદથી દૂર રહેવું,અંગત મિત્રો સાથે મતભેદ નિવારવા પડે.

**મકર (ખ,જ) :** આકસ્મિત લાભ થાય, મુશ્કેલીમાં આશાનું કિરણ દેખાય, મુસાફરીના યોગ બની રહ્યા છે, દોડધામ રહે.

**કુંભ (ગ,સ,શ) :** વેપારીવર્ગને લાભ થાય, સ્ત્રીવર્ગને મધ્યમ રહે, નોકરિયાતવર્ગને સારું રહે, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**મીન (દ,ચ,ઝ,થ) :** નસીબ સાથ આપતું જણાય, નવીન તક હાથમાં આવે પરંતુ તેને કાર્યમાં રૂપાંતરિત કરવા મહેનત કરવી જરૂરી બને છે.

## શું શ્વાન પોતાના માલિક પર આવેલી ઘાત લઈ લે છે?

મારા વર્ષોના જ્યોતિષીય અને આકાશિક રેકોર્ડના અનુભવમાં મેં જોયું છે કે શ્વાન પાસે ઘણી અલૌકિક શક્તિઓ હોય છે તે આત્માને જોઈ શકે છે અને પોતે જે ઘરમાં રહેતો હોય ત્યાં નકારાત્મક ઉર્જા હોય તો તે ઓળખી જાય છે અને તેના માલિકને આ નકારાત્મક ઉર્જાથી બચાવવા પ્રયત્ન કરે છે વળી જ્યારે માલિક પર ઘાત આવે છે તો તે ઘાત તે લઈ અને પોતાનું જીવન પૂર્ણ પણ કરી નાખે છે! મારે સેંકડો અનુભવમાં મેં આકાશિક રેકોર્ડમાં આ વસ્તુ પ્રતિપાદિત કરી છે અને જે તે વ્યક્તિએ તેની વાતમાં તે કન્ફર્મ પણ કર્યું છે!! શ્વાન યોનિમાં ઘણી શક્તિઓ રહેલી છે અને તે રહસ્યમય વસ્તુઓ ગુપ્ત વસ્તુઓ શોધી શકે છે તેના માં કેતુનો વાસ છે જે દરેક બાબતને અગાઉ થી જોઈ શકે છે ભૈરવનું વાહન છે અને ઘણી ગૂઢ બાબતો તેનામાં છુપાયેલી છે. આપણે જાણીએ છીએ કે શ્વાન વફાદાર પ્રાણી છે અને તેના માલિક માટે જીવ પણ આપી દે છે અને માટે જ રાજા યુધિષ્ઠિર સ્વર્ગના દરવાજે હતા ત્યારે સાથે આવેલા શ્વાનને ત્યાં જ છોડી દેવાનો તેમને ઈન્કાર કરેલો એ જ રીતે આપણા જીવનમાં આવતા આ પ્રાણીની લાગણીને ઓળખવાની જરૂર છે અને તેના માટે આપણે પણ કૃતજ્ઞતા વ્યક્ત કરવી જોઈએ અને તેને આપેલા બલિદાન પછી તેની યાદ અને તેના માટે ધર્મકાર્યથી તેનો મોક્ષ થાય તે પ્રાર્થના પણ કરવી જોઈએ.



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૦-૦૨-૨૦૨૬ મંગળવાર**

૧૨:૦૦ થી ૦૨:૧૦ ગુજરાતી મુવી (ઉડન છુ)
૦૨:૧૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (કાજુ બટર મસાલા)+(ખોયા કાજુ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.દેવાંગી ઓઝા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (જૂઠું બોલો જલસા કરો)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૧-૦૨-૨૦૨૬ બુધવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા (પૂ.ગીરીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા. ૧૧-૨ -૨૦૨૬ બુધવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** મહા વદ નોમ મહાશિવરાત્રી મેળાનોપ્રારંભ જૂનાગઢ વિછુડો
**નક્ષત્ર** અનુરાધા
**યોગ** વ્યાઘાત **કરણ:** ગર
**સુર્યોદય** ૭.૨૧ **સુર્યાસ્ત:** ૬.૪૧
**ચંદ્ર રાશી** વૃશ્ચિક
**રાશિ અક્ષર** ન.ય
**દિશાશૂળ** ઉત્તર દશા તરફ
**રાહુકાળ** બપોરે ૧૨ થી ૧.૩૦
**દિવસનાચોઘડીયા** લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ
**રાત્રીનાચોઘડીયા** ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૯ થી ૧.૨૪

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૫૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | | | | | | ૧ | | ૨ |
| | ૭ | | | | ૪ | ૯ | | |
| | ૬ | ૧ | | ૨ | | ૮ | ૪ | |
| | ૯ | | ૫ | | | | | |
| | | | | ૪ | ૧ | | | ૬ |
| | ૫ | | | | ૭ | ૪ | | ૧ |
| ૨ | | | ૬ | | | | | |
| | | | | ૫ | ૨ | | | |
| | | | ૧ | ૭ | ૯ | | | |


આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૫૫ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૧ | ૭ | ૬ | ૫ | ૨ | ૮ | ૩ | ૪ |
| ૬ | ૨ | ૩ | ૮ | ૪ | ૭ | ૫ | ૯ | ૧ |
| ૮ | ૫ | ૪ | ૧ | ૩ | ૯ | ૬ | ૭ | ૨ |
| ૪ | ૯ | ૮ | ૩ | ૭ | ૫ | ૧ | ૨ | ૬ |
| ૭ | ૬ | ૨ | ૯ | ૧ | ૮ | ૪ | ૫ | ૩ |
| ૧ | ૩ | ૫ | ૪ | ૨ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૨ | ૮ | ૧ | ૭ | ૯ | ૪ | ૩ | ૬ | ૫ |
| ૫ | ૪ | ૬ | ૨ | ૮ | ૩ | ૯ | ૧ | ૭ |
| ૩ | ૭ | ૯ | ૫ | ૬ | ૧ | ૨ | ૪ | ૮ |

# અખંડ ભારતના સપનાને સાકાર કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું: પૂ. મોરારિબાપુ

## દ્વારકામાં ચાલી રહેલી રામકથાના દરમિયાન પ્રખ્યાત રામકથાકાર પૂ. મોરારિબાપુએ અમેરિકાએ જાહેર કરેલા નવા નકશાને મોરારી બાપૂએ આવકાર્યો



**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

દ્વારકામાં હાલ ચાલી રહેલી રામકથાના દરમિયાન પ્રખ્યાત રામકથાકાર પૂ. મોરારી બાપૂએ અમેરિકાએ તાજેતરમાં જાહેર કરેલા ભારતના નવા નકશાને આવકારતા મહત્વપૂર્ણ નિવેદન આપ્યું હતું. બાપૂએ જણાવ્યું હતું કે, અખ માધ્યમથી જાણમાં આવ્યું છે કે અમેરિકાએ તેના નકશામાં પાડોશી દેશના કબ્જામાં રહેલા પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (પી.ઓ.કે.) તેમજ અકસાઈ ચીનના વિસ્તારોને ભારતના અભિન્ન ભાગ તરીકે દર્શાવ્યા છે. વ્યાસપીઠ પરથી આ નિર્ણયનું સ્વાગત કરતા મોરારી બાપૂએ કહ્યું હતું કે, અખંડ ભારતના સ્વપનને સાકાર કરવાની દિશામાં



આ નકશો એક સકારાત્મક પગલું છે. બાપૂના આ વચનને સાંભળતાં જ કથા શ્રવણ કરવા આવેલા શ્રોતાઓએ તાળીઓના ગડગડાટથી સમર્થન વ્યક્ત કર્યું હતું., ઈશ્વરિયા, સોમવાર તા. ૯-૨-૨૦૨૬ના રોજ દ્વારકામાં ચાલી રહેલી રામકથા માનસ કૃષ્ણ અવતારના પાંચમા દિવસે મોરારી બાપૂએ કૃષ્ણ ચરિત્ર અને કૃષ્ણ તત્વ પર વિશદ ચિંતન રજૂ કર્યું હતું. ઉપનિષદોના સંદર્ભ સાથે તેમણે જણાવ્યું હતું કે અન્ન, મન, પ્રાણ, વિજ્ઞાન અને આનંદ - આ પાંચેય તત્વો બ્રહ્મ સ્વરૂપ છે અને એ જ કૃષ્ણમાં સમાયેલ છે. ''બ્રહ્મ ખોવાયો નથી, પરંતુ આપણે તેને ભૂલી ગયા છીએ,'' એમ તેમણે ભાવસભર રીતે જણાવ્યું.

કથામાં ચોપાઈ અન્ન, મન, પ્રાણ હિ હરન મહા મહિભારાને કેન્દ્રમાં રાખી બાપૂએ રામકથાને ચતુશ્રોકી ગણાવી, જેમાં ચોપાઈ, દોહા, સોરઠા અને છંદનો સમાવેશ થાય છે તે સમજાવ્યું. સાથે જ રામકથા અને ભાગવતના ચાર મુખ્ય સંવાદો - મહાદેવ-પાર્વતી, યાજ્ઞવલ્કય-ભરદ્વાજ, કાગભૂષંડી-ગરુડ અને તુલસીદાસજી-સ્વયંભૂ મન - વિશે પણ વિગતવાર ઉલ્લેખ કર્યો.

વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિમાં સંવાદના અભાવ અંગે ચિંતા વ્યક્ત કરતાં મોરારી બાપૂએ દુર્વાદ, વિવાદ અને અપવાદથી દૂર રહી સંવાદને પ્રાથમિકતા આપવાનો સંદેશ આપ્યો. આદ્ય જગતગુરુ શંકરાચાર્યજીના સ્મરણ સાથે સનાતન પરંપરાની વિશાળતા સમજાવતા તેમણે જણાવ્યું કે જગતમંદિર, વિશ્વનાથ, જગન્નાથ અને અંબા જેવા નામો ભારતની વૈશ્વિક અને સર્વસમાવેશક ભાવનાને પ્રગટ કરે છે.

તીર્થસ્થાન દ્વારકામાં યોજાયેલી આજની કથામાં કૃષ્ણ લોકગીતો સાથે ભાવિકોને તાલ અને ભક્તિરસમાં ન્હાવ્યા હતા. આ કથા શ્રવણમાં સનાતન આશ્રમના કેશવાનંદજી મહારાજ, વીરપુરના જયસુખરામબાપા, જાણીતા કથાકાર જીજ્ઞેશદાદા સહિત અનેક ધાર્મિક અને સામાજિક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.


# કચ્છના ૨૮૧ ગામોના ૯૧૦ તળાવોમાં જળસંચયમાં થશે વૃધ્ધી

## કલેક્ટર આનંદ પટેલના વિઝન હેઠળ કચ્છના ૧૦ તાલુકાઓમાં ૯૧૦ તળાવની અંદાજે ૫૬૦૦ એકરથી વધુ જમીનને નીમ કરવાની કામગીરી પૂર્ણ

**અબતક, રાજકોટ**

કચ્છ કલેક્ટર આનંદ પટેલની આગેવાનીમાં ત્રણ મહિના પહેલા કચ્છના મહેસૂલ વિભાગ દ્વારા શરૂ કરવામાં આવી હતી. કલેક્ટર આનંદ પટેલના માર્ગદર્શનમાં મહેસૂલી તંત્ર દ્વારા નીમ ન થયેલા તળાવો અને વોટરબોડીની ઓળખ કરીને તેને નીમ કરવાની પ્રક્રિયા ઝુંબેશરૂપે શરૂ કરવામાં આવી. ગુજરાતમાં સૌપ્રથમ વખત કચ્છના ૨૮૧ ગામના કુલ ૯૧૦ તળાવોને રેવન્યૂ રેકર્ડ પર લાવી બ્યુટીફિકેશન, જળસંચય અને સંરક્ષણ માટે કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. આ ઝુંબેશમાં તળાવો અને વોટરબોડીને સત્તાવાર દરજ્જો આપતા પહેલા તેના ક્ષેત્રફળની માપણીનો અભિગમ અનુસરવામાં આવ્યો. જેથી ભવિષ્યમાં તળાવોના ક્ષેત્રફળને લઈને કોઈ જ વાદવિવાદ ઉપસ્થિત ન થાય અને સત્તાવાર દરજ્જા બાદ તળાવ સંરક્ષણ અને સંવર્ધનના કામોનું સુચારૂરૂપે અમલીકરણ કરી શકાય.કચ્છ જિલ્લા કલેક્ટર આનંદ પટેલે સંબંધિત પ્રાંત અધિકારીઓ, મામલતદારઓ, લેન્ડ રેકર્ડ ઓફિસર્સ સાથે બેઠક યોજીને તળાવની જમીનોના સંરક્ષણ, સંવર્ધન અને બ્યૂટીફિકેશન માટે 'તળાવ નીમ' કરવાનું અભિયાન ઝુંબેશરૂપે શરૂ કર્યું. મજબૂત રેકર્ડ નિભાવણી થઈ શકે અને ભવિષ્યમાં તળાવોના ક્ષેત્રફળને લઈને કોઈ જ વાદવિવાદ ન થાય તે માટે કચ્છ કલેક્ટર આનંદ પટેલની સૂચનાનુસાર વૈજ્ઞાનિક માપણીમાં ડીઆઈએલઆરને સાથે રાખીને પ્રાથમિકતા આપવામાં આવી. જમીનની માપણી બાદ તળાવ નીમના આખરી હુકમો કરવામાં આવ્યા, જેથી ભવિષ્યમાં માપણી અંગે કોઈ વિવાદ ન રહે. ડીઆઈએલઆર કચેરી દ્વારા આધુનિક માપણી પ્રક્રિયા કરવામાં આવી હોય આગામી વર્ષોમાં તળાવોના નિયત ક્ષેત્રફળમાં દબાણો, ગેરકાયદેસર કબજો વગેરે પ્રવૃત્તિઓ અટકશે. ઉલ્લેખનીય છે કે, ભુજ શહેરમાં ૨૧ જેટલા તળાવોને નીમ કરવાના હુકમ કચ્છ કલેક્ટર દ્વારા કરવામાં આવ્યા છે અને આ તળાવોને સંબંધિત ઓથોરિટી સોંપવાની પ્રક્રિયા પૂર્ણ કરાઈ છે.કચ્છના તમામ ૧૦ તાલુકામાં અંદાજિત ૫૬૯૧ એકર જમીન તળાવ માટે નીમ કરાઈ છે.

કચ્છ કલેક્ટરના દિશાદર્શનમાં કચ્છ જિલ્લાના તમામ ૧૦ તાલુકામાં તળાવ નીમ કરવાનું અભિયાન શરૂ કરાયું હતું. જેમાં ભુજમાં ૩૧૩, મુન્દ્રામાં ૨૫, માંડવીમાં ૩૮, નખત્રાણામાં ૧૬૩, અબડાસામાં ૮૭, અંજારમાં ૧૩૨, ભચાઉમાં ૭૮, રાપરમાં ૧૮, લખપતમાં ૪૫ અને ગાંધીધામમાં ૧૧ એમ કુલ ૯૧૦ તળાવો નીમ કરાયા છે. કચ્છના ૨૮૧ ગામમાં કુલ ૯૧૦ તળાવો માટે અંદાજિત ૫૬૯૧ એકર જમીન નીમ કરાઈ છે. જે જમીનો સ્થાનિક સ્તરે તળાવ તરીકે અસ્તિત્વ ધરાવતી હતી પરંતુ ચોક્કસ રેકર્ડ પર ક્ષેત્રફળ



સાથેનો દરજ્જો મળ્યો ન હોય ત્યાં જળસંચય, સંવર્ધન, સંરક્ષણ અને બ્યૂટીફિકેશનના કામો થઈ શકતા ન હતા. કચ્છના મહેસૂલી તંત્રની ઝુંબેશે તળાવોને સત્તાવાર દરજ્જો આપી વિકાસાધિન બનાવ્યા છે.

આ તળાવ નીમ અભિયાનમાં ઘણાબધા તળાવો ગૌચર જમીન પર હતા તો તેની ઓળખ કરી તેની સંપૂર્ણ માહિતી જિલ્લા પંચાયતને સોંપવામાં આવી છે. જેથી આ તળાવોનું સ્થાનિક સ્વરાજ્ય તંત્ર દ્વારા સંરક્ષણ અને સંવર્ધન થઈ શકે. કચ્છના ૯૧૦ તળાવોને હવે સત્તાવાર મહેસૂલી રેકર્ડમાં દરજ્જો પ્રાપ્ત થયો હોય આગામી સમયમાં 'સુજલામ સુફલામ યોજના', અમૃત સરોવર, વીબીજીરામજી વગેરે યોજનાઓ હેઠળ સ્થાનિક સંસ્થાઓના સહયોગથી જળસંચયના કામો કરી શકાશે.

તળાવના નીમ થવાથી પર્યાવરણી જાળવણી થઈ શકશે અને વન વિભાગ દ્વારા આ તળાવોની આસપાસ વૃક્ષારોપણની કામગીરી કરવામાં આવશે.

ગુજરાતમાં સૌપ્રથમ વખત કચ્છના મહેસૂલી તંત્ર દ્વારા આટલી મોટી સંખ્યામાં તળાવોને નીમ કરવાની ઝુંબેશ હાથ ધરાઈ છે, જેનાથી સૌથી મોટો ફાયદો ભૂર્ગભ જળમાં સુધારા બાબતે થશે. આસપાસના વિસ્તારના ટ્યૂબવેલ, બોરવેલ અને કુવાઓના જળસ્તર ઊંચા આવશે. તળાવોને સત્તાવાર મહેસૂલી દરજ્જો મળવાથી હવે જળસંચયના લગતા વોટર હાર્વેસ્ટિંગ અને પાઈપલાઈન પ્રોજેક્ટ્સ પરનો રાજ્ય સરકારનો ખર્ચ ઘટશે. મોટા પ્રમાણમાં જળસંગ્રહ થવાથી 'માઈક્રો-ક્લાઈમેટ'માં સુધારો થશે. તળાવોના સંરક્ષણથી ખારાશ ઘટશે જેથી પીવાના અને સિંચાઈના પાણીની ગુણવત્તા સુધરશે.કચ્છ વહીવટી તંત્રની આ ઝુંબેશથી પશુ-પંખીઓ માટે વિશ્વસનીય પીવાના પાણીના સ્ત્રોત ઊભા થશે અને કૃષિ ઉત્પાદન ક્ષમતામાં વધારો થશે. કચ્છ કલેક્ટર દ્વારા આ તળાવોના વિકાસ માટે સિંચાઈ વિભાગ અને વનવિભાગને ચોક્કસ આયોજન કરવા સૂચના આપવામાં આવી છે. આથી ભવિષ્યમાં જળસંચય, વૃક્ષારોપણ વગેરે કામો આયોજનબધ્ધ રીતે કરી શકાશે.

# ટ્રેડ ડીલથી સુરતના ટેકસટાઈલ ઉદ્યોગને નવી ગતિ મળશે: સ્મૃતી ઈરાની

## સેલ્ફ હેલ્પ ગ્રુપ ની મહિલાઓ માટે 'શી-માર્ટ'ની જાહેરાત પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના મહિલા સશક્તિકરણના સંકલ્પ હેઠળનું એક મહત્વપૂર્ણ પગલું છે: પૂર્વ કેન્દ્રીય મંત્રી



**અબતક, રાજકોટ**

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ રજૂ થયેલા કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ સંદર્ભે પૂર્વ કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ સુરત ખાતે પત્રકાર પરિષદને સંબોધન કર્યું હતું.

શ્રીમતી સ્મૃતિ ઈરાનીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્તવ્ય પરાયણતાના પથ પર ચાલી દુરંદેશી અને સંકલ્પિત નેતૃત્વ થકી દેશના સામર્થ્યને મજબૂત બનાવવાનું કાર્ય કર્યું છે. આ બજેટના માધ્યમથી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રગતિશીલ ભારત થી વિકસિત ભારતના નિર્માણની જે દિશા દર્શાવી છે તેને દેશના નાગરિકોએ વ્યાપક સ્વીકાર અને સમર્થન આપ્યું છે. મેન્યુંફેકચરિંગ, બાયોફાર્મા અને ક્રિએટીવ ઈકોનોમિ માટે કરવામાં આવેલી જોગવાઈઓને વ્યાપક સમર્થન મળી રહ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના મહિલા સશકિતકરણના સંકલ્પ હેઠળ ૧૦ કરોડ મહિલાઓ સેલ્ફ હેલ્પ ગ્રુપ મારફતે અર્થવ્યવસ્થામાં યોગદાન આપી રહી છે, તેમના માટે 'શી-માર્ટ'ની જાહેરાત એક મહત્વપૂર્ણ પગલું છે. શ્રીમતી સ્મૃતિ ઈરાનીએ જણાવ્યું કે, ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન ક્ષેત્રે પ્રધાનમંત્રી મોદીજીના વિશેષ ધ્યાનના કારણે ૨૦૧૪માં જ્યાં ૪ મિલિયન ડોલરના એક્સપોર્ટની ચર્ચા થતી હતી ત્યાં આજે ૩૭ મિલિયન ડોલરના એક્સપોર્ટ સુધી ભારત પહોંચ્યું છે. ભારતને ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન અને એકસપોર્ટમાં પ્રથમ ક્રમે પહોંચાડવાની સ્પષ્ટ રૂપરેખા આ બજેટમાં દેખાય છે.

શ્રીમતી ઈરાનીએ વધુમાં જણાવ્યું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ વિવિધ રિફોર્મસ થકી અત્યાર સુધી ૩૫૦થી વધુ સુધારા અમલમાં મૂકાયા છે, જેમાં જીએસટી રિફોર્મ, લેબર કોડ નોટિફિકેશન અને કવોલિટી કંટ્રોલ ઓર્ડર જેવા મહત્વપૂર્ણ નિર્ણયો સામેલ છે. સુરતના ટેકસટાઈલ ઉદ્યોગ અંગે ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની સરકાર દ્વારા જાહેર કરેલા ટેકસટાઈલ પાર્ક અને નેશનલ ટેકિનકલ ટેકસટાઈલ મિશનના તેમજ ઈયુ અને યુએસ સાથેની ટ્રેડ ડીલ બાદ ટેકસટાઈલ ઉદ્યોગને નવી ગતિ મળશે.

આ પત્રકાર પરિષદમાં પ્રદેશ ભાજપા ઉપાધ્યક્ષ અને ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલ, સુરત મહાનગરના અધ્યક્ષશ્રી પરેશભાઈ પટેલ, રાજ્ય સરકારના પૂર્વ મંત્રી અને ધારાસભ્યશ્રી પૂર્ણેશભાઈ મોદી સહિત ભાજપા અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં. પત્રકાર પરિષદ પૂર્વે શ્રીમતી સ્મૃતિ ઈરાનીની વિશેષ ઉપસ્થિતિમાં સુરતના વિવિધ ઈન્ડસ્ટ્રી એસોસિએશન અને પ્રોફેશનલ્સ સાથે બજેટ સંદર્ભે સંવાદનો કાર્યક્રમ યોજાયો હતો.

# મહાશિવરાત્રી મેળા દરમિયાન શ્રદ્ધાળુઓની સહાય માટે કંટ્રોલ ૨૪ કલાક કંટ્રોલ રૂમ ધમધમશે

## શ્રધ્ધાળુઓને કોઈ મુશ્કેલી સર્જાય તો મદદ માટે કંટ્રોલરૂમના નંબર ઉપર સંપર્ક કરી શકાશે

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

મહાશિવરાત્રી મેળાનો આરંભ તા. ૧૧ ફેબુઆરીથી થનાર છે. મહા શિવરાત્રીના મેળાને લઈને વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહયો છે. મેળામાં આવતા શ્રધ્ધાળુઓને કોઈ પ્રકારની આપત્તિ, માહિતી અથવા સહાય માટે વિવિધ વિભાગ દ્વારા કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યા છે.

જેમાં જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર, પોલીસ વિભાગ, ફાયર ઈમરજન્સી, ૧૦૮ ઈમરજન્સી, સિવિલ હોસ્પિટલ, ફોરેસ્ટ કંટ્રોલરૂમ, એસ.ટી. ટ્રાફિક, રેલ્વે કંટ્રોલ, શહેર ટ્રાફિક સહિતના સંપર્ક નંબર જાહેર કરવામાં આવ્યા છે. જેથી કરીને શ્રધ્ધાળુઓને મેળા દરમિયાનની મુશ્કેલીમાં સહાયતા મળી શકે.ભવનાથ શિવરાત્રીના મેળાને લઈને જુદા જુદા વિભાગ/ખાતાઓ દ્વારા કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યા છે. જેમાં જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર, ડિઝાસ્ટરશાખાના નંબર ૦૨૮૫-૨૬૩૩૪૪૬, ૨૬૩૩૪૪૭, ૨૬૩૩૪૪૮, સેન્ટ્રલાઈઝ કંટ્રોલરૂમ, ભવનાથ પોલીસ સ્ટેશન, કંટ્રોલરૂમ નંબર ૦૨૮૫-૨૬૨૨૫૦૦, ભવનાથ ઝોનલ ઓફિસ કંટ્રોલરૂમ ૦૨૮૫-૨૬૨૨૫૦૧, ભવનાથ દત ચોક માહિતી કેન્દ્ર ૦૨૮૫-૨૬૨૨૫૦૧૨, ભવનાથ પ્રેસ મીડિયા સ્ટોલ ૦૨૮૫-૨૬૨૨૫૦૩,પોલીસ વિભાગના નંબર ૧૦૦, ૦૨૮૫-૨૬૩૦૬૦૩, ૨૬૩૨૩૭૩, ફાયર ઈમરજન્સી નંબર ૧૦૧, ૦૨૮૫-૨૬૨૦૮૪૧, મો- ૮૯૮૦૦ ૧૫૪૬૯, ડિઝાસ્ટર શાખા પ્રોગ્રામ ઓફિસર નગરપાલિકા મો- ૭૩૮૩૩ ૯૮૩૩૭, મો- ૯૪૨૭૪ ૩૩૯૭૯, ઈ.એમ.આર.આઈ ૧૦૮ ઈમરજન્સી નંબર ૧૦૮, મો - ૮૦૦૦૬ ૧૪૫૫૨, ૭૪૦૫૫ ૧૮૮૧૩, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. અલ્પેશ સાલ્વી ૯૯૦૯૯ ૮૧૮૯૫, સિવિલ હોસ્પિટલ ઈમરજન્સી ૦૨૮૫-૨૯૬૦૧૨૧ મો.૭૫૬૭૮૮૪૬૭૪, ૯૮૨૫૨૩૭૨૦૦, સહાયતા કેન્દ્ર સેન્ટ્રલ બસ સ્ટેન્ડ, જૂનાગઢના નંબર ૦૨૮૫-૨૬૩૦૩૦૩, શહેર ટ્રાફિક પોલીસ અને જિલ્લા ટ્રાફિક પોલીસ નંબર ૦૨૮૫-૨૬૫૫૮૮૦, ૯૮૨૪૨ ૬૮૨૨૯, ૯૮૨૫૩ ૮૭૫૧૭, ફોરેસ્ટ કંટ્રોલરૂમ નંબર ૦૨૮૫-૨૬૩૩૭૦૦, એસ.ટી. ટ્રાફિક નંબર મો.૬૩૫૯૯ ૧૮૫૫૪ પોલીસ ઈન્સ્પેકટર ભવનાથ ૦૨૮૫-૨૬૫૩૨૭૭, મો- ૯૭૨૭૨ ૪૦૧૫૧, ૬૩૫૯૬ ૨૬૭૮૩, ૯૫૮૬૬ ૫૯૪૮૭, રેલવે કંટ્રોલરૂમ નંબર ૦૨૮૫-૨૬૨૭૧૫૦ મો. ૯૭૨૪૦૯૭૯૨૯, પીજીવીસીએઈ કંટ્રોલ રૂમ ૦૨૮૫ - ૨૬૧૨૫૧૦, ૦૨૮૫- ૨૬૧૨૫૧૬ છે. શ્રધ્ધાળુઓને મેળા દરમિયાન મુશ્કેલી સર્જાય તો આ નંબર ઉપર સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

## અમૃત ભારત યોજના હેઠળ ૯.૮૨ કરોડના ખર્ચે

# ખંભાળિયા સ્ટેશનની થશે કાયાપલટ: મુસાફરો માટે આધુનિક સુરક્ષિત અને સુવિધા સાથે થશે તૈયાર

## વિશાળ સ્ટેશન બિલ્ડિંગ, ડીલકસ એસી અને નોન એસી પ્રતિક્ષાખંડ સ્માર્ટ પાર્કિંગ લિફ્ટ સહિતની સુવિધાઓ




**અબતક, રાજકોટ**

રાજકોટ: પશ્ચિમ રેલવેના રાજકોટ રેલવે ડિવિઝન દ્વારા મુસાફરોની સુખદ અને સુરક્ષિત મુસાફરીની દિશામાં એક મોટી ઉપલબ્ધિ હાંસલ કરવામાં આવી છે. 'અમૃત ભારત સ્ટેશન યોજના' (ABSS) અંતર્ગત ખંભાળિયાસ્ટેશનનું વ્યાપક પુનઃવિકાસ કાર્ય લગભગ પૂર્ણ થઈ ગયું છે. હવે આ સ્ટેશન માત્ર આધુનિક સુવિધાઓથી સજ્જ નથી, પરંતુ તેની નવી ભવ્ય સ્થાપત્ય કલા સાથે સૌરાષ્ટ્રની રેલ કનેક્ટિવિટીને નવી ઊંચાઈ પ્રદાન કરી રહ્યું છે.

મુસાફરીનો અનુભવ બદલીના ખનારા મુખ્ય ફેરફારો:

સ્ટેશનને સંપૂર્ણપણે 'દિવ્યાંગજન અને વડીલો માટે અનુકૂળ' બનાવવામાં આવ્યું છે. વિસ્તૃત સર્ક્યુલેટિંગ એરિયાના વિકાસથી સ્ટેશન પરિસરમાં વાહનોની અવરજવર સરળ અને વ્યવસ્થિત બનશે. સ્ટેશનને નીચે મુજબની અત્યાધુનિકસુવિધાઓથી સજ્જ કરવામાં આવ્યું છે:

વિશાળ સ્ટેશન બિલ્ડિંગ: ૪૭,૩૪૪ ચોરસ ફૂટમાંફેલાયેલી ભવ્ય ઈમારત, જેનું આધુનિક પ્લાસ્ટર અને પેઈન્ટિંગ સાથે નવીનીકરણ કરવામાં આવ્યું છે. તેમજ

અત્યાધુનિક કોન્કોર્સ: મુસાફરોની સરળ અવરજવર માટે ૫૮૪૨.૫ ચોરસ ફૂટનો વિશાળ અને ખુલ્લો વિસ્તાર વિકસાવવામાં આવ્યો છે.

ડીલક્સ એસી અને નોન-એસી પ્રતીક્ષા ખંડ:મુસાફરોના વિશ્રામ માટે ૭૮૫૪.૮ ચોરસ ફૂટના વિશાળ પ્રતીક્ષા ખંડો, જે શાંત અને આરામદાયક વાતાવરણ પૂરું પાડે છે.

વિશાળ કવર શેડ: પ્લેટફોર્મ ૧ થી ૩ સુધી કુલ ૩૮,૦૦૦ ચોરસ ફૂટ વિસ્તારમાં નવો કવર શેડ બનાવવામાં આવ્યો છે, જે મુસાફરોનેતડકા અને વરસાદથી રક્ષણ આપશે.

સરળ પ્રવેશ અને નિકાસ માર્ગ:ભીડના નિયંત્રણ માટે ૨૦-૨૦ ફૂટ પહોળા પ્રવેશ અને નિકાસ દ્વાર તથા સુરક્ષિત પ્રવેશ માટે ૧૨૨.૫ ચોરસ ફૂટનો આકર્ષક 'પોર્ચ' બનાવવામાં આવ્યો છે.

સ્માર્ટ પાર્કિંગ અને પિક-અપ લેન:વાહનોની વ્યવસ્થિત અવરજવર માટે ૧૩૭૦ ચોરસ ફૂટનો પાર્કિંગ વિસ્તાર અને ૨૦-૨૦ ફૂટ પહોળી 'પિક-અપ/ ડ્રોપ-ઓફ' લેન તૈયાર કરવામાં આવી છે.

દિવ્યાંગજન-અનુકૂળ સ્ટેશન:સર્વસમાવેશી મુસાફરી સુનિશ્ચિત કરવા માટે ટેક્ટાઈલ ટાઈલ્સ, સાઈન બોર્ડ, હેન્ડરેલ્સ અને ૦૨ સમર્પિત પાર્કિંગ સ્લોટની સુવિધા અને

પ્લેટફોર્મ વિસ્તૃતીકરણ અને સપાટી સુધારણા: મુસાફરોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને પ્લેટફોર્મ નંબર ૧, ૨ અને ૩ ની લંબાઈમાં૧૦૦ ફૂટ સુધીનો વધારો કરવામાં આવ્યો છે.

લિફ્ટની સુવિધા: એક પ્લેટફોર્મ પરથી બીજા પ્લેટફોર્મ પર જવા માટે મુસાફરો, ખાસ કરીને વડીલો માટે લિફ્ટની સુવિધા આપવામાં આવી છે.ગ્રીન પેચ અને પર્યાવરણ: સ્ટેશનની સુંદરતા વધારવા અને પર્યાવરણના જતન માટે વિશાળ 'ગ્રીન પેચ' (હરિયાળી વિસ્તાર)નું નિર્માણ તેમજ હાઈજીનિકટોઈલેટબ્લોક: સ્વચ્છતાને પ્રાથમિકતા આપતા ૧૧૬૨.૦૮ ચોરસ ફૂટમાં આધુનિક સુવિધાઓથી સજ્જ નવું ટોઈલેટ અને બાથરૂમ બ્લોક.

હાઈ-માસ્ટલાઈટિંગ: સમગ્ર સ્ટેશન અને સર્ક્યુલેટિંગ એરિયાને પ્રકાશિત કરવા માટે નવા ઈલેક્ટ્રિક પોલ અને હાઈ-માસ્ટલાઈટ્સની સ્થાપના કરવામાં આવશે.


**નામ બદલાવેલ છે**

મેં મારું નામ સન્ધિયા બદલીને સન્ધિયા ત્યાગી કરેલ છે તેથી હવે હું સન્ધિયા ત્યાગી તરીકે ઓળખાઈશ.
સરનામું : એ.1, 1202 શિલ્પા નોવા, ગંગોત્રી પાર્ક મેઈન રોડ, રાજકોટ - પિન : 360005 ગુજરાત(ભારત)

**પશ્ચિમ રેલવે-રાજકોટ ડિવિઝન**

**વિવિધ ટ્રેન આગમન પ્રસ્થાન ડિસ્પ્લે બોર્ડનો વ્યાપક વાર્ષિક જાળવણી કરાર (CAMC)**

**ઇ-ટેન્ડર સૂચના નં. DRM-RJT-25-26-SnT-E-14R1; તારીખ: 06/02/2026;**
**ઓફિસનું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (એસ એન્ડ ટી), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ - 360001. **વેબસાઇટ: www.ireps.gov.in**

**ટેન્ડર નંબર: DRM-RJT-25-26-SnT-E-14R1; તારીખ: 06/02/2026**

**કામનું નામ:** રાજકોટ મંડળ: દ્વારકા (PF-1): સ્ટેશન પર ત્રણ વર્ષ માટે CGDB, MLDB, AGDB, PDB, SLDB વગેરે જેવા વિવિધ ટ્રેન આગમન પ્રસ્થાન ડિસ્પ્લેબોર્ડનો વ્યાપક વાર્ષિક જાળવણી કરાર (CAMC) અને સંલગ્ન એક્સેસરીઝ.

**ટેન્ડર કિંમત:** ₹ 8,34,157.26 (આઠ લાખ ચોત્રીસ હજાર એકસો સત્તાવન રૂપિયા અને છવીસ પૈસા માત્ર);

**અર્નેસ્ટ મની ડિપોઝિટ:** ₹16,700/- (₹ સોળ હજાર સાતસો રૂપિયા માત્ર)

**ટેન્ડર ફોર્મ ફી:** ₹ 00.00 (ZERO) As Per Para-3, GCC-July-2022.

**ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ અને સમય:** તારીખ 27/02/2026 ના રોજ 15:30 કલાક સુધી.

RJT 199

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

**પશ્ચિમ રેલવે-રાજકોટ ડિવિઝન**

**ખાનગી હોસ્પિટલોનું નવું પૈનલીકરણ**

નંબર. MD/173/1/DRM/RJT/2025-26/02 તારીખ 09-02-2026.

**ઓફિસ સરનામું:** ચીફ મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ, ડિવિઝનલ હોસ્પિટલ, વેસ્ટર્ન રેલવે, કોઠી કમ્પાઉન્ડ, જામનગર રોડ, રાજકોટ-360001.

**ટેન્ડર સંખ્યા: MD/173/1/DRM/RJT/2025-26/02**

**કાર્યનું નામ:** રાજકોટ મંડળ: રાજકોટ મંડળ અને પશ્ચિમ રેલવેના અન્ય મંડળોના રેલવે દર્દીઓ અને લાભાર્થીઓની સારવાર માટે ઓછામાં ઓછા 50 પથારીથી સજ્જ ખાનગી હોસ્પિટલોનું નવેસરથી રેલવે સાથે પૈનલીકરણ. જો કોઈ હોય, તો આ જોડાણ નીચેના સ્થળોએ સેવા આપતા અને નિવૃત્ત રેલવે દર્દીઓ બંનેના નિયમિત રેફરલ માટે હશે-

(૧) **રાજકોટ ખાતે NABH પ્રમાણપત્ર સાથે કેન્સર હોસ્પિટલ.**

(૨) **મોરબી ખાતે NABH / નોન NABH પ્રમાણપત્ર સાથે મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ.**

બધી હોસ્પિટલો દ્વારા સારવાર માટેનો ચાર્જ CGHS-2025 ટાયર-II સિટી દરો (રાજકોટ માટે) અને CGHS-2025 ટાયર III સિટી દરો (મોરબી માટે) મુજબ અથવા તેનાથી ઓછા દરો/ઓછા સ્પર્ધાત્મક દરો પર રહેશે. રસ ધરાવતી ખાનગી હોસ્પિટલો કાર્યવાહી / તપાસ યાદી માટે તેમના દરો રજૂ કરશે.

ખાનગી હોસ્પિટલોએ રેલવે દર્દીઓ માટેજરૂરી તપાસ / કાર્યવાહી હાથ ધરવાની રહેશે. આવી તપાસ/કાર્યવાહીઓની યાદી એક અઠવાડિયાપછી રેલવે હોસ્પિટલ, રાજકોટમાંથી મેળવી શકાય છે. રસ ધરાવતીખાનગી હોસ્પિટલો તેમના દરો નિર્ધારિત પરફોર્મમાં (ચીફ મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટડિવિઝનલ હોસ્પિટલ, પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ જામનગર રોડ, રાજકોટ-360001 પર થી મેળવી શકાય છે)રજૂ કરી શકે છે અને 02-03-2026 પહેલાં સીલબંધ કવરમાં પરત મોકલી શકે છે.

**કરારની મુદત: બે વર્ષ.**

ઉપરોક્ત કાર્યમાં રસ ધરાવતી ખાનગી હોસ્પિટલો રેલવેના અધિકૃત પ્રતિનિધિઓ દ્વારા તેમની હોસ્પિટલ માટે તાત્કાલિક તેમનો ઇચ્છા પત્ર સબમિટ કરશે.

રેલવે બોર્ડના પત્ર નં. 2016/H/1/11/69 હોસ્પિટલ માન્યતા તારીખ 23/12/2016 મુજબ પસંદ કરાયેલી ખાનગી હોસ્પિટલ અને રેલવે વચ્ચે સમજૂતી કરાર (MoU) કરવામાં આવશે.પસંદ કરાયેલી હોસ્પિટલ / સંસ્થાએ રેલવે માં 30 મહિના માટે 2 લાખ રૂપિયાની પર્ફોર્મન્સ ગેરંટી (PG) જમા કરાવવાની રહેશે.

RJT 200

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

તંત્રી લેખ

# પરીક્ષા ઉત્સવ: સ્ટ્રેસને સક્સેસમાં બદલવાનું માધ્યમ

હવે પરીક્ષા ઉત્સવ શરૂ થશે.પરીક્ષા એ છાત્રોની મહેનતનું પ્રતિબિંબ છે. સ્ટ્રેસને સક્સેસમાં બદલવાનું એક મજબૂત માધ્યમ છે. વિદ્યાર્થીઓ અભ્યાસ અને વાંચનના ટાઈમ ટેબલ જેમ મોબાઈલ-ટી.વી. જોવાનો પણ સમય નક્કી કરવો જોઈએ.જીવનમાં ડગલે અને પગલે કસોટી આવવાની છે.આવામાં એક પરીક્ષા ડરી જવાની કે ડિપ્રેશનમાં આવી જવાની જરૂરિયાત નથી.

ડિપ્રેશનમાં આવ્યા વિના જીવનમાં સંતુલન જાળવીને કોઈપણ પરિસ્થિતિનો સ્વસ્થ મનથી સામનો કરવો જોઈએ.

પરીક્ષા એ જીવનની કસોટી નથી, પણ આપણી મહેનતનું ફળ મેળવાની એક ઉત્તમ છે. હાલના વ સમયમાં વિદ્યાર્થીઓમાં વધી રહેલા મોબાઈલ ફોનના વળગણ છે.બાળકો જેમ અભ્યાસ, વાંચન, રમત-ગમતનો સમય અને ટાઈમ ટેબલ નિયત કરે છે તેમ મોબાઈલ જોવાનો પણ કોઈ ચોક્ક્સ સમય નક્કી કરવો જોઈએ.

રાષ્ટ્રહિત અને રાષ્ટ્ર વિકાસમાં ૫ વિદ્યાર્થીઓનો રોલ ખુબ મોટો હોય છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી દર વર્ષે પરીક્ષા પહેલા બાળકો વચ્ચે જઈને પરીક્ષા પે ચર્ચા અંતર્ગત પ્રત્યક્ષ સંવાદ કરીને તેમને સારા પર્ફોર્મન્સની પ્રેરણા આપનારા સંભવત: વિશ્વના એક માત્ર નેતા છે.વિદ્યાર્થીઓમાં સંસ્કાર, સમજણ અને સદાચાર એમ ત્રણ એસનું નિર્માણ થાય છે.

શિક્ષણનો અર્થ માત્ર પરીક્ષા નથી. શિક્ષણ જીવન જીવવાની કળા શીખવે છે ત્યારે પરીક્ષાએ અંતિમ લક્ષ્ય નથી. તેને ધ્યાનમાં લઈને આત્મવિશ્વાસથી તણાવ મુક્ત વાતાવરણમાં વિદ્યાર્થીઓએ પરીક્ષા આપવી જોઈએ.

વિદ્યાર્થીઓને પરીક્ષાને આનંદથી અવસરરૂપે માણવા માટે અનુરોધ કર્યો હતો.

# સુત્રાપાડા: કારડીયા રાજપુત સમાજ દ્વારા 'સમુહ વાડ' દર્શન યોજાશે

## પૂર્વ મંત્રી જશાભાઇ બરાડના અધ્યક્ષ સ્થાને સમુહ ભોજન સહિતના કાર્યક્રમો: સમુહ વાડ કાર્યક્રમને લઇને બેઠકમાં સામાજિક એકતા અને કુરિવાજો નાબૂદી અંગે નિર્ણયો લેવાયા

**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**



સુત્રાપાડા ખાતે સમસ્ત કારડીયા રાજપૂત સમાજ અને કારડીયા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટની એક અગત્યની બેઠક મજલેશ્વર મંદિર પાસે યોજાઈ હતી. જેમાં અખિલ ગુજરાત કારડીયા રાજપૂત સમાજના પ્રમુખ અને ગુજરાત સરકારના પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડના અધ્યક્ષસ્થાને મળેલી આ બેઠકમાં સામાજિક એકતા અને કુરિવાજો નાબૂદી અંગે ઐતિહાસિક નિર્ણયો લેવામાં આવ્યા હતા જેમાં આગામી હોળી ધૂળેટીના તહેવાર નિમિતે કારડીયા રાજપૂત સમાજની 'સમૂહ વાડ' યોજવા માટે નિર્ણય લેવામાં આવેલ હતો.

ગત વર્ષ પણ સુત્રાપાડા માં કારડીયા રાજપૂત સમાજની સમૂહ વાડની સફળતા બાદ, આ વર્ષે પણ સમગ્ર સમાજ દ્વારા તા. ૨-૩-૨૦૨૬, સોમવારના રોજ એક જ સ્થળે 'સમૂહ વાડ'નું આયોજન કરવામાં આવશે. આ અવસરે સમાજના તમામ લોકો જ્યાં સંતાનનો જન્મ ગત વર્ષે થયેલ છે તેના માટે અલગ અલગ વાડના ખોટા ખર્ચાના કરીને સમૂહમાં એક જ જગ્યા એ સમૂહ વાડનો કાર્યક્રમ કારડીયા રાજપુત સમાજ સુત્રાપાડા દ્વારા આયોજિત કરવામાં આવેલ છેજેમાં સમાજની દીકરીઓના ભવિષ્ય માટે સમાજ તરફથી સુકન્યા ખાતું ખોલી આપવામાં આવશે અને દરેક દીકરીના ખાતામાં સમાજ તરફથી રૂ. ૧,૦૦૦ જમા કરાવવામાં આવશે. ઉપરાંત કુરિવાજો પર પ્રતિબંધના ભાગરૂપે કાર્યક્રમમાં ડી.જે. પ્રથા સંપૂર્ણપણે બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. તેમજ હોળી પ્રસંગે ખજૂરની પ્રસાદીનો વ્યય ઘટાડવા અનુરોધ કરાયો છે.

સામાજિક એકતા અને કરકસરના ભાગ રૂપે ખોટા ખર્ચાઓ બચાવવા અને સમાજમાં સંગઠન મજબૂત કરવા માટે એક જ સ્થળે સમૂહ ભોજન અને હોળી દર્શનનું આયોજન નક્કી થયું છે.

શિક્ષણ અને સામાજિક સુધારા પર ભાર મુક્તા બેઠક દરમિયાન જશાભાઈ બારડે દીકરા-દીકરીઓના શિક્ષણ પર વિશેષ ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, સમાજમાં જાગૃતિ લાવવા શિક્ષણ અનિવાર્ય છે. આ ઉપરાંત, મરણ પ્રસંગે થતા ખર્ચ ઘટાડવા અને શક્ય હોય ત્યાં સુધી એક જ દિવસે બેસણું રાખવા જેવી બાબતો પર ભાર મૂકી કુરિવાજોને તિલાંજલિ આપવા હાકલ કરી હતી.

સમગ્ર આયોજન ના સફળ આયોજન માટે તા. ૧-૩-૨૦૨૬ (રવિવાર) રાત્રે રસોડાના કાર્યમાં સમાજના આગેવાનો, વડીલો અને યુવાનોને મોટી સંખ્યામાં જોડાવા આહવાહન કરવામાં આવેલ છે ઉપરાંત તા. ૨-૩-૨૦૨૬ (સોમવાર): બપોરે સમગ્ર સમાજનું સમૂહ ભોજન અને ત્યારબાદ સમૂહ હોળી દર્શન.

તાજેતરમાં જ વસંતપંચમીના પવિત્ર દિવસે ભવ્ય સમૂહ લગ્નનું આયોજન કર્યા બાદ, સુત્રાપાડા કારડીયા રાજપૂત સમાજ દ્વારા લેવાયેલા આ પ્રગતિશીલ નિર્ણયોને સર્વત્ર આવકાર મળી રહ્યો છે. આ બેઠકમાં સમાજના અગ્રણીઓ, વડીલો અને યુવા સંગઠનના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીધામના નગાવલાડીયામાં મચ્છોયા આહિર સમાજનો સમુહ લગ્નોત્સવ ધામધુમથી ઉજવાયો

## સમુહલગ્નમાં દીકરીઓને કરીયાવર સાથે કેરીયર સર્ટિફીકેટનું કરાયું વિતરણ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**




કચ્છમાં મચ્છોયા આહીર સમાજ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે ૨૭ માં સમૂહ લગ્ન મહા મહિના ની વદ પાંચમના પવિત્ર દિવસે યોજાયા હતા. આ સમૂહ લગ્ન સમાજની એકતા સંસ્કૃતિ અને પરસ્પર સાથ સહકાર ના ઉદ્દેશથી કરવામાં આવે છે સમૂહ લગ્ન કાર્યક્રમમાં સમાજના યુવક યુવતીઓ વેદિક વિધિ સાથે લગ્ન સંબંધમાં બંધાય છે લગ્ન વિધિમાં સમાજના વડીલો આગેવાનો સગા સંબંધીઓ તેમજ મહેમાનો મોટી સંખ્યામાં હાજરી આપી હતી સમગ્ર કાર્યક્રમ ધાર્મિક રીતે રિવાજો ભજન કીર્તન અને સામુહિક આશીર્વાદ સાથે ઉજવવામાં આવયો હતો

અંજાર તાલુકાના નગાવલાડિયા ગામના સરપંચ દેવઈબેન અરજણભાઈ કાનગડ પરિવાર દ્વારા બે વર્ષથી સમૂહ લગ્નમાં દીકરીઓને અભ્યાસ તેમજ પોતાના કાર્યકાળ દરમિયાન જે પણ પરીક્ષાઓ આપી હોય એના સર્ટિફિકેટ આપવાની પરંપરા રચી છે.

જેમાં દીકરીઓને કરિયાવર દર દાગીના કિચન નો સર્વે સામાનતેમજ દીકરીઓએ જે પોતાની આવડત મુજબ જે પણ પરીક્ષાઓ પોતાના કાર્યકાળ દરમિયાન અભ્યાસ રમતગમત અનેજે ટ્રેનિંગ લીધી હોય સીવણ કલાસ, કોમ્પ્યુટર કલાસ,કે ભરતકામ,ની તેવા તમામ પ્રકારોના લગ્ન ના દિવસે કરિયાવર સાથે સર્ટીફીકેટો પણ આપવામાં આવે છ

આ પ્રસંગે ઉપસ્થિત ગુજરાત રાજ્યના ઉચ્ચ ટેકનિકલ શિક્ષણ મંત્રી ત્રિકમભાઈ છાંગાએ દીકરીઓને આશીર્વાદ આપ્યા હતા

આ પ્રસંગે સૌરાષ્ટ્ર કચ્છ આહિર સમાજના પ્રમુખ તેજાભાઈ કાનગડ ઓલ ઈન્ડિયા સોલ્ટ એસોસિફના પૂર્વ પ્રમુખ બચુભાઈ આહીર કાર્યક્રમના પ્રણેતા નીલકંઠ સોલ્ટ ના ચેરમેન અરજણભાઈ કાનગડ, શામજીભાઈ કાનગડ,તેજાભાઈ કાનગડ ઉપસ્થિત રહ્યા હતા

# હિંમતનગરની દિકરી વર્તિકા રાવલે ફૂટબોલ-બાસ્કેટ બોલમાં જીત્યો ગોલ્ડ મેડલ



**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

હિંમતનગરના વતની અંકિતકુમાર રાવલની પુત્રી અને અમદાવાદ ચાંદખેડા એપોલો સ્કુલમાં ધો.૧૨માં અભ્યાસ કરતી વર્તિકાએ

અંડર-૧૪ ફૂટબોલ તથા બાસ્કેટ બોલ સ્પર્ધામાં યશસ્વી દેખાવ કરી ગોલ્ડમેડલ મેળવી બ્રહ્મ સમાજનું ગૌરવ વધાર્યું છે. જ્યારે સ્કુલે પણ ફેશન ડિઝાઈનરમાં પોતાની કારકિર્દીનું ઉમ સ્વખું સેવનારી શાળાની ખેલકૂદમાં પ્રતિભાશાળી છાત્રાને ગોલ્ડમેડલ આપી સન્માન કર્યું હતુ. વર્તિકા રાવલ ફેશન ડિઝાઈનર તરીકે પોતાની કારકીર્દી બનાવવા માંગતી હોવાનું જણાવ્યું હતું


# જસદણમાં આગામી સોમવારે ક્રિષ્ના સ્કુલમાં યોજાશે કવિ સંમેલન

**અબતક, હિતેશ ગોસાઇ, જસદણ**




ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર અને ક્રિષ્ના સ્કૂલ જસદણના સંયુકત ઉપક્રમે માતૃભાષા સપ્તાહ અંતર્ગત તા.૧૬/૨/૨૦૨૬ સોમવારે સવારે ૯ વાગ્યે કવિસંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ કવિ સંમેલનમાં ગુજરાતના જાણીતા કવિઓ કવિ પૂ.બાપુ, પંકજ ચૌહાણ, ગોપાલ ધકાણ અને ભાર્ગવઠાકર પોતાની કવિતાઓ રજૂ કરી માતૃભાષાનું ગૌરવગાન કરશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રવીણ ઝાપડિયા કરશે. ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહાની પ્રેરણાથી થતો આ કાર્યક્રમ જસદણની ક્રિષ્ના સ્કૂલમાં આયોજિત થવા જઈ રહ્યો છે. આ કવિ સંમેલનનો લાભ લેવા ક્રિષ્ના સ્કૂલ પરિવારને જસદણની સાહિત્યપ્રેમી જનતાને જાહેર આમંત્રણ પાઠવેલ છે.

# દ્વારકા: જગત મંદિરમાં ઠાકોરજીને કુંડલા ભોગ મનોરથ



**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

દ્વારકાધીશ જગત મંદિરમાં આજરોજ સવારે ઠાકોરજીના શૃંગાર દર્શન સમયે શ્રીજીના ભાવિક ભક્ત પરિવાર દ્વારા વારાદાર પૂજારીના સૌજન્યથી ઠાકોરજીને કુંડલા ભોગ મનોરથ યોજવામાં આવ્યો હતો. સોમવારના ગુલાબી વાઘા સહિત રત્નાલંકારના દિવ્ય શૃંગાર સાથેના દિવ્ય મનોરથ દર્શનનો ઉપસ્થિત હજારો ભાવિકોએ પ્રત્યક્ષ રીતે લાભ લીધો હતો. આ ઉપરાંત ઓનલાઈનના વિવિધ માધ્યમોથી પણ લાખો કૃષ્ણભક્તોએ આ દિવ્ય દર્શનની ઝાંખી કરી ધન્યતા અનુભવી હતી.

# પાટણવાવ જિનાલય ખાતે ૨૦ ફેબ્રુઆરીએ ધ્વજારોહણ વિધિ

**અબતક,રાજકોટ**

ધોરાજી તાલુકાના પાટણવાવ ખાતે આગામી તા. ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૬ને ફાગણ સુદ-૩ શુક્રવારના રોજ ઢંકગિરિ શ્રી સિદ્ધચક્ર યંત્રમય જિનાલયની ૧૬મી તથા ઓસમ પર્વત પર વિશ્વનું સૌ પ્રથમ શાંતિસ્નાત્રમય જિનાલયની ૧૧મી અને ઋષભકૂટ જિનાલયની ૯મી ધ્વજારોહણ વિધિ નો કાર્યક્રમ યોજાનાર છે.

આ પ્રસંગે પ.પૂ. આચાર્યદેવ શ્રી મતિચંદ્રસાગર સૂરીશ્વરજી, મ.સા. પ.પૂ. મુનિરાજ શ્રી શ્રુતચંદ્રસાગરજી મ.સા. શ્રમણી વૃંદમાં ઢંકગિરિ તીર્થોધ્ધારિકા ''સાધ્વી રત્ન'' પ.પૂ. ચારૂવ્રતાશ્રીજી મ.સા.ના શિષ્યા પ્રશિષ્ય સા. ગીતવ્રતાશ્રીજી મ.સા. તથા અર્હમવ્રતાશ્રીજી મ.સા. આદિ ઉપસ્થિત રહેશે.

આ ધ્વજારોહણવિધિ સમારોહ સવારે ૮.૦૦ વાગ્યે નવકારશી, ૮.૩૦ કલાકે ગિરિરાજ ઉપર ધ્વજારોહણ, સવારે ૯.૦૦ કલાકે સિદ્ધચક્રયંત્રમય જિનાલયમાં સત્તરભેદી પૂજા, ધ્વજાની વિધિ તથા બોલી શરૂ થશે. બપોરના ૧૨.૩૦ કલાકે સ્વામિવાત્સલ્યના લાભાર્થી નગીનદાસ વલ્લભદાસ શાહ હ. મનોજભાઈ (મુંબઈ)રહેશે. આ કાર્યક્રમમાં શ્રાવકો અને શ્રાવિકાઓને ઉપસ્થિત રહેવા ઓસમ જૈન ટેમ્પલ ટ્રસ્ટ પાટણવાવ દ્વારા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# વેરાવળમાં જલ્યાણ ગ્રુપ દ્વારા ગુરૂવારે જલારામ બાપાની પુણ્યતિથીએ સમુહજ્ઞાતિ ભોજન પ્રસાદી

## સીનીયર સીટીઝનો માટે ટેબલ ખુરશીની અલાયદી સવલત

**અબતક, અતુલ કોટેચા,વેરાવલ**

વેરાવળ લોહાણા બોર્ડીંગ બસ સ્ટેન્ડ સામે તા. ૧૨ ના રોજ જલારામ બાપા ની પુણ્યતિથી જલ્યાણ ગ્રુપ દ્વારા સમુહજ્ઞાતિ ભોજન પ્રસાદીનું આયોજન કરાયેલ છે તેમાં સીનીયર સીટીઝનો માટે ટેલબ ખુરશીમાં પ્રસાદી અપાશે વિશાળ ગ્રાઉન્ડ માં વેરાવળ ભાલકા ભીડીયા સોમનાથ સહીત તાલુકાના ગ્રામ્ય વિસ્તારના રઘુવંશી પરીવારો લોહાણા જ્ઞાતિજનો માટે ભવ્ય આયોજન કરાયેલ છે.

વેરાવળ લોહાણા મહાજન પ્રમુખ ચેરમેન જલ્યાણ ગ્રુપ દીપક કક્કડે જણાવેલ હતું કે બસ સ્ટેન્ડ સામે લોહાણા બોર્ડીંગ નું વિશાળ ગ્રાઉન્ડ માં છેલ્લા ૯ વર્ષથી જલારામ બાપાની પુણ્યતિથી નીમીતે સમુહ જ્ઞાતિ ભોજન પ્રસાદીનું આયોજન કરાયેલ છે સાંજે ૭ વાગ્યા થી ભોજન પ્રસાદી નો પ્રારંભ થશે જેમાં વિશાળ સંખ્યામાં સીનીટર સીટીઝનો પણ આવે છે જેથી તેના માટે ટેબલ ખુરશી માં બેસીને પ્રસાદી લઈ શકે તે માટે વ્યવસ્થા કરાયેલ છે તેમજ વેરાવળ ભાલકા ભીડીયા સોમનાથ તેમજ ગ્રામ્ય વિસ્તારમાં વસતા રઘુવંશી પરીવાર લોહાણા જ્ઞાતિજનો પણ હજારોની સંખ્યામાં ખુબજ ઉત્સાહ ભેર જ્ઞાતિગંગા ના દર્શન કરવા તેમજ ભોજન પ્રસાદી લેવા હોશભેર આવે છે તેના માટે ખુબજ સુંદર વ્યવસ્થાનું આયોજન કરાઈ છે.

દીપક કક્કડે વધુ માં જણાવેલ હતું છેલ્લા ૯ વર્ષથી જલારામ બાપાની પુણ્યતિથી ભોજન પ્રસાદીનું આયોજન થઈ રહયું છે ૧૯ વર્ષથી નવરાત્રી મહોત્સવ તેમજ વિરદાદા જશરાજજીની પુણ્યતિથી સમુહજનોઈ ,૧૦૮ રાદલ ના લોટા સહીતના અનેક કાર્યક્રમો યોજાય રહેલ છે.

# દ્વારકા જિલ્લાની ૫૨૭ જેટલી આંગણવાડીઓનો કરાશે કાયાકલ્પ

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર દ્વારા રાજ્યભરની આંગણવાડીઓને વધુ સુદ્રઢ અને આકર્ષક બનાવવાના હેતુ સાથે 'આંગણવાડી નવીનીકરણ ઝુંબેશ' શરૂ કરવામાં આવી છે. જેના અનુસંધાને જિલ્લા વિકાસ અધિકારી એ.બી. પાંડોરના માર્ગદર્શન હેઠળ આ ઝુંબેશ અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૫૨૭ જેટલી આંગણવાડી કેન્દ્રોની માળખાકીય સુવિધાઓમાં સુધારા સાથે બાળકો માટે આકર્ષક, આનંદદાયક અને શૈક્ષણિક રીતે અનુકુળ વાતાવરણ ઉભું કરવાની કામગીરી હાલ કાર્યરત છે. જેમાં સ્વતંત્ર મકાન ધરાવતા આંગણવાડી કેન્દ્રોમાં જરૂરીયાત અનુસાર કેન્દ્રના સર્વાંગી માળખાકીય સુધારણા, રંગકામ તથા જરૂરી નાના સમારકામ દ્વારા કેન્દ્રોને નવેસરથી સજાવવામાં આવી રહ્યા છે. 'આંગણવાડી નવીનીકરણ ઝુંબેશ' અંતર્ગત સઘન કામગીરી તા.૧૬મી ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી ચાલશે તેમજ બાકી કામો પણ સત્વરે પુરા કરવામાં આવશે. તેમ પ્રોગ્રામ ઓફીસર, આઈ.સી.ડી.એસ. દેવભૂમિ દ્વારકાની યાદીમાં જણાવાયું છે.

# સુરેન્દ્રનગર જીલ્લામાં મતદાર સુધારણા કામગીરીમાં નામ રદ કરવાના ૨૪૦૦૦ ફોમ ભરાયા

## જીલ્લા કોંગ્રેસ દ્વારા રેલી યોજી કલેકટર એસ.પી.ને નામ કમીની અરજીની તપાસની કરી માંગ





**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સમગ્ર રાજ્યમાં ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદી વિશેષ સુધારણા (SIR) કાર્યક્રમ અંતર્ગત ખાસ સુધારણા કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. જેમાં રાજ્યભરમાં અમુક ચોક્કસ જ્ઞાતિના મતદારોના નામ મતદાર યાદીમાંથી રદ કરવા માટે ભાજપ સરકાર દ્વારા અલગ અલગ વ્યક્તિના નામથી ફોર્મ ભરી દીધા હોવાના આક્ષેપ સાથે સુરેન્દ્રનગર જીલ્લા કોંગ્રેસ દ્વારા શહેરના મુખ્ય બસ સ્ટેન્ડ થી કલેક્ટર કચેરી સુધી પદયાત્રા તેમજ રેલી યોજી ધરણા પ્રદર્શન કરી ઉગ્ર વિરોધ સાથે રજુઆત કરી હતી અને આગામી ૦૩ દિવસમાં તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે તો આગામી તા. ૧૩ ફેબ્રુઆરીના રોજ સમગ્ર જીલ્લામાં રસ્તા રોકો આંદોલન કરી ચક્કાજામ કરવાની ચીમકી આપી હતી.

ચૂંટણી પંચ દ્વારા સમગ્ર રાજ્ય સાથે સુરેન્દ્રનગર જીલ્લામાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ (SIR)ની કામગીરી હાથ ધરવામાં આવી હતી અને ત્યારબાદ મુસદ્દા મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે જે યાદીમાં સુધારા, નામ ઉમેરવા, રદ કરવા માટે પણ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં સુરેન્દ્રનગર જીલ્લાની તમામ ૦૫ વિધાનસભા દસાડા, વઢવાણ, ધ્રાંગધ્રા, લીંબડી અને ચોટીલા તાલુકામાં મોટા પ્રમાણમાં અલગ અલગ વ્યક્તિઓના નામ થી ચોક્કસ જ્ઞાતિના મતદારોના નામ રદ કરવા માટે ફોર્મ નંબર ૦૭ ભરી દેવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે. જે મામલે રાજ્યભરમાં કોંગ્રેસ દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે અને ઈરાદાપૂર્વક ભાજપ સરકાર દ્વારા ચૂંટણી પંચ અને સ્થાનિક તંત્ર સાથે મીલીભગત થી કોંગ્રેસના મતદારોના નામ જ રદ કરવા માટે અરજી કરી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. જેમાં જીલ્લામાં કુલ ૨૪૦૦૦ જેટલા ફોર્મ નંબર ૦૭ ભરવામાં આવ્યા હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. જે સમગ્ર મામલે સુરેન્દ્રનગર જીલ્લા કોંગ્રેસ દ્વારા શહેરના મુખ્ય બસ સ્ટેન્ડ ખાતે સભા યોજી જીલ્લા કલેક્ટર સુધી પદયાત્રા અને રેલી યોજી જીલ્લા કલેકટર તેમજ એસ.પી. કચેરી ખાતે આવેદનપત્ર પાઠવી ઉગ્ર રજુઆત કરી હતી અને મતદારોના નામ રદ કરવા માટે ફોર્મ ભરનાર તમામ વ્યક્તિઓ સામે અલગ અલગ કલમો હેઠળ ગુન્હો દાખલ કરવામાં આવે, ફોર્મ ક્યાં પ્રિન્ટ કરવામાં આવ્યા, સોફટવેરની તપાસ, ફોર્મ નંબર ૦૭ કોણ જમા કરાવી ગયું ?, ફોર્મ ભરેલ મતદારોના નામ રદ કરવાને બદલે યથાવત રાખવામાં આવે તેવી માંગ સાથે ધરણા યોજી ઉગ્ર વિરોધ કર્યો હતો. તેમજ આ મામલે સરકાર દ્વારા આગામી ૦૩ દિવસમાં યોગ્ય ઉકેલ નહી આવે તો ૧૩ ફેબ્રુઆરીના રોજ રસ્તા રોકો, ચક્કાજામ સહિતના કાર્યક્રમો આપવાની ચીમકી પણ ઉચ્ચારી હતી. જીલ્લા કોંગ્રેસ પ્રમુખ નૌશાદ સોલંકી, પૂર્વ ધારાસભ્ય ઋત્વિક મકવાણા, ડો.મનીષ દોશી, ગીતાબેન પટેલ, વિક્રમભાઈ રબારી ઉપસ્થિત રહ્યા હતા.

સમસ્ત ભરવાડ સમાજ આયોજિત

# ધ્રોલ: ગોપાલક સમુહ લગ્નોત્સવમાં ૨૬ યુગલો પ્રભુતામાં પગલા માંડશે

**અબતક, સંજય ડાંગર ધ્રોલ**

ધ્રોલ તાલુકાના ખારવા મુકામે સમસ્ત ભરવાડ સમાજ - ધ્રોલ દ્વારા ૧૩મો ભવ્ય સમૂહ લગ્નોત્સવ આગામી તા. ૧૧-૨-૨૦૨૬, બુધવાર (વિક્રમ સંવત ૨૦૮૨, મહા વદ-૯) ના રોજ અત્યંત હર્ષોલ્લાસ સાથે યોજાશે. ગૌપાલક સમૂહલગ્ન સેવા સમિતિ દ્વારા આયોજિત આ મંગલ પ્રસંગે કુલ ૨૬ નવદંપતીઓ પ્રભુતામાં પગલાં માંડી પોતાના નૂતન ગૃહસ્થ જીવનની શરૂઆત કરશે.

આ દિવ્ય પ્રસંગે નવદંપતીઓને આશીર્વાદ આપવા માટે ભરવાડ સમાજના પરમ પૂજ્ય સંતો-મહંતો વિશેષ ઉપસ્થિત રહેશે. જેમાં સમસ્ત ભરવાડ સમાજના ધર્મગુરુ મહામંડલેશ્વર ૧૦૦૮ પ. ઘનશ્યામપુરી બાપુ (ઝાઝાવડા દેવની જગ્યા, થરા), બાલારામબાપુ (મહંતશ્રી મુળવાનાથની જગ્યા, બેડ-દ્વારકા) તેમજ કિશનભગત (મહંત મચ્છુ માતાજીની જગ્યા, મોરબી) સહિતના સંતો પોતાની પાવન ઉપસ્થિતિથી ઉત્સવને મંગલમય બનાવશે.

લગ્નોત્સવનું આયોજન હમાપર રોડ પર આવેલા નાગબાઈ માતાજીના મંદિર, ખારવા ખાતે કરવામાં આવ્યું છે. સોનેરી અવસરોની ઝાંખી મુજબ, વહેલી સવારે ૬:૦૦ કલાકે જાનનું આગમન થશે. ત્યારબાદ સવારે ૯:૦૦ કલાકે છાબની વિધિ અને સવારે ૯:૩૦ કલાકે શાસ્ત્રી પરેશભાઈ નવીનચંદ્ર ઠાકર (હમાપર વાળા) ના આચાર્યપદે હસ્તમેળાપની શાસ્ત્રોક્ત વિધિ સંપન્ન થશે. લગ્નના શુભ અવસરે સવારે ૯:૦૦ કલાકે ભવ્ય લોકડાયરાનું આયોજન પણ કરવામાં આવ્યું છે. જેમાં જાણીતા લોકગાયક પીન્ટુભાઈ અલગોતર, ખુશીબેન રબારી અને વિજય દેલા ભરવાડ ''મધર સાઉન્ડ'' સાથે લગ્ન ગીતો અને ભજનની રમઝટ બોલાવી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરશે.

**સ્થાનિક અને મહત્વની બ્રાન્ચને ઊંઘતી રાખી...**

# બરવાળાના ખંભાડા ગામે દારૂના કટીંગ વેળાએ એસએમસી ત્રાટકી: રૂ.૧.૨૮ કરોડનો શરાબ પકડાયો

## ૧૬૮૨૦ બોટલ શરાબની, બે ટ્રક, બે કાર, બે પીકઅપ વાન અને બાઈક મળી રૂપિયા ૧.૮૧ કરોડનો મુદ્દામાલ

## ખંભાળાનો હિતેન્દ્ર ઉર્ફે મુન્નો ખાચર અને રાયપરનો વિજય બોરીચા સહિત ૧૦ શખ્સોની શોધખોળ આદરી

**અબતક, રાજકોટ**

બોટાદ જિલ્લાના બરવાળા તાલુકાના ખંભાળા ગામની સીમમાં વિદેશી દારૂના કટીંગ વેળાએ સ્ટેટ મોનિટરિંગ સેલે દરોડો પાડી રૂપિયા ૧.૨૮ કરોડની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે.પોલીસે સ્થળ પરથી ૧૬૮૨૦ બોટલ વિદેશી દારૂ બે ટ્રક બે કાર અને બાઈક મળી રૂપિયા ૧.૮૧ કરોડનો મુદ્દામાલ કબજે કર્યો છે પોલીસના દરોડા ને પગલે નાશ ભાગ મચી જવા પામી હતી. પોલીસે બરવાળા ના ખંભાળા ગામનો હિતેન્દ્ર ઉર્ફે મુન્નો ખાચર ગઢડા તાલુકાના રાયપર ગામનો વિજય રવુભાઈ બોરીચા સહિત બંને બુટલેગરોએ વિદેશી દારૂનો જથ્થો મંગાવ્યો હોવાનું ખુલતા ૧૦ શખ્સો નાશી છુટતા તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે. એસએમસીના દરોડા ને પગલે સ્થાનિક અને બ્રાન્ચને ઊંઘતી ઝડપાય છે. આ મામલે અનેકના તપેલા ચડવાની શક્યતાઓ દેખાઈ રહી છે.વધુ વિગત મુજબ રાજ્યમાં દારૂબંધીનો કડક અમલ કરવા ડીજીપી કે એલ એન રાવ આપેલી સૂચનાને પગલે સ્ટેટ મોનિટરિંગ સેલના વડા નિલિપ્ત રાયના માર્ગદર્શન હેઠળ એસ.પી મયુર સોલંકી એ પેટ્રોલીંગ હાથ ધરવા આપેલી સૂચના ને પગલે એસ.એમ.સી ના પી.એસ.આઈ. વી.એમ જાડેજા સહિતના સ્ટાફ દ્વારા બોટાદ જિલ્લામાં પેટ્રોલીંગ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે બોટાદ



જિલ્લાના બરવાળા તાલુકાના ખંભાળા ગામની સીમમાં વિદેશી દારૂનું કટીંગ થતું હોવાની મળેલી બાતમીના આધારે સ્ટાફે દરો પાડ્યો હતો. દરોડા દરમિયાન નાશ ભાગ મચી જવા પામ્યો હતો. પોલીસે રૂપિયા ૧.૨૮ કરોડની કિંમતને ૧૬ ૮૨૦ વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે બનાવ સ્થળ પરથી બે ટ્રક બે કાર, બે ાશભસીા અને બશસય મળી રૂપિયા ૧.૮૦ કરોડનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. હા દારૂનો જથ્થો ખંભાળાના હિતેન્દ્ર ઉર્ફે મુન્નો અનકુભાઈ ખાચર અને ગઢડા તાલુકાના રાયપર ગામનો વિજય રવુભાઈ બોરીચા નામના બંને બુટલેગરોએ આ વિદેશી દારૂનો જથ્થો પંજાબથી મંગાવ્યો હોવાનું ખુલતા પોલીસે સાત વાહન ચાલક અને વિદેશી દારૂનો જથ્થો સપ્લાય કરનાર અને મંગાવનાર બે બુટલેગર સહિત ૧૦ શખ્સો સામે બરવાળા પોલીસ મથકમાં ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરવામાં આવી છે. આ દરોડા ના પગલે બુટલેગરોમાં ફફડાટ મચી જવા પામ્યો છે. એસએમસીના દરોડા ને પગલે સ્થાનિક અને બ્રાન્ચ ઊંઘતી ઝડપાય છે. આ મામલે આગામી દિવસોમાં મોટા પગલાં લેવાય તો નવાઈ નહીં.

# વલભીપુર નજીક બોલેરો પીકપવાનના ચોરખાનામાંથી રૂ.૧૦.૩૨ લાખના દારૂ સાથે રાજસ્થાની ઝડપાયો

## એલસીબી એ દરોડો પાડી રૂ.૩૫૦૪ બોટલ શરાબ, બોલેરો અને મોબાઈલ મળી રૂ.૧૫.૩૭ લાખનો મુદ્દામાલ કબજે, જૂનાગઢના બાપુ સહિત ચાર શખ્સોની શોધખોળ

**અબતક**
**સિહોર આનંદ રાણા**

ભાવનગર જિલ્લાના વલભીપુર નજીક ચામુંડા હોટલ નજીક એલસીબીએ દરોડો પાળી બોલેરો પીકપ વાનના ચોર ખાનામાં છુપાવેલો ૧૦.૩૨ લાખના વિદેશી દારૂના જથ્થા સાથે રાજસ્થાની ચાલકની ધરપકડ કરી છે પોલીસે ૩૫૦૪ બોટલ શરાબની અને વાહન મળી ૧૫.૩૭ લાખનો મુદ્દા માલ કબજે કરી નાખી છૂટેલા જૂનાગઢના બાપુ નામના સક્ષ સહિત પાંચ શખ્સોની શોધખોળ હાથ ધરવામાં આવી છે. ભાવનગર જિલ્લામાં દારૂ અને જુગારની બધી દામી દેવા એસપી નિતેશ પાંડે દ્વારા આપેલી સૂચનાને પગલે ક્રાઈમ બ્રાન્ચ ના પીઆઈ એઆર વાળા સહિતના સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે ધંધુકા તરફથી બજ્ઞહયજ્ઞિ ાશભસીા વાનમાં રાજસ્થાની જગદીશ કુમાર ઉદયરામ ચારણ નામનો વિદેશી દારૂનો જથ્થો ભરીને ભાવનગર તરફ આવી રહ્યા હોવાની મળેલી બાતમીના આધારે વલભીપુર નજીક ચામુંડા હોટલ સામે વોચ ગોઠવી હતી ત્યારે જીજે ૮ એ યુ ૫૭૦૬ નંબરની બજ્ઞહયજ્ઞિ વાન ને અટકાવી તલાસી લેતા જેમાંથી રૂપિયા ૧૦.૩૨ લાખની કિંમતના ₹૩૫ ૦૪ બોટલ વિદેશી દારૂ સાથે જગદીશ ચારણ ની ધરપકડ કરી હતી પોલીસે ઝડપ પહેલા સક્ષની પ્રાથમિક પૂછપરછમાં આદારોનો જથ્થો જુનાગઢના ડુંગરપુર ના બાપુ નામે ઓળખાતા શકશે



મંગાવ્યો હોવાની અને રાજસ્થાનના હનુમાન બિસ્નોઈ, વિકાસ બિસનોઈ, માંગીલાલ બિસનોઈ એ મોકલ્યા હોવાનું ખૂલતા તમામની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

# અંજારના વરસાણામાંથી ૧૧૫ બોટલ વિદેશી દારૂ પકડાયો

**અબતક,**
**ભારતી માખીજાણી, ગાંધીધામ**



પૂર્વ કચ્છ જીલ્લામાં પ્રોહિબીશનના કેશો શોધી કાઢવા તેમજ દારૂને નેસ્તનાબુદ કરવા એસપી સાગર બાગમાર તરફથી મળેલ સુચના તથા ડીવાયએસપી મુકેશ ચૌધરીના માર્ગદર્શન હેઠળ અંજાર પીઆઈ એ.આર ગોહિલ અને સ્ટાફ પ્રોહીબીશનની બદીને નેસ્ત નાબૂદ કરવા સારૂ સતત પ્રયત્નશીલ રહી પોલીસ સ્ટેશન વિસ્તારમા ચાલતી આવી પ્રવુતિ કરતા ઈસમો પર સ્ટાફના માણસો તથા ખાનગી બાતમીદારો મારફતે સતત વોચ રાખી ખાનગી રાહે ચોક્કસ બાતમી હકીકત આધારે રેઈડ કરી વિદેશી દારૂની ૧,૦૮,૯૦૦ કિંમતની ૧૧૫ બોટલો કબજે કરી,આરોપી રમઝાન અયુબ હિંગોરજા વિરુધ્ધ ગુન્હો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કામગીરીમાં અંજાર પીઆઈ એ.આર.ગોહિલ, પીએસઆઈ જે.એસ.ચુડાસમા તથા પોલીસ સ્ટાફના માણસો સાથે રહ્યા હતા.

# વિછીયાના મોટા માત્રા ગામના પત્ની રિસામણે જતા યુવાનનો આપઘાતનો પ્રયાસ

## પત્ની પરત ન આવતા હતાશ ૨૫ વર્ષીય શ્રમિકે વાડીએ ઝેરી દવા ગટગટાવી લીધી

**અબતક, રાજકોટ**

વિછીયા તાલુકાના મોટા માત્રા ગામે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. જ્યાં પત્ની લાંબા સમયથી રિસામણે હોવાના દુઃખમાં એક ૨૫ વર્ષીય યુવાને પોતાની વાડીએ ઝેરી દવા પી જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો હતો. યુવાનને ગંભીર હાલતમાં તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, મોટા માત્રા ગામમાં રહેતા અને ખેતીકામ કરતા મુનાભાઈ રામજીભાઈ રોજાસરા (ઉં.વ. ૨૫) ગઈકાલે સાંજે પોતાની વાડીએ કામ કરી રહ્યા હતા. આ દરમિયાન તેમણે કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી લીધી હતી. ઘટનાની જાણ થતા જ પરિવારજનો દોડી આવ્યા હતા અને તેમને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા.પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે મુનાભાઈના લગ્ન બાદ તેમની પત્ની છેલ્લા ૨ વર્ષથી રિસામણે પિયર ચાલી ગઈ છે. લાંબા સમયથી સમજાવટ છતાં પત્ની પરત ન આવતા મુનાભાઈ માનસિક રીતે પરેશાન રહેતા હતા. આ હતાશામાં જ તેમણે ગઈકાલે વાડીએ ઝેરી દવા પી લીધી હોવાનું જાણવા મળ્યું છે.

મુનાભાઈ પાંચ ભાઈઓમાં સૌથી નાના છે અને ખેતીકામ કરી પોતાનું ગુજરાન ચલાવે છે. તેમને સંતાનમાં ૧ દીકરો ૧ દીકરી છે. પોતે તેના ભાઈની સાળી સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. હાલમાં આ મામલે સ્થાનિક પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ગઢકાની વારસાઈ જમીનમાં ભાગ નહિ આપી નાના ભાઈએ મોટા સાથે ઠગાઈ આચરી

## જમીનમાં નામ ચડાવી લઈ હિસ્સો આપવાનો ઈન્કાર કરી દીધો ભત્રીજાએ કાકા, કાકી અને પિતરાઈ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી

**અબતક, રાજકોટ**

રાજકોટ-ભાવનગર હાઈવે પર ત્રંબા નજીક આવેલ ગઢકા ખાતે આવેલી વારસાઈ જમીનમાં ભાગ નહિ આપી નાના ભાઈ અને તેના પરિવારે છેતરપિંડી આચરી હતી. જે મામલે ભત્રીજાએ કાકા, કાકી અને પિતરાઈ ભાઈ વિરુદ્ધ આજીડેમ પોલિસ મથકમાં ઠગાઈની ફરિયાદ નોંધાવી હતી.

મામલામાં રાજકોટ-ભાવનગર હાઈવે પર આવેલ સરધાર ગામે ભમ્મરીયાવાડી વિસ્તારમાં રહેતા પીજીવીસીએલના ૩૬ વર્ષીય કોન્ટ્રાકટર લલીતભાઈ મનસુખભાઈ ઢોલરીયાએ આરોપી તરીકે કાકા કિશોરભાઈ નરશીભાઈ ઢોલરીયા, કાકી કંચનબેન અને પિતરાઈ ભાઈ દર્શનનું નામ આપતાં આજીડેમ પોલિસની ટીમે આઈપીસીની કલમ ૪૨૦,૧૧૪ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી આદરી હતી. ફરિયાદીએ જણાવ્યું હતું કે, અમે બે ભાઈઓ છીએ. જેમાં મોટા પંકજભાઈ (ઉ.વ.૩૮) શેરબજારનુ કામ કરે છે. મારા પિતા બે ભાઈઓ તથા એક બહેન છે. જેમાં સૌથી મોટા મારા પિતા મનસુખભાઈ છે, તેનાથી નાના ફઈબા ભાનુબેન અને તેનાથી નાના કાકા કીશોરભાઈ છે. આ ફરીયાદ લખાવવા માટે મારા પિતાએ મનસુખભાઈ નરશીભાઈ ઢોલરીયાએ મને નોટરાઈઝ સોગંદનામુ કરી આપેલ છે. મારા દાદા નરશીભાઈ પરસોતમભાઈ ઢોલરીયાના નામે રાજકોટ જીલ્લાના ગઢકા ગામની રે.સ.નં.૨૬૬ કાદીવાળુ તરીકે ઓળખાતી જમીન હે.આ.રે. ૧-૭૦-૯૮ ની હોય તેમજ મારા કાકા કીશોરભાઈ નરશીભાઈ ઢોલરીયાના નામે રાજકોટ જીલ્લાના ગઢકા ગામની રે.સ.નં. ૨૬૮ પૈકી ૧ ની જમીન હે.આ.રે. ચો.મી. ૦-૫૪-૬૩ ની હોય જે જમીન તથા અન્ય મીલ્કતના ભાયુભાગ પાડવા માટે ગઈ તા.૨૮/૧૦/૨૦૨૨ ના રોજ મારા કાકા કીશોરભાઈના ઘરે ઘરમેળે પંચોની રૂબરૂમાં નકકી થયેલ હતુ કે, મારા દાદાના નામે આવેલ રાજકોટ જીલ્લાના ગઢકા ગામની રે.સ.નં. ૨૬૬ કાદીવાળુ તરીકે ઓળખાતી જમીન હે. આ.રે. ૧-૩૦-૯૮ વાળી જમીન મારા કાકા કીશોરભાઈ નરશીભાઈ ઢોલરીયાને આપી દેવાની તેમજ મારા કાકા કીશોરભાઈ નરશીભાઈ ઢોલરીયાના નામે આવેલ રાજકોટ જીલ્લાના ગઢકા ગામની રે.સ.નં. ૨૬૮ પૈકી ૧ ની જમીન હે.આ.રે. ચો.મી. ૦-૫૪-૬૩ જમીન પૈકી માંથી ૬૬ ટકા ભાગ મારા પિતાને આપવાનો તેમજ ૩૩ ટકા ભાગ મારા કાકા કીશોરભાઈને રાખવો તેમ નકકી થયેલ હતુ. જેથી મારા દાદાના નામની જમીનમાં મારા પિતા તથા મારા ફઈ ભાવનાબેનએ બન્નેએ હકક જતો કરીને વારસાઈ પડાવી આ જમીન મારા કાકા કીશોરભાઈના નામે તા.૩૦/૦૧/૨૦૨૩ ના રોજ કરી આપેલ હતી.

બાદ કાકાએ તેના નામે આવેલ રાજકોટ જીલ્લાના ગઢકા ગામની રે.સ.નં. ૨૬૮ પૈકી ૧ ની જમીન હે.આ.રે. ચો. મી. ૦-૫૪-૬૩ જમીનમાં વારસાઈ પડાવી તેના દીકરા દર્શનભાઈ કીશોરભાઈ ઢોલરીયા તથા કંચનબેન કીશોરભાઈ ઢોલરીયાના નામ ચડાવી લીધેલ હતી. બાદ મારા પિતા તથા મેં મારા કાકા, કાકી અને તેના દિકરાને વર્ષ ૨૦૨૩ માં વાત કરેલ કે, તમારા ભાગની જે જમીન છે તે જમીનમાં અમને અમારો ભાગ આપવાનો બાકી છે, તે આપો. તો મારા કાકાએ જણાવેલ કે, દાદાના નામની જમીન મારા નામે ચડી જાય ત્યારબાદ હું તમને તમારો ભાગ આપી દઈશ તેવુ વચન આપેલ હતું. બાદ મારા દાદાના નામની જમીન મારા કાકાના નામે થઈ ગયા પછી મેં અને મારા પિતાએ કાકાને તેના નામની જમીનમાં અમારો નીકળતો ભાગ આપવા માટે વાત કરેલ તો કાકા, કાકી તથા તેમના દિકરાએ જણાવેલ કે, તમને જમીનમાં અમારે કોઈ ભાગ આપવો નથી.

જે મામલે યુવકે ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, કાકા કીશોરભાઈ ઢોલરીયા, કાકી કંચનબેન તથા તેમનો દીકરો દર્શનએ મારા દાદાના નામની રાજકોટ જીલ્લાના ગઢકા ગામની રે.સ.નં.૨૬૬ કાદીવાળુ તરીકે ઓળખાતી જમીન હે.આ.રે. ૧-૭૦-૯૮ ની હતી. તેમાં મારા પિતા પાસેથી હક્ક જતો કરાવી પોતાના નામે જમીન કરાવી લીધી હતી. બાદ મારા કાકાના નામે આવેલ રાજકોટ જીલ્લાના ગઢકા ગામની રે.સ.નં. ૨૬૮ પૈકી ૧ ની જમીન હે.આ.રે. ચો. મી. ૦-૫૪-૬૩ વાળી જમીનમાં મારા પિતાના ભાગમાં આવતી કાયદેસરની જમીનમાં ભાગ નહીં આપી પોતે ઓળવી જઈ છેતરપિંડી કરેલ હતી.

# ધ્રોલની સરકારી હોસ્પિટલમાં વૃદ્ધનું સારવાર દરમિયાન મૃત્યુ

## પોલીસે મૃતકના વાલી વારસની શોધખોળ આદરી

**અબતક,**
**સંજય ડાંગર, ધ્રોલ**

ધ્રોલ સરકારી હોસ્પિટલ ખાતે તાજેતરમાં સારવાર લઈ રહેલા એક અજાણ્યા વૃદ્ધનું બીમારીના કારણે મૃત્યુ થતાં ધ્રોલ પોલીસે અકુદરતી મૃત્યુની નોંધ (ADR) દાખલ કરીને તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, મૃતકનું નામ આર મુધાયન મુર્ધન આડીતડ (ઉંમર આશરે ૭૮ વર્ષ) છે અને તેઓ પડધરી, જિ. રાજકોટના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. આ વૃદ્ધ છેલ્લા કેટલાક સમયથી રખડતું-ભટકતું જીવન જીવતા હતા અને ધ્રોલ બસ સ્ટેન્ડ પાસે રહેતા હતા.

ધ્રોલની મોચી બજાર વિસ્તારમાં રહેતા તેજશભાઈ મુકુંદભાઈ ફીચડીયાએ પોલીસને જાણ કરી હતી કે, વૃદ્ધની તબિયત સારી ન હોવાથી તેમણે બે દિવસ પહેલાં તેમને ધ્રોલ સરકારી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાવ્યા હતા. ગઈ તા. ૧૫/૧૦/૨૦૨૫ના રોજ સારવાર દરમિયાન વૃદ્ધનું મૃત્યુ થયું હોવાનું ફરજ પરના ડોક્ટરે જાહેર કર્યું હતું. પોલીસે આ અંગેની નોંધ તા. ૧૬/૧૦/૨૦૨૫ ના રોજ દાખલ કરી છે. મૃત્યુના ચોક્કસ કારણની જાણકારી મેળવવા માટે પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. મરણ જનારની ડેડ બોડી હાલમાં જામનગર જીજી હોસ્પિટલમાં છે. પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરી છે.

**પગભર થવા સ્ટાર્ટઅપ કરવા ઝંખતા...**

# યુવક પાસેથી પાંચ હજારની લાંચ લેતો એક લાખનો પગારદાર CGST ઈન્સ્પેક્ટર ઝડપાયો

## પુણામાં અભ્યાસ કરતા યુવાનને રાજકોટમાં વ્યવસાય શરૂ કરવો'તો : ડોક્યુમેન્ટ વેરિફિકેશન માટે માંગેલી લાંચ સ્વીકારતા રેસકોર્સમાં રંગેહાથ પકડ્યો



**અબતક, રાજકોટ**

એકતરફ સરકાર યુવાનોને પગભર બનાવવાની વાતો કરતી હોય છે ત્યારે બીજી બાજુ લાંચિયા બાબુ યુવકોને પગભર બનવામાં વિઘ્નરૂપ બની રહ્યા હોય તેવો વધુ એક બનાવ સામે આવ્યો છે. ત્યારે આવા જ એક બનાવમાં સ્ટાર્ટ અપ શરૂ કરનાર યુવાન પાસે રાજકોટ સેન્ટ્રલ જીએસટીના ઈન્સપેક્ટર ધર્મેન્દ્ર સરયુપ્રસાદ યાદવ રૂ. ૫ હજારની લાંચ લેતાં એસીબીએ રંગેહાથ ઝડપી લેતાં ખળભળાટ મચી ગયો હતો. પ્રાપ્ત વિગત મુજબ, રાજકોટનાં યુવાને ભાગીદારીમાં બિક્સપોર્ટ નામની ઈમ્પોર્ટ એક્સપોર્ટની કંપની ખોલી હતી. જેથી રેસકોર્સ રીંગ રોડ સ્થિત સીજીએસટી કચેરીનાં ઈન્સપેક્ટર ધર્મેન્દ્ર યાદવ કંપનીના સરનામે વેરિફિકેશન માટે પહોચ્યાં હતા. જે અંગેનો ફાઈનલ રિપોર્ટ આપવા માટે તેણે રૂ. ૫ હજારની લાંચ માગી હતી.

પરંતુ યુવાન લાંચ આપવા માંગતો ન હોવાથી એસીબીનો સંપર્ક કર્યો હતો. જેના આધારે એસીબીનાં પીઆઈ આર.આર. સોલંકીએ ટ્રેપ ગોઠવી હતી. નક્કી થયાં મુજબ ધર્મેન્દ્ર યાદવ પોતાના એક્ટીવા ઉપર લાંચની રકમ લેવા રેસકોર્સ મેદાનમાં પહોચ્યો હતો. જ્યાં ફરિયાદીને મળી રૂ. ૫ હજારની લાંચ સ્વીકારતા જ ટ્રેપમાં ગોઠવાયેલી એસીબીની ટીમે તેને રંગેહાથ ઝડપી લીધો હતો. એસીબીનાં સુત્રોએ જણાવ્યું કે, ધર્મેન્દ્ર યાદવ મૂળ મધ્યપ્રદેશનો વતની છે. રાજકોટનાં બજરંગવાડી વિસ્તારમાં રહે છે.

વધુમાં મળેલ વિગત અનુસાર, ફરિયાદી યુવાન માત્ર ૨૦ વર્ષનો છે. પુનામાં ઈન્ટરનેશનલ બિઝનેશને લગતો કોર્ષ કરે છે. અન્ય ભાગીદારો સાથે મળી તેણે સ્ટાર્ટ અપ શરૂ કર્યું હતું. આ માટે સીજીએસટી કચેરીનું કામ પડતાં તેની પાસે લાંચ માંગવામાં આવી હતી. તે કોઈ પણ ભોગે લાંચ આપી કામ કરાવવા માંગતો ન હતો. જેથી એસીબી પાસે પહોચ્યો હતો. જેના આધારે છટકુ ગોઠવી એસીબીએ આરોપીને પકડી પાડ્યો હતો. હાલ એસીબીની ટીમે પકડાયેલ આરોપીના મોબાઈલ કબ્જે લઈ તેમાં થયેલ અન્ય કોલ અને મેસેજ અંગે તેમજ મિલકત બાબતે પણ તપાસ આદરી છે.

રાજકોટ સીજીએસટી અધિકારી ધર્મેન્દ્ર યાદવ રૂ.૫ હજારની લાંચ લેતાં રંગેહાથ પકડાયો હતો. મળતી વિગત મુજન આરોપીનો હાલનો પગાર રૂ.૧ લાખ છે અને તે અધિકારીએ એક નવ યુવાન જે નવું સ્ટાર્ટઅપ કરવાં જઈ રહ્યો હતો તેની પાસેથી મામુલી ૫ હજાર લાંચ માંગી યુવકની મોરલ તોડવાનો પ્રયાસ કર્યો હતો.

# પડધરીના તરઘડીમાં ઝાપડા બંધુઓ પર છ શખ્સોની ટોળકીનો સશસ્ત્ર હુમલો

## આરોપીએ ૧૫ વર્ષ પૂર્વે યુવાનની પત્નીની છેડતી કરી'તી : પિતાની ચડામણી કરતો હોય ચાર દિવસ પહેલા ટેલિફોનિક બોલાચાલી થયાનો ખાર રાખી બેફામ માર મરાયો

**અબતક, રાજકોટ**

પડધરી તાલુકાના તડઘરી ગામે હોટેલે ચા પિતા બે ભાઈઓ પર છ શખ્સોની ટોળકીએ હુમલો કર્યો હતો. કાર અને બાઈકમાં ધસી આવેલી ટોળકીએ બંને યુવાનોને લાકડી વડે બેફામ માર માર્યો હતો. પંદર વર્ષ પૂર્વે આરોપીએ કરેલી છેડતી અને ચાર દિવસ પૂર્વે થયેલી ટેલિફોનિક વાતચીતનો ખાર રાખી કરવામાં આવેલ હુમલાના બનાવમાં પડધરી પોલિસે રાયોટ, હુમલા સહીતની કલમો હેઠળ છ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

બનાવ અંગે પડધરી તાલુકાના તડઘરી ગામે નાલાનગર વિસ્તારમાં રહેતા અને ડ્રાયવિંગનો વ્યવસાય કરતા ૩૭ વર્ષીય યુવાન જગદીશભાઈ હીરાભાઈ ઝાપડાએ આરોપી તરીકે કૌટુંબિક ભાઈ ઘેલા વિશા ઝાપડા, જીવણ વિશા ઝાપડા, વિશા અણદા ઝાપડા, મેરૂ અણદા ઝાપડા, કાના મેરુ ઝાપડા અને હકુ મોમ ઝાપડાનું નામ આપતાં પડધરી પોલિસે હુમલો, રાયોટ સહીતની કલમો હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત તા. ૦૯/૦૨/૨૦૨૬ ના રોજ બપોરના ચારેક વાગ્યે હું તથા મારા ભાઈ ખોડાભાઈ ચા પીવા માટે મોટરસાયકલ તરઘડી ગામેં આવેલ નાગબાઈ હોટલે ગયેલ હતા. ત્યાં ચા પીતી વેળાએ વિજયભાઈ માનસિંગભાઈ પરમાર તથા પાંચાભાઈ વીરસીંગભાઈ આલ સાથે વાતચીત કરતા હતા. દરમિયાન એક સફેદ કલરની હોન્ડા સિટી કારમાં ઘેલા વિશા ઝાપડા, જીવણ વિશા ઝાપડા, વિશા અણદા ઝાપડા તથા મેરૂ અણદા ઝાપડા લાકડી લઈને આવેલ હતા. જયારે કાના મેરૂ ઝાપડા મોટરસાયકલ પર લાકડી લઈને આવેલ હતો. ત્યારે જીવણ અને તથા ગેલાભાઈએ અમને બંને ભાઈઓને કહેલ કે, છાપરા નીચેથી બહાર આવતા રહો. જેથી મેં કહ્યું કે અમે અહીં ઊભા છીએ તમારે જે કરવું હોય તે કરી લ્યો. બાદ પાંચેય શખ્સો લાકડી વડે અમને બંને ભાઈઓને માર મારવા લાગેલ હતા. પાછળથી હકુ મોમભાઈ ઝાપડા પણ લાકડી લઈને બંને ભાઈઓ પર તૂટી પડેલ હતો. દરમિયાન ઘેલાભાઈએ મારા ભાઈ ખોડાભાઈને પકડી રાખેલ જયારે અન્ય શખ્સોને બેફામ લાકડી વડે માર મારવા લાગેલ હતા. જેથી મેં કહેલ કે, અમને મારી જ નાખો. બાદ તમામ શખ્સો અમને ગાળો આપી કહેવા લાગેલ કે, આજે રહી ગયા છો, બાકી ગમે તે દી' મારી જ નાખશું.

દરમિયાન હોટલ પર હાજર પાંચાભાઈ, રમેશભાઈ સાવલિયા, વિજયભાઈ પરમાર, જયંતીભાઈ ગજેરા, મનુભાઈ તથા અન્ય લોકોએ વચ્ચે પાડી અમને વધુ મારથી બચાવેલ હતા. જે બાદ તમામ હુમલાખોરો કાર અને મોટરસાયકલ લઈને નાસી ગયેલ હતા. હુમલાને પગલે મને ડાબા હાથના બાવળા ઉપર લોહી નીકળતું હોય અને મારા ભાઈને શરીરે મૂઢ ઈજા થયેલ હોય બંને મોટરસાયકલ લઈ પડધરી સરકારી હોસ્પિટલ ખાતે જવા નીકળ્યા હતા. દરમિયાન પડધરી ફાટક પાસે પહોંચતા મને ચક્કર આવવા લાગતા બનેવી ભરતભાઈને ફોન કરતા કાર લઈને દોડી આવેલ અને સારવાર અર્થે પડધરી સિવિલ હોસ્પિટલ ખાતે લઈ ગયેલ હતા. મામલામાં યુવાને ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, પંદરેક વર્ષ પહેલાં ઘેલા ઝાપડાએ મારી પત્નીની છેડતી કરેલ હોય જેથી બોલાચાલી થયેલ હતી. જે બાદ અમારે કોઈ વ્યવહાર ન હતો. ઉપરાંત ઘેલાભાઈ મારા પિતા હીરાભાઈની ચડામણી કરતા હોય જેના લીધે અમારા ઘરમાં માથાકુટ થતી હોય છે. જેથી મારા ભાઈ ખોડાભાઈએ ચારેક દિવસ પહેલા ઘેલાભાઈને ફોન કરીને કહેલ હોય કે, હવે તમે અમારા ઘરે ન આવતા તમારા કારણે અમારા ઘરમાં માથાકુટ થઈ છે તેવું જણાવેલ હતું. જેના કારણે આ હુમલો કરવામાં આવ્યો હતો.

**પડધરી પોલિસે હુમલો, રાયોટ સહીતની કલમો હેઠળ છ શખ્સો વિરૂદ્ધ ગુનો નોંધ્યો**

# ઉનાના કાજરડી ગામે દેશી દારૂની ભઠ્ઠી ઝડપાય

**અબતક, ઉના**

ઊના પોલીસે કાજરડી ગામની સીમમાં ખેતીમાં જમીન ઉપર દેશી દારૂ બનાવવાની ભઠી ઉપર રેડ કરી ૨૮૩૪૦/નો મુદામાલ કબજે કર્યો આરોપી રેડ દરમિયાન નાસી ગયો

ઊના તાલુકાના કાજરડી ગામની સીમમાં ઊનાના પોલીસ ઈન્સ્પેકટર નિલેશભાઈ બી. ચૌહાણ અને સર્વેલન્સ સ્ટાફના એ.એસ.આઈ. શાંતિભાઈ વેલાભાઈ, જોરૂભાઈ મકવાણા , ભાવસિંહ ગોવિંદ ભાઈ, હરપાલસિંહ ચુડાસમાં, સુનિલભાઈ કેસવભાઈ, અનિલભાઈ ભૂપતભાઈ અને સ્ટાફને માહિત મળી હતી કે કરશનભાઈ ગાડાંભાઈ બાંભણિયાના ખેતરમાં દેશી દારૂ બનાવવાની મીની ફેક્ટરી ધમધમતી હોય રેડ કરતા આરોપી કરશન હાજર મળી આવેલ નહીં પરંતુ સ્થળ ઉપર દેશી દારૂ બનાવવા નો આથો ૪૬૦લિટર અને દેશી દારૂ ના કેન ૮૦ લિટર પ્લાસ્ટિક ના બેરલ નગ બે, પતરાં ના ડબા ૪મળી કુલ રૂપિયા ૨૮૩૪૦/ મુદામાલ કબજે કર્યો હતો અને આરોપી કરશન ગાંડા ભાઈ બાંભણિયા રે. કાજરડી ની સામે ગુનો દાખલ કરી કાર્યવાહી કરી હતી.

# ટંકારા નજીક મહિલાનું ગળુ હળવું કરનાર રાજકોટની સમડી અને વેપારી ઝડપાયો

## ચાલુ રિક્ષામાં બાઈક સવારે સોનાના હારની ચીલઝડપ કરી સોની વેપારીને વેંચ્યો

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

ટંકારા તાલુકાના મિતાણા ઓવરબ્રિજ પાસે ઓટોરિક્ષામાં જઈ રહેલી મહિલાના ગળામાંથી સોનાનો હાર ઝુંટવી ભાગી જનાર આરોપી અને ચોરાયેલા દાગીનાનો ઢાળીયો બનાવી વેચનાર સોનીને મોરબી ક્રાઈમ બ્રાંચે ઝડપી લીધા છે. સી.સી.ટી.વી., ટેકનિકલ માહિતી અને હ્યુમન સોર્સના આધારે ગુનાનો ભેદ ઉકેલી કુલ રૂ. ૬.૮૧ લાખનો ૧૦૦ ટકા મુદામાલ કબજે કરાયો છે.



ટંકારાના મિતાણા ગામ નજીક ગત તા.૦૪/૦૨/૨૦૨૬ના રોજ બપોરના સમયગાળામાં ઓટોરિક્ષામાં પરિવાર સાથે જઈ રહેલી પલાસ ગામ તા.વાંકાનેર ખાતે રહેતા ધુનાબેન હકાભાઈ ગમારા નામની મહિલાના ગળામાંથી સોનાના હારની ચીલઝડપ કરીને અજાણ્યો ઈસમ નાસી ગયો હતો. કાળા રંગના મોટરસાયકલ પર આવેલા, લાલ મરૂન ટી-શર્ટ પહેરેલા અને મોઢે રૂમાલ બાંધેલા આશરે ૩૦થી ૩૫ વર્ષની વય ધરાવતા ઈસમે ફરીયાદીના ગળામાં પહેરેલ આશરે પાંચ તોલાનો ટીલીવાળો સોનાનો હારનો અડધો ભાગ અંદાજે બે સવા બે તોલા જેની કિંમત આશરે રૂ.૧,૨૫,૦૦૦/- હતી. આ અંગે ટંકારા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.

ગુનાની ત્વરિત તપાસ દરમિયાન મોરબી ક્રાઈમ બ્રાંચ અને પેરોલ-ફર્લો સ્ક્વોડ દ્વારા સી.સી.ટી.વી. ફૂટેજ, ટેક્નિકલ સાધનો અને હ્યુમન સોર્સની મદદથી આરોપીની ઓળખ કરવામાં આવી હતી. તપાસમાં રાજકોટનો રહેવાસી આરોપી સંદીપભાઈ જીતેન્દ્રભાઈ પંડ્યાની અટકાયત કરવામાં આવી હતી. જેની સઘન પૂછતાછમાં તેણે ગુનો કબૂલ કર્યો હતો.

આરોપીએ ચોરી કરેલો સોનાનો હાર રાજકોટના સોની બજારમાં શ્રીકાંતભાઈ હેમંતભાઈ સોની પાસે ઢાળીયો બનાવી વેચી નાખ્યો હોવાનું ખુલ્યું હતું. જેથી પોલીસે બંન્ને આરોપીઓની અટક કરી હતી. પોલીસે આરોપીઓ પાસેથી ૨૨ કેરેટનો ૨૩.૬૬૦ ગ્રામ વજનનો સોનાનો ઢાળીયો કિ.રૂ.૩,૩૧,૦૦૦/-, ચીલઝડપમાંથી મળેલા રોકડા રૂ.૩,૦૦,૦૦૦/- તથા ગુનામાં વપરાયેલ હીરો સ્પ્લેન્ડર મોટરસાયકલ રજી.નં. જીજે-૦૩-એનઈ-૫૦૫૪ કિ.રૂ.૫૦,૦૦૦/- સહિત કુલ રૂ.૬,૮૧,૦૦૦/-નો મુદ્દામાલ કબજે કર્યો છે. પકડાયેલા બંને આરોપીઓને ધોરણસરની કાર્યવાહી બાદ આરોપી તથા મુદામાલ સાથે આગળની તપાસ માટે ટંકારા પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવ્યા છે.

# મોરબીમાં ભુગર્ભ જળ વ્યવસ્થાપન અંગે યોજાયો જાગૃતિ સેમીનાર

## ઉદ્યોગપતિઓને ભુગર્ભ જળ મંજુરી પ્રક્રિયા અંગે અપાયું માર્ગદર્શન

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી સ્થિત સિરામિક એસોસિએશન હોલ ખાતે તા.૦૭/૦૨/૨૦૨૬ ના રોજ અમદાવાદ તરફથી પધારેલા અધિકારીઓની ઉપસ્થિતિમાં જાગૃતિ કાર્યક્રમ તથા ઈન્ટરએક્ટિવ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ડો. રતિકાંત નાયક-પ્રાદેશિક નિયામક, બિસ્વરૂપ મહાપાત્ર-સાયન્ટિસ્ટ, સદ્દામ હુસૈન-સાયન્ટિસ્ટ તથા પ્રબોધ કુમાર કુશ્વાહા હાજર રહ્યા હતા. આ ઈન્ટરએક્ટિવ સેશન દરમિયાન સિરામિક ઉદ્યોગકારોને ગ્રાઉન્ડ વોટર પરમિશન, એનઓસી મેળવવાની પ્રક્રિયા તેમજ સંબંધિત નિયમો અંગે વિસ્તૃત માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.




કાર્યક્રમ દરમિયાન ઉદ્યોગકારોએ પોતાના પ્રશ્નો રજૂ કર્યા હતા અને અધિકારીઓ દ્વારા તેના યોગ્ય ઉકેલ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપયોગી અને માહિતીસભર સેશન બદલ મોરબી સિરામિક મેન્યુફેક્ચરર્સ એસોસિએશનના હોદ્દેદારો દ્વારા અધિકારીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# મોરબી નજીક અજાણ્યા વાહનની ઠોકરે બાઈક ચાલક પ્રૌઢનું મોત

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી-વાંકાનેર નેશનલ હાઈવે પર લાલપર ગામ નજીક સર્વિસ રોડ ઉપર અજાણ્યા વાહનની અડફેટે બાઈક ચાલક પ્રૌઢનું મોત થયું છે.

મોરબીના લાલપર ગામ નજીક ગત તા. ૦૧/૦૨/૨૦૨૬ના રોજ રાત્રીના આશરે સાડા આઠથી પોણા નવ વાગ્યાના સુમારે બાઈક ચાલક સુરેશભાઈ ચતુરભાઈ દેત્રોજા ઉ.વ.૫૫ રહે.વર્ધમાન એપાર્ટમેન્ટ-૨૦૪ લીલાપર રોડ મોરબી મૂળરહે. લગધીરનગર-નવાગામ વાળા હીરો હોન્ડા કંપનીનું મોટરસાયકલ રજી.નં. જીજે-૦૩-એફઆર-૦૬૩૦ લઈને લાલપર ખાતે આવેલી પોતાની ઓફિસેથી ઘરે મોરબી તરફ જઈ રહ્યા હતા, તે દરમિયાન લાલપર એસ.બી.આઈ. બેંક સામે આવેલા સર્વિસ રોડ પર અજાણ્યા વાહન ચાલકે બેફામ ઝડપે અને બેદરકારીપૂર્વક વાહન ચલાવી બાઈકને ઠોકર મારી હતી. આ અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલ સુરેશભાઈને ઘટના સ્થળે હાજર રહેલા અજાણ્યા બે ઈસમોએ પ્રાઈવેટ વાહનમાં મોરબીની ક્રિષ્ના હોસ્પિટલે ખસેડ્યા હતા. જ્યાં હાજર ડોક્ટરે જોઈ તપાસી સુરેશભાઈને મૃત જાહેર કર્યા હતા. ત્યારે સમગ્ર અકસ્માતના બનાવ મામલે મૃતકના ભાઈ રાજનીશભાઈ ચતુરભાઈ દેત્રોજાની ફરિયાદને આધારે મોરબી તાલુકા પોલીસે આરોપી અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# વાંકાનેરના પંચાસીયા ગામે રસોઈ બાબતે પતિએ ઠપકો આપતા પત્નીએ વખ ઘોળ્યું

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

વાંકાનેર તાલુકાના પંચાસીયા ગામે ૪૦ વર્ષીય પરિણીતાએ રસોઈ બાબતે પતિ દ્વારા મળેલા ઠપકાનું મનમાં લાગી આવતા ઝેરી દવા પી લીધી હતી. ત્યારે સારવાર દરમિયાન તેમનું મોત થતા પોલીસે અ.મોતની નોંધ કરી આગળની તપાસ શરૂ કરી છે.વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ અપમૃત્યુના બનાવ અંગે મળતી વિગતો અનુસાર, જાહેર કરનાર રાજેશભાઈ ઉર્ફે વિશાલભાઈ અમરાભાઈ નાયકા રહે. હાલ પંચાસીયા ગામે વાડીમાં મુળરહે.નાનસલાઈ તા.સંતરામપુર જી.મહીસાગર દ્વારા પોલીસને આપેલ વિગતો મુજબ, મરણજનાર મંજુલાબેન રાજેશભાઈ ઉર્ફે વિશાલભાઈ નાયકા ઉ.વ.૪૦ને રસોઈ બનાવવા બાબતે પતિએ ઠપકો આપતા મનમાં લાગી આવ્યું હતું. આ કારણે તેમણે તા.૦૩/૦૨/૨૦૨૬ના રોજ પોતાની જાતે ઝેરી દવા પી લીધી હતી. જે બાદ તેમને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ચાલુ સારવાર દરમિયાન તા.૦૭/૦૨/૨૦૨૬ના રોજ તેમનું મોત નિપજ્યું હતું. પોલીસ દ્વારા અ.મોત નોંધ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# વાંકાનેર-મીતાણા રોડ પર તિથવા પાસે આસોઈ નદી પર નવા માઈનોર બ્રિજની કામગીરી શરૂ

**અબતક, લિતેશ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેરથી મીતાણા રોડ પર તિથવા ગામના પાટીયે આસોઈ નદી પરનો કોઝવે લાંબા સમયથી જર્જરીત હાલતમાં હોવા મામલે અવાર-નવારની રજૂઆતો બાદ રાજ્ય સરકાર દ્વારા રૂ.૬૫૦ લાખનાં ખર્ચે નવો માઈનોર બ્રિજ મંજૂર કરવામાં આવ્યો હોય, જેના ટેન્ડર સહિતની કામગીરી બાદ હવે નવા બ્રિજ નિર્માણની કામગીરી શરૂ કરવામાં આવી છે, જેના પ્રથમ ચરણમાં ડાયવર્ઝન તૈયાર થયાં બાદ જુના પુલને તોડી નવા માઈનોર બ્રિજની કામગીરી શરૂ કરવામાં આવશે. તેમ ડેપ્યુટી ઈજનેર દ્વારા જણાવાયું છે.



મોરબી જિલ્લા ભાજપ લઘુમતિ મોરચાના મહામંત્રી અબ્દુલમજીદ કડીવાર, તાલુકા પંચાયત સદસ્યા અમીનાબેન હુસેનભાઈ શેરસિયા તથા તિથવા મહાલનાં ભાજપ આગેવાનોની ભલામણથી મળનારી સુવિધા સમગ્ર વિસ્તાર માટે આશિર્વાદરૂપ બની રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે તિથવાના પાટીયે ચોમાસાના સમયમાં આસોઈ નદી પર પાણીનો પ્રવાહ વધી જવાથી અવારનવાર વાહન વ્યવહાર ઠપ્પ થઈ જતો હોય, જેના કારણે આ રોડ પર આવેલ તિથવા, અરણીટીંબા, પીપળીયા રાજ, વાલાસણ સહિતના ગામોના નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હોય, ત્યારે નવા બ્રિજ નિર્માણ બાદ આ સમસ્યાનો અંત આવશે. તેવી આશા સ્થાનિક ગ્રામજનોએ વ્યક્ત કરી છે.


# મોરબી રાજય કક્ષાની બાળ પ્રતિભા શોધ સ્પર્ધામાં ૯ બાળ કલાકારો ઝળકયા

## પ્રદેશ કક્ષાના વિજેતા સ્પર્ધકો વચ્ચેની કસોકસની ટકકરથી નિર્ણાયકો મુકાયા અસમંજસમા

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી ખાતે 'રાજ્ય કક્ષા બાળ પ્રતિભા શોધ સ્પર્ધા' નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. મોરબીની વેદાંત ગ્લોબલ સ્કૂલ ખાતે તા. ૦૮/૦૨/૨૦૨૬ અને ૦૯/૦૨/૨૦૨૬ દરમિયાન સમગ્ર રાજ્યના ૧૦૦૦ જેટલા બાળ પ્રતિભાશાળી કલાકારોએ વિવિધ સ્પર્ધાઓમાં પોતાની કલાનું પ્રદર્શન કર્યું હતું.





મોરબીના યજમાનપદે યોજાયેલી આ રાજ્યકક્ષાની સ્પર્ધામાં મોરબી જીલ્લાના બાળ કલાકારોએ પણ પોતાની અદભૂત કલા સાધના થકી મેદાન માર્યું છે. મોરબી જીલ્લાએ વિવિધ કેટેગરીમાં ઝળહળતી સફળતા પ્રાપ્ત કરતા કુલ ૯ ઈનામો પોતાના નામે કર્યા છે. જેમાં 'અ' વિભાગમાં વક્તૃત્વ સ્પર્ધામાં દ્વિતીય, એકપાત્રીય અભિનયમાં તૃતીય, લગ્નગીતમાં તૃતીય, લોકવાદ્ય સંગીતમાં દ્વિતીય અને સર્જનાત્મક કારીગરીમાં દ્વિતીય ક્રમાંક મેળવી જીલ્લાની બહુમુખી પ્રતિભાનો પરિચય આપ્યો છે. 'બ' વિભાગમાં પણ કલાકારોએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરતા લોકવાદ્ય સંગીતમાં પ્રથમ અને લગ્નગીતમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. ઉપરાંત, 'ખુલ્લો વિભાગ' માં પણ મોરબીના કલાકારોએ ભજનમાં દ્વિતીય અને લોકનૃત્યમાં તૃતીય ક્રમાંક મેળવી રાજ્યસ્તરે મોરબીની સાંસ્કૃતિક ધરોહરને ગૌરવવંતું સ્થાન અપાવ્યું છે. આ રાજ્યકક્ષાની સ્પર્ધામાં ગુજરાતના વિવિધ જીલ્લાઓમાંથી પ્રદેશ કક્ષાએ પ્રથમ અને દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી વિજેતા થયેલા બાળ સ્પર્ધકો પોતાના જીલ્લા અને પ્રદેશનું ગૌરવવંતુ પ્રતિનિધિત્વ કરી પ્રતિભાના ઓજસ પાથર્યા હતા.

બાળકોમાં છુપાયેલી પ્રતિભાઓને શોધી તેમને ઉચિત પ્લેટફોર્મ પૂરું પાડવાના હેતુ સાથે સરકાર દ્વારા રાજ્ય કક્ષાની આ સ્પર્ધાના વિજેતાઓને પોતાની વિશિષ્ટ પ્રતિભાના પ્રદર્શન માટે વિવિધ માધ્યમો થકી ભવિષ્યમાં વધુ બહોળું પ્લેટફોર્મ અને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવશે. આ પ્રસંગે જીલ્લા યુવા વિકાસ અધિકારી હિરલ વ્યાસ તથા સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# તેરા તુજકો અર્પણ અભિયાન અંતર્ગત

# હળવદ પોલીસે લૂટ કેસમાં રીકવર રોકડ મુળ માલીકને પરત કરાવી

## લૂટની ૫.૯૧ લાખની રીકવર મતા પરત મળતા ફરિયાદીએ પોલીસનો માન્યો આભાર

**અબતક, ઋષી મહેતા, મોરબી**

હળવદના રાણેકપર રોડ પર થયેલી લૂંટના કેસમાં હળવદ પોલીસે ઝડપી કાર્યવાહી કરી રૂ.૫,૧૯,૮૦૦/- રોકડા રિકવર કરી તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત ફરીયાદીને પરત આપ્યા છે. ડીવાયએસપી સમીર સારડાના હસ્તે રકમ સોંપવામાં આવી હતી.



હળવદના રાણેકપર રોડ પર થયેલી લૂંટના બનાવની હળવદ પોલીસ દ્વારા સઘન તપાસ ચલાવવામાં આવી રહી હતી. આ લૂંટમાં ફરીયાદી રજનીકાંતભાઈ ભીખાભાઈ દેથરીયા રહે.આનંદ બંગ્લોઝ રાણેકપર રોડ હળવદ વાળા બાઈક ઉપર જઈ રાહત હોય ત્યારે આંખમાં મરચું છાંટી તેમની પાસેથી કુલ રૂ.૬,૯૦,૦૦૦/- રોકડા લૂંટવામાં આવ્યા હતા. આ કેસની પોલીસ તપાસ દરમિયાન આ ગુનામાં સંડોવાયેલા આરોપી રાહુલ ઉર્ફે પિંગરો હળવદીયા તથા કિશન પરસાડીયાને ઝડપી લેવામાં આવ્યા હતા.

તેમની પાસેથી લૂંટમાં ગયેલા રોકડા પૈકી રૂ.૫,૧૯,૮૦૦/- રિકવર કરવામાં આવ્યા હતા. રિકવર થયેલી રકમ ફરીયાદીને પરત મળે તે માટે જરૂરી કાર્યવાહી હળવદ પોલીસે સત્વરે પૂર્ણ કરી તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત ડીવાયએસપી સમીર સારડાના હસ્તે ફરીયાદીને રૂ.૫,૧૯,૮૦૦/- રોકડા પરત સોંપવામાં આવ્યા હતા.

# મોરબી: ઓકટીવા સિરામીક કારખાનાના લેબર કોલોનીમાં શ્રમિકનો આપઘાત

## લીમોની સિરામીક કારખાનામાં યુવકનું મોત

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં એક જ દિવસે અલગ અલગ ત્રણ અપમૃત્યુના બનાવ નોંધાયા છે.

પાવળીયારી કેનાલ પાસે આવેલી લીમોજા સિરામિક કારખાનાની લેબર કોલોનીમાં નોંધાયો હતો. અહીં રહેતા ધર્મેન્દ્ર પ્રભુલાલ જંશવત ઉવ.૩૨નું કોઈ કારણસર પોતાના રૂમમાં જ અચાનક મોત નીપજ્યું હતું. જેથી મૃતદેહને મોરબી સરકારી હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે લાવવામાં આવ્યો હતો. આ ઘટનાને લઈને પોલીસે અ.મોતની નોંધ કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે. લગધીરપુર રોડ પર આવેલી ઓકટીવા સિરામિક કારખાનાની લેબર કોલોનીમાં રહેતા રામઅવતાર રામનિવાસ પાલ એ ગળેફાંસો ખાઈ લેતા મોતને ભેટ્યા હતા. લાશને મોરબી સરકારી હોસ્પિટલ ખાતે લાવવામાં આવી હતી. આ સંદર્ભે પોલીસે અ.મોત નોંધવામાં આવી છે અને આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

# ધાંગધ્રા: રણેચી માતાના સામૈયા સાથે ધાર્મિક ઉત્સાહ ઉજવાયો



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધાંગધ્રા શહેરમાં આસ્થા અને ભક્તિનો અદભુત સંગમ જોવા મળ્યો હતો. શહેરના ડી.સી.ડબલ્યુ. કંપની સામે આવેલ પ્રસિદ્ધ રણેચી માતાના મંદિરમાંથી આજે રણેચી માતાનો ભવ્ય સામૈયો કાઢવામાં આવ્યો હતો. ૫૨ ગજની ૩૩ ધજાઓ સાથે યોજાયેલા આ સામૈયામાં ધાંગધ્રા સહિત સમગ્ર ગુજરાતભરના ભક્તો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા રણેચી માતા પ્રત્યેની અખૂટ શ્રદ્ધા દર્શાવતા ભક્તોએ સામૈયામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. ભક્તિગીતો, જયકારો અને માતાના નારા સાથે સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું સામૈયા દરમિયાન માર્ગો પર ભક્તોની ભીડ જોવા મળી હતી અને માતાના દર્શન માટે ભક્તો ઉત્સુક રહ્યા હતા આ પ્રસંગે ભક્તોએ માતાજીને ધજા, ચૂંદડી અને પ્રસાદ અર્પણ કરીને પોતાની શ્રદ્ધા વ્યક્ત કરી હતી. રાત્રિના સમયે મંદિરે ડાક-ડમરૂ, ભજન-કીર્તન તેમજ અન્ય ધાર્મિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં મોટી સંખ્યામાં ભક્તો જોડાવાની અપેક્ષા છે આ રીતે રણેચી માતાના સામૈયાએ ધાંગધ્રા શહેરમાં ધાર્મિક એકતા, શ્રદ્ધા અને સંસ્કૃતિનો સુંદર સંદેશો આપ્યો હતો.

# ગોંડલ: સરદાર પટેલ ગ્રુપના સમુહ લગ્નમાં નિખિલ દોગાએ આપેલુ ૧૧ લાખનુ દાન ન સ્વીકારાયું

**અબતક,જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**

ગોંડલ માં કોઈ ને કોઈ મુદ્દે આક્ષેપો કે વિવાદ નું વાતાવરણ સર્જાતું રહેતુ હોય જેમાં આડકતરી રીતે ગોંડલ નું રાજકારણ નજરે પડતુ હોય છે.ગત રવિવારે સરદાર પટેલ સોશિયલ ગ્રુપ દ્વારા લેઉવા પટેલની ૩૧ દીકરીઓના સમૂહ લગ્નનું આયોજન ધામધૂમપૂર્વક કરાયું હતું

આ સમૂહ લગ્નમાં નિખિલ દોંગા દ્વારા ૧૧,૧૧,૧૧૧ લાખનું દાન અપાયુ હતું.ત્યારે એક જુથ નાં પિયુષ રાદડિયા દ્વારા સોશિયલ મિડીયા માં વિડીયો વાયરલ કરી આક્ષેપ કરાયો હતો કે રાજકીય પ્રેશરથી આયોજકો દ્વારા નિખિલ દોંગાનું દાન ન સ્વિકારાયું નથી.પિયુષ રાદડિયાએ આરોપ લગાવ્યો કે સમૂહ લગ્નના પોસ્ટર્સમાં દાતાઓમાં નિખિલ દોંગાનું નામ આવતા ગોંડલના મોટા નેતાએ આયોજકોને નિખિલ દોંગાનું દાન ન લેવા પ્રેશર કર્યુહતુ.

પાટીદાર યુવક અને સામાજિક આગેવાન પીયૂષ રાદડિયા એ કહ્યુ કે અમારી પાસે પુરાવા પણ છે કે રાજકીય પ્રેશરના કારણે નિખિલ દોંગા દ્વારા આપાયેલ દાન સ્વીકારવાની ના પાડી હતી.

બીજી તરફ સમૂહ લગ્ન નાં આયોજકો પૈકી ગીરધરભાઈ વેકરીયા એ જણાવ્યું કે અગીયાર લાખ નાં દાન મુદ્દે અમોને કોઈ રાજકીય આગેવાન નું દબાણ નથી આવ્યું.આ દાન લેવા અંગે કોઈ વિવાદ નાં સર્જાય તે હેતુ થી દાન સ્વિકારાયુ નથી.

# રાજુલાની કાન્હા વિશ્વ વિદ્યાલયની ધોરણ ૧થી ૮ની માન્યતા રદ, તમામ વર્ગો બંધ કરવા હુકમ

## ખોટા દસ્તાવેજો અને ગંભીર અનિયમિતતા મામલે શિક્ષણ વિભાગની કડક કાર્યવાહી: વાલીઓમાં રોષ

**અબતક, ચેતન વ્યાસ, રાજુલા**

શિક્ષણ એ સમાજનું મજબૂત આધારસ્તંભ છે. શિક્ષણ સંસ્થાઓ ઉપર સમાજનો અઢળક વિશ્વાસ ટકેલો હોય છે. જ્યારે કોઈ શૈક્ષણિક સંસ્થા આ વિશ્વાસને ભંગ કરે, નિયમોનો ઉલ્લંઘન કરે અને ખોટા દસ્તાવેજોના આધારે શિક્ષણ કાર્ય ચલાવે, ત્યારે માત્ર વિદ્યાર્થીઓનું ભવિષ્ય જ નહીં પરંતુ સમગ્ર શિક્ષણ વ્યવસ્થાની વિશ્વસનીયતા પણ સંકટમાં મુકાઈ જાય છે. રાજુલા કાન્હા વિશ્વ વિદ્યાલય સામે લેવામાં આવેલ તાજેતરની કાર્યવાહી આવા જ એક ગંભીર કેસ તરીકે સામે આવી છે.આ સમગ્ર મામલાની શરૂઆત તા. ૨/૬/૨૦૨૫ અને તા. ૯/૬/૨૦૨૫ના રોજ જગદીશભાઈ ઝાંખરા દ્વારા કરવામાં આવેલી લેખિત ફરિયાદોથી થઈ હતી. ફરિયાદમાં કાન્હા વિશ્વ વિદ્યાલય દ્વારા શાળા ચલાવવા માટે જરૂરી મંજૂરીઓ તથા દસ્તાવેજોમાં અનિયમિતતા અને ખોટા દસ્તાવેજો રજૂ કરવાના ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા હતા. ફરિયાદને ધ્યાનમાં લઈ જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી દ્વારા તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી, રાજુલાને સ્થળ તપાસ કરી સ્પષ્ટ અભિપ્રાય સાથે અહેવાલ રજૂ કરવા સૂચના આપવામાં આવી હતી.

તપાસ દરમિયાન શાળા સંચાલક દ્વારા ભાડા કરાર, જમીનના નકશા તેમજ બાંધકામ માટેની મંજૂરીના ઓરિજિનલ દસ્તાવેજો રૂબરૂ તપાસ સમયે રજૂ કરવામાં આવ્યા નહોતા. વધુમાં, શાળા દ્વારા નાયબ કાર્યપાલક ઈજનેર, રાજુલા કચેરીનું બી.યુ.પી. સર્ટિફિકેટ રજૂ કરવામાં આવ્યું હતું, પરંતુ તેની તપાસ કરતાં નાયબ કાર્યપાલક ઈજનેર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે આવું કોઈ સર્ટિફિકેટ તેમની કચેરીના અધિકૃત રેકોર્ડમાં ઉપલબ્ધ નથી. આ બાબતે દસ્તાવેજોની સાચાઈ ઉપર ગંભીર શંકા ઊભી થઈ હતી. શાળામાં મંજૂરી વગર હોસ્ટેલ ચલાવવામાં આવતી હોવાના સંકેતો મળ્યા હતા તેમજ અન્ય અનેક શૈક્ષણિક અને વહીવટી અનિયમિતતાઓ પણ સામે આવી હતી. આ ગંભીર બાબતોને ધ્યાનમાં રાખી તા. ૩૦/૭/૨૦૨૫ના રોજ શાળાના ટ્રસ્ટી, આચાર્ય તથા તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીની રૂબરૂ સુનાવણી જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી દ્વારા યોજવામાં આવી હતી. સુનાવણી દરમિયાન શાળાના ટ્રસ્ટી દ્વારા આધાર પુરાવા રજૂ કરવા માટે સમય માગવામાં આવતા દસ દિવસની મુદત આપવામાં આવી હતી, પરંતુ આ મુદત દરમિયાન પણ જરૂરી આધાર પુરાવાઓ રજૂ કરવામાં આવ્યા નહોતા.સમિતિના અહેવાલ અને સમયમર્યાદા છતાં આધાર પુરાવાઓ પૂરતા પ્રમાણમાં રજૂ ન થતાં જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી દ્વારા પ્રાથમિક શિક્ષણ નિયામક, ગાંધીનગરને શાળાની માન્યતા પાછી ખેંચવા માટે દરખાસ્ત મોકલવામાં આવી હતી. આ દરખાસ્તના અનુસંધાને નિયામક દ્વારા શાળામાં થયેલી અનિયમિતતાઓને ધ્યાને લઈ શૈક્ષણિક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી.

અંતે તમામ કાર્યવાહી, અહેવાલો અને નિયમોને ધ્યાનમાં લઈ RTE Rules ૨૦૧૨ના નિયમ ૧૪(૩) મુજબ કાન્હા વિશ્વ વિદ્યાલયની માન્યતા રદ કરવાની પ્રક્રિયા હેઠળ જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી મિયાણી દ્વારા તા. ૩/૨/૨૦૨૬ના રોજ ધોરણ ૧થી ૮ સુધીના તમામ વર્ગો બંધ કરવાનો હુકમ કરવામાં આવ્યો છે. આ નિર્ણયથી ખાનગી શાળાઓ ચલાવતા વર્તુળોમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

# મોરબી મનપામાં સમાવિષ્ટ પંચાયતોના જન્મ પ્રમાણપત્રમાં બાળકનું પૂરું નામ સુધારવા નવી પ્રક્રિયા જાહેર

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી મહાનગરપાલિકા તા. ૧/૧/૨૦૨૫ થી અસ્તિત્વમાં આવી છે, જેમાં કુલ ૯ ગ્રામ પંચાયતનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ વિસ્તારોના જન્મ-મરણના પ્રમાણપત્રોની કામગીરી હાલ જન્મ મરણ શાખા, સિવિક સેન્ટર, મોરબી મહાનગરપાલિકા ખાતેથી કરવામાં આવી રહી છે. અગાઉ સંબંધિત ગ્રામ પંચાયત દ્વારા ઈ-ઓળખ પોર્ટલમાંથી ઈસ્યુ થયેલા જન્મ પ્રમાણપત્રોમાં બાળકનું પૂરું નામ દાખલ કરવા માટે પોર્ટલમાં સુધારો શક્ય ન હોવાથી અરજદારોને વિવિધ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હતો. આ સમસ્યાના નિરાકરણ માટે મોરબી મહાનગરપાલિકામાં



સમાવિષ્ટ ગ્રામ પંચાયત દ્વારા ઈ-ઓળખ પોર્ટલમાંથી ઈસ્યુ થયેલા જન્મ પ્રમાણપત્ર માટે પંચાયત વાઈઝ કોડ નક્કી કરવામાં આવ્યા છે, જેની જાણ અરજદારોને કરવામાં આવી છે. પંચાયત મુજબ કોડ નીચે મુજબ છે:

લીલાપર-એલ, રવાપર-આર, શકત શનાળા-એસ, નાની વાવડી-ગ, અમરેલી-એ, ભડિયાદ-બી, ત્રાજપર-ટી, મહેંદ્રનગર-એમ. અરજદારોએ https://dc.crsorgi.gov.in/crs/વેબસાઈટ પર માતા અથવા પિતાના નામે લોગિન બનાવી જરૂરી વિગતો સાચી રીતે ભરવાની રહેશે.

ખોખળદળ નજીકથી થયેલા અપહરણ પ્રકરણમાં નવો વળાંક

# હત્યાની કોશિશના ગુનામાં સાથે જેલ હવાલે થયેલા મિત્રો જ યુવકને ઉઠાવી ગયા'તા

**કણકોટના યુવકનું અપહરણ કરી ઝીંઝુડાના જંગલમાં લઈ ગયાં'તા : આરોપીઓએ ત્યાંથી ૧૦ લાખની ખંડણી માંગી'તી : રકમ લેવાં બે સ્વીફ્ટ કારમાં મેટોડા આવ્યાં'તાઃ**

## જૂના મિત્રો વચ્ચે મનદુઃખ થયાં બાદ મુખ્ય સૂત્રધાર સંજય સહીતની ટોળકીએ કાવતરું ઘડ્યું'તું



## પોલિસને જોતા જ યુવકને છરીનો ઘા ઝીંકી નીચે ઉતારી દઈ નાસી ગયા'તા : એલસીબી ઝોન-૧ અને આજીડેમ પોલીસે મુખ્ય સૂત્રધારને સકંજામાં લઈ કાર કબ્જે કરી

**અબતક, રાજકોટ**

રાજકોટના ખોખડદળ નજીકથી થયેલ કણકોટના યુવાનના અપહરણ પ્રકરણમાં નવો વળાંક આવ્યો છે. અગાઉ હત્યાની કોશિશના ગુનામાં સાથે જેલહવાલે થથયેલા જૂનાગઢ મિત્રો આણી ટોળકીએ જ યુવકનું અપહરણ કરી રૂ. ૧૦ લાખની ખંડણી માંગી હતી. અપહ્યતને ઉઠાવી ચોટીલાના ઝીંઝુડાના જંગલમાં લઈ ગયાં હતાં ત્યાંથી ખંડણી માંગી અને તે રકમ લેવાં બે સ્વીફ્ટ કારમાં મેટોડા આવ્યાં હતા. ત્યારે પોલીસ પણ ત્યાં હોવાની ભણક આરોપીઓને આવી જતાં યુવકને છરીનો ઘા ઝીંકી આરોપીઓ નાસી છૂટ્યા હતાં. હાલ યુવકને સારવારમાં ખસેડી પોલિસે મુખ્ય સૂત્રધારને દબોચી લીધો છે.

### કાલાવડમાં હત્યાના પ્રયાસના ગુનામાં ઝડપાતા મુકેશે ખર્ચની રકમ ભોગવવાનો વાયદો આપ્યો'તો

પોલિસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર છ માસ પહેલાં કાલાવડ પંથકમાં એક હત્યાના પ્રયાસનો બનાવ સામે આવ્યો હતો. જેમાં હાલ અપહરણ થયેલ યુવક અને આરોપીઓ સંડોવાયેલા હોવાનું પણ સામે આવ્યું હતું. જે હત્યાનો પ્રયાસનો બનાવ થયો હતો. જે ઘટનામાં અપહ્યત અને અપહરણકર્તાઓ સાથે જેલહવાલે થયાં હતા. બાદ જામીન સહીતનો ખર્ચ મુકેશે આપવાનો વાયદો કર્યો હતો પરંતુ ત્યારબાદ મુકેશે ખર્ચની રકમ નહીં આપતાં સંજય અને કાલી સહિતના શખ્સોએ અપહરણ કરી ખંડણીની માંગ કરી હતી.

બનાવ અંગે કણકોટ કોળીવાસ એન્જિનીયરીંગ કોલેજ પાસે રહેતાં પૂજાબેન મુકેશભાઇ ઉધરેજા (ઉ.વ.૨૬)ની ફરિયાદ પરથી આજીડેમ પોલીસે અજાણ્યા શખસો સામે ગુનો નોંધ્યો છે. ફરિયાદી પૂજાબેન ઉધરેજાએ જણાવ્યું હતું કે, તા. ૦૭ ના રોજ બપોરે તેમના પતિ મુકેશભાઈ અને તેમના મિત્રો અરૂણભાઈ રાઠોડ, વિજયભાઈ ઉકેળીયા તથા વિજય મહતો પોતાની સ્વિફટ કાર જીજે-૩૬-આર-૭૯૪૮ લઈને શાપર ગયા હતા. સાંજે ચાર વાગ્યે મુકેશભાઈએ પત્નિને ફોન કરીને કહ્યું હતું કે આજે રસોઈ બનાવતી નહીં, આપણે બહાર જમવા જઈશું. જો કે સાડા સાત વાગ્યા બાદ મુકેશભાઈનો ફોન બંધ આવવા લાગતા પરિવાર ચિંતામાં મુકાયો હતો.

મુકેશભાઈના મિત્ર અરૂણ ઉર્ફે ગીડીએ પરિવારને આપેલી માહિતી મુજબ તેઓ શાપરથી પરત ફરતા હતા ત્યારે ખોખડદળ મેલડી માતાના મંદિરે દર્શન કરવા જઈ રહ્યા હતા. આ સમયે સાંજના પોણા સાત વાગ્યાના અરસામાં એક સિલ્વર કલરની કારે તેમની ગાડી આંતરી હતી. કારમાંથી નીચે ઉતરેલા એક શખસે ઈશારાથી ગાડી ઉભી રખાવી હતી. ત્યારબાદ બીજી કારમાંથી અન્ય ત્રણ માણસો નીચે ઉતર્યા હતા. આરોપીઓએ ગાડીમાં સવાર મુકેશભાઈ અને તેના મિત્રોને નીચે ઉતારવા દબાણ કર્યું હતું.

દરમિયાન મુકેશભાઈ નીચે ન ઉતરતા એક શખ્સે છરી બતાવી ગાળો આપી તેમને ખેંચીને બહાર કાઢ્યા હતા અને ઢીકાપાટુનો માર માર્યો હતો. મુકેશભાઈના મિત્રો તેમને છોડાવવા વચ્ચે પડતા આરોપીઓએ છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી પથ્થરમારો કર્યો હતો, જેના કારણે મિત્રો થોડે દૂર જતા રહ્યા હતા. તકનો લાભ લઈ ચારેય અજાણ્યા શખસો મુકેશભાઈને તેમની જ સ્વિફ્ટ કારમાં બળજબરીથી બેસાડી, બંને કાર લઈ અંધારામાં ફરાર થઈ ગયા હતા.

### એલસીબી ઝોન-૧ પીએસઆઈ સહીતની ટીમ સતત ૪૮ કલાક સુધી પાછળ રહી : જંગલમાં ડેરા તાણ્યા

પોલિસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર ખોખળદળ નજીકથી કણકોટના યુવકનું અપહરણ થઈ જતાં ડીસીપી હેતલ પટેલ દ્વારા તાત્કાલિક અપહ્યતને મુક્ત કરાવી ગુનાનો ભેદ ઉકેલવા સૂચના અપાઈ હતી. જે સૂચનાને પગલે આજીડેમ પોલિસ અને એલસીબી ઝોન-૧ ટીમો દોડતી થઈ હતી. એલસીબી ઝોન-૧ પીએસઆઈ એમ કે મોવલીયા અને આજીડેમ પોલિસની ટીમ સતત ૪૮ કલાક સુધી અપહરણકર્તાઓની પાછળ રહી હતી. દરમિયાન અપહરણકર્તાઓ જંગલમાં છુપાયા હોવાની માહિતી મળતા પોલીસે જંગલમાં ડેરા તાણ્યા હતા. જે બાદ પોલિસ પાછળ હોવાનું જાણવા મળતા જ અપહરણકર્તાઓ ત્યાંથી નીકળી ખંડણી લેવા મેટોડા પહોંચ્યા હતા અને ઝડપાઈ ગયા હતા.

બનાવ સામે આવતાં ડીસીપી હેતલ પટેલના માર્ગદર્શન હેઠળ આજીડેમ પોલીસ મથકના પીઆઇ એ. બી. જાડેજા અને એલસીબી ઝોન-૧ પીએસઆઈ એમ કે મોવલિયાની રાહબરીમાં સીસીટીવી ફૂટેજ ચકાસવા અને આરોપીને શોધી અપહ્તને મુક્ત કરાવવા તપાસ શરૂ કરી હતી.

જે અંગે પોલીસ સુત્રોમાંથી મળતી વિગત મુજબ, પોલીસને આરોપીઓ યુવકનું અપહરણ કરી ચોટીલા તરફ ગયાનું સામે આવતાં પોલીસની ટીમ ચોટીલા અને બાદમાં નજીકમાં આવેલ ઝીંઝુડાના જંગલમાં તપાસ આદરી હતી. જો કે, સાતીર આરોપીઓને પોલીસ પાછળ હોવાની ગંધ આવતાં તેઓએ ત્યાંથી જ અપહ્યત યુવકના પરિવારને ફોન કરી રૂ.૧૦ લાખની ખંડણી માંગી હતી. જેથી યુવકના પરિવારે હા પાડતાં મેટોડા જીઆઈડીસી નજીક ખંડણી લેવાનું નક્કી થયું હતું.

જે બાદ તે બાબબતની પોલીસને પણ જાણ થતાં એક ટીમ મેટોડા જીઆઈડીસી નજીક વોચમાં ગોઠવાઈ હતી, તે દરમિયાન ખંડણી લેવાં આવેલ આરોપીઓને પોલીસ પાછળ હોવાની જાણ થતાં યુવકને છરીનો ઘા ઝીંકી ત્યાં જ ઘા કરી બે કારમાં નાસી છૂટ્યા હતાં. જો કે, તેની પાછળ જ રહેલ પોલીસને માધાપર ચોકડી નજીકથી ગેંગનો મુખ્ય સૂત્રધાર સંજય ઉર્ફે દાન્તિને સકંજામાં લઈ કાર પણ કબ્જે કરી હોવાનું પોલીસ સુત્રોમાંથી જાણવા મળી રહ્યું છે.

હાલ ઘવાયેલ યુવકને સારવારમાં ખસેડી અન્ય આરોપીઓને પકડવા તજવીજ હાથ ધરાઈ રહી છે.

પોલિસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર છ માસ પૂર્વે કાલાવડમાં નોંધાયેલ હત્યાની કોશિશના ગુનામાં અપહ્યત અને અપહરણકર્તા સંજય ઉર્ફે દાન્તિ, કાલી સહીતના સાથે જેલહવાલે થયાં હતા જે મામલે મનદુઃખ થતાં મુકેશનું અપહરણ કરાયું હતું.

# ગોંડલના અનીડા ભાલોડી ગામે યુવાને ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

## કંપનીના રૂમમાં બિહારના યુવાને પ્લાસ્ટિકની દોરી વડે પંખામાં લટકી આપઘાત કર્યો

**અબતક રાજકોટ**

ગોંડલ તાલુકાના અનીડા ભાલોડી ગામમમાં આવેલી એક ખાનગી કંપનીના રૂમમાં પરપ્રાંતિય યુવાને અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે. મૂળ બિહારનો ૨૨ વર્ષીય યુવાન કંપનીના રૂમમાં પંખા સાથે લટકેલી હાલતમાં મળી આવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, મૂળ બિહારના વતની અને હાલ અનીડા ભાલોડી પાસે આવેલી 'યુનાઈટેડ ઓઈલકેમ્પ પ્રાઈવેટ લિમિટેડ' નામની કંપનીમાં નોકરી કરતા અને ત્યાં જ રહેતા દીપકકુમાર સુનિલકુમાર તિવારી (ઉં.વ. ૨૨) એ ગઈકાલે સવારે આ આત્મઘાતી પગલું ભર્યું હતું. દીપકકુમાર કંપનીના રૂમમાં એકલો હતો ત્યારે તેણે પંખા સાથે પ્લાસ્ટિકની દોરી બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. જ્યારે તેનો રૂમમેંટ રૂમ પર આવ્યો અને દરવાજો ખખડાવવા છતાં ન ખુલતા, દરવાજો ખોલીને જોતા દીપકકુમાર લટકેલી હાલતમાં મળી આવ્યો હતો.

ઘટનાની જાણ થતા જ યુવાનને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, મૃતક દીપકકુમાર છેલ્લા ત્રણ મહિનાથી આ કંપનીમાં નોકરી કરતો હતો. તે એક ભાઈ અને એક બહેનમાં સૌથી નાનો હતો.

યુવાને કયા કારણોસર આત્મહત્યા કરી તે હજુ સુધી જાણી શકાયું નથી. અચાનક ભરેલા આ પગલાથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. ગોંડલ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આપઘાત પાછળના કારણો જાણવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# ચોટીલાના મેવાસા લાખણકા ગામે તરૂણે ઝેરી દવા ગટગટાવી

## કિશોર અગમ્ય કારણોસર કર્યો આપઘાતનો પ્રયાસ

**અબતક રાજકોટ**

ચોટીલા તાલુકાના મેવાસા લાખણકા ગામમાં ૧૪ વર્ષીય તરુણે અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા ચકચાર મચી જવા પામી છે. વાડીએ કામ કરતી વખતે તરુણે આ પગલું ભરતા તેને બેભાન હાલતમાં સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, મેવાસા લાખણકા ગામમાં રહેતો અજય અક્રમભાઈ ડામોર (ઉં.વ. ૧૪) ગઈકાલે પોતાની વાડીએ હતો. અજય ત્યાં લાકડા કાપવાનું મજૂરી કામ કરી રહ્યો હતો, તે દરમિયાન અચાનક કોઈ અગમ્ય કારણોસર તેણે ઝેરી દવા ગટગટાવી લીધી હતી. તરુણને ઝેરની અસર થતા જ તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. માત્ર ૧૪ વર્ષની નાની ઉંમરે અજયે આવું પગલું કેમ ભર્યું તે હજુ સુધી જાણી શકાયું નથી. પ્રાથમિક તપાસમાં તે વાડીમાં લાકડા કાપવાનું કામ કરતો હોવાનું સામે આવ્યું છે. બીજી તરફ, પોલીસે આ બનાવની નોંધ કરી તરુણે કયા કારણોસર આ પગલું ભર્યું તે દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# ચોટીલાના રાજાવાડી ગામે બાથરૂમ બનાવવાના ડખ્ખામાં યુવાન પર હુમલો

## પ્લોટમાં બાથરૂમ બનાવવાની ના પાડતા મહિલા સહિત ત્રણ શખ્સોએ કુહાડીથી માર માર્યો

**અબતક રાજકોટ**

ચોટીલા તાલુકાના રાજાવાડી ગામમાં પ્લોટમાં બાથરૂમ બનાવવા જેવી નજીવી બાબતે ડખ્ખો થતા એક યુવાન પર કુહાડી વડે હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. કાકાના દીકરાઓ અને મહિલા સહિત ત્રણ શખ્સોએ હુમલો કરતા ૪૦ વર્ષીય મહેશભાઈ વાઘેલાને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, રાજાવાડી ગામમાં રહેતા અને કડિયાકામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા મહેશભાઈ નાજાભાઈ વાઘેલા (ઉં.વ. ૪૦) ના પ્લોટમાં ગઈકાલે સાંજે ૬:૦૦ વાગ્યાની આસપાસ તેમના કાકાના દીકરા બાથરૂમનું કામ મહેશભાઈના પ્લોટમાં કરવાનું કહેતા હતા. ત્યારે મહેશભાઈએ બાથરૂમ બનાવવાનું ના પાડતા વિજય, અજય અને પારૂબેને ત્યાં આવી ઝઘડો શરૂ કર્યો હતો. જોતજોતામાં મામલો બિચક્યો હતો અને સામે પક્ષે ઉશ્કેરાઈ જઈ મહેશભાઈ પર કુહાડી વડે હુમલો કરી દીધો હતો. હુમલાખોરોએ કુહાડીના ઘા ઝીંકતા મહેશભાઈને માથાના ભાગે અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેને તાત્કાલિક ગંભીર હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે ઈજાગ્રસ્ત મહેશભાઈ બે ભાઈ અને એક બહેનમાં મોટા છે અને તેમને સંતાનમાં બે પુત્રો છે. મહેશભાઈની માતાના જણાવ્યા અનુસાર, હુમલાખોરો સાથે અગાઉ પણ જમીન બાબતે અવારનવાર બોલાચાલી અને મનદુઃખ ચાલતું હતું. જૂની અદાવતમાં જ આ હુમલો થયો હોવાનું પ્રાથમિક તપાસમાં લાગી રહ્યું છે. પોલીસે આ મામલે હોસ્પિટલ પહોંચી વધુ તપાસ હાથ ધરી છે.

# તરણેતર મકાનમાંથી ૧૩૫ બોટલ દારૂ સાથે એક ઝડપાયો

## ઈંગ્લીશ દારૂ, બાઈક, મોબાઈલ સહિત કુલ રૂ.૬૪,૭૦૦નો મુદામાલ કબ્જે કર્યો

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

થાન શહેરી વિસ્તાર તેમજ આસપાસના ગામોમાં મોટાપ્રમાણમાં ઈંગ્લીશ દારૂનું વેચાણ અને કટીંગ થતું હોવાની વ્યાપક ફરીયાદો ઉઠવા પામી છે. જેને ધ્યાને લઈને થાન પોલીસે ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગ હાથ ધર્યું હતુ. જેમાં બાતમીના આધારે થાનના તરણેતર ગામે રહેણાંક મકાનમાંથી ઈંગ્લીશ દારૂ સાથે એક શખ્સને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



આ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ થાન પોલીસ ટીમે ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગ હાથ ધર્યું હતું જેમાં તરણેતર ગામે રહેણાંક મકાનમાં બાતમીના આધારે રેઈડ કરી સ્થળ પર થી ઈંગ્લીશ દારૂની અલગ અલગ બ્રાન્ડની નાની બોટલો નંગ ૧૩૫ કિંમત રૂ.૨૯,૭૦૦, બાઈક કિંમત રૂ.૨૫,૦૦૦, મોબાઈલ ફોન નંગ ૦૨ કિંમત રૂ.૧૦,૦૦૦ મળી ફૂલ રૂ.૬૪,૭૦૦ના મુદામાલ સાથે મયુરસિંહ ઉર્ફે લાલભા જશવંતસિંહ ઝાલા, રહે.તરણેતર વાળાને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે તેમજ થાન પોલીસ મથકે પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધ્યો છે.

# ધોરાજી: ભરણ પોષણના કેસમાં સજાના હુકમ સામે નાશતો શખ્સ પકડાયો

## કોર્ટે રૂ.૧.૩૪ લાખ ભરવાના અને ૫૩૨ દિવસનો સજાનો હુકમ કર્યો હતો

**અબતક રાજકોટ**



જુનાગઢ ફેમિલી કોર્ટે દ્વારા રાજકોટના રાજેશ રસિકભાઈ રાઠોડને રૂ.૨.૩૪ લાખની રોકડ અને ૫૩૨ દિવસની સજા ફરમાવવામાં આવી હતી.જે શખ્સ પાંચ મહિનાથી નાસતો હતો તેને જેતપુર ઉદ્યોગનગર પોલીસે જેતપુર તાલુકાના પાંચ પીપળા ગામેથી ઝડપી લીધો છે.

બનાવી પ્રાપ્ત વિગત મુજબ મૂળ પાંચપીપળા ગામના અને હાલમાં રાજકોટ રહેતો રાજેશ રસિકભાઈ રાઠોડ વિરુદ્ધ જુનાગઢ ફેમિલી કોર્ટમાં ભરણ પોષણ નો કેશ ચાલુ હતો. કોર્ટે રાજેશ રાઠોડને રૂ.૧.૩૪ લાખ જમા કરવાના અને ૫૩૨ દિવસની સજા ફરમાવાનું વોરંટ ઈસ્યુ કર્યું હતું. જેને પોલીસ બજવણી કરે તે પહેલા રાજેશ નાસી ગયો હતો.જે પોલીસથી બચવા છેલ્લા પાંચ મહિનાથી વોન્ટેડ હતો. તે દરમિયાન જેતપુર ઉદ્યોગ નગર પોલીસને બાતમી મળી હતી કે, રાજેશ હાલમાં પાંચ પીપળીયા ગામે હોવાની બાતમી મળતા રાજેશ રાઠોડને ઝડપી લઈ ,સજાની અમલવારી માટે રાજકોટ મધ્યસ્થ જેલ હવાલે કર્યો હતો. આ દરોડાની કામગીરી જેતપુર ઉદ્યોગ નગર પી આઈ ડો. એમ એમ ઠાકોર ,પીએસઆઇ એલ ડી મેતા ,એ.એસ.આઇ સંજયભાઈ પરમાર ,હેડ કોન્સ્ટેબલ હિતેશભાઈ વરુ ,રિઝવાન ભાઈ સીજાત ,અજયભાઈ રાઠોડ, વાસુદેવસિંહ જાડેજા અને કોન્સ્ટેબલ ચેતનભાઈ રાઠોડ સહિતના સ્ટાફે બનાવી છે.

# વાંકાનેર નજીક પતિએ મોબાઈલ બાબતે ઠપકો આપતા પત્નીનો આપઘાતનો પ્રયાસ

## અમરસર ગામની પરિણીતાને રિક્ષા ચાલકે મોબાઈલ ફોન આપ્યાની જાણ પતિને થતા ઝગડો થતા ફિનાઈલ ગટગટાવ્યું

**અબતક, રાજકોટ**

વાંકાનેર તાલુકાના અમરસર ગામે રહેતી ૨૦ વર્ષીય પરણીતાએ રાજકોટમાં ફિનાઈલ પી લેતા ચકચાર મચી જવા પામી છે. પતિને જાણ કર્યા વગર પત્ની પાસે મોબાઈલ ફોન હોવાની બાબતે થયેલા ઝઘડામાં યુવતીએ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. હાલ યુવતી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.મળતી માહિતી મુજબ, અમરસર ગામે રહેતી ૨૦ વર્ષીય યુવતી તેના પતિ સાથે ગઈકાલે રિક્ષામાં રાજકોટ ફરવા માટે આવી હતી. પરત ફરતી વખતે રાત્રે ૮:૦૦ વાગ્યાની આસપાસ પીપળીયા ગામ પાસે યુવતીએ ફિનાઈલ પી લીધું હતું. તેણીની હાલત બગડતા તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી.પરણીતાના પતિના જણાવ્યા અનુસાર, તેઓએ દોઢ વર્ષ અગાઉ પ્રેમલગ્ન કર્યા હતા. પત્ની પાસે મોબાઈલ ફોન હતો જેની તેને જાણ નહોતી. તપાસ કરતા માલુમ પડ્યું હતું કે, આ ફોન પત્નીને કોઈ અન્ય રિક્ષાચાલકે આપ્યો હોવાની જાણ થતા બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ઝઘડો થયો હતો. જેનું મનદુઃખ રાખીને યુવતીએ રસ્તામાં જ ફિનાઈલ પી જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો હતો. જેને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

# બગસરાના મુંજયાસર ગામે પાલક પિતાના હત્યારાનું રિકન્ટ્રકશન કરાયું

## ચા બનાવવાના પ્રશ્ને દંપતિ વચ્ચે થયેલી માથાકુટમાં સાવકા પુત્રએ પ્રૌઢનું ઢીમ ઢાળી દીધું તું

**અબતક, સમીર વિરાણી, બગસરા**

બગસરાના મુંજપાસર ગામે ચા બનાવવા જેવી સામાન્ય બાબતમાં પાલક પિતાની સાવકા પુત્રે કરી હતી હત્યા. મોટા મુંજીયાસર ગામે કિશોરભાઈ મનજીભાઈ પટોળીયા ની વાડીએ મજૂરી કામ કરતા રમણ વાલકા કટારા મૂળ ગામ સુખપર તાલુકો ફતેપુરા અને તેની પત્ની સીતા મજૂરી કામ કરતા હતા તેમની સાથે સીતાના આગલા ઘરનો દીકરો પણ સાથે કામ કરતો હતો ગુરુવારે રાત્રિના ૯:૩૦ કલાકની આસપાસ રમણ અને તેની પત્ની સીતા વચ્ચે કોઈ વાતને લઈને ઝઘડો ચાલતો હતો જેથી આ માથાકૂટ દરમિયાન સુરેશ મસાર વચ્ચે પડતા ઝઘડો વધુ તીવ્ર બન્યો હતો સુરેશ મસાની બેન વચ્ચે પડતા તેને પણ હાથના ભાગમાં ઈજાઓ થયેલ છે અચાનક ઝગડાએ મોટુ સ્વરૂપ ધારણ કરતા સુરેશ મચ્છારે લાકડાના ફટકા મારી અને સિમેન્ટનો ચૂલો માથામાં ફટકારી દેતા રમણનો ઘટના સ્થળે મોત નીપજ્યું હતું જ્યારે તેની પત્ની સીતા ને પણ બીજાઓ પહોંચતા સીતાને સારવાર અર્થે અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. આરોપી સુરેશ મસાર ની માતાની તપાસ ચાલુ હોય તેના લીધે તેની સંડોવણી છે કે આ બાબતે વધુ તપાસ બગસરા પોલીસ સ્ટેશનના પીઆઇ ગીડા ચલાવી રહ્યા છે પોલીસે સુરેશ મચ્છારની ધરપકડ કરી છે. આરોપીનું રિકન્ટ્રકશન કરવામાં આવ્યું છે.



# દસાડાના વાલેવડા ગામે દારૂબંધી બાબતે થયેલા વિવાદ બાદ એસ.પી.પ્રેમસુખ ડેલુએ ચીંપ્યો બદલીનો ગંજીફો

## પી.આઈ. વાય.જી.ઉપાધ્યાયની અંતે સાયલા ખાતે બદલી, પી.એસ.આઇ. વી.આઇ.ખડીયાને ચાર્જ સોંપાયો

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

દસાડા પોલીસ મથકના વાલેવડા ગામે દારૂબંધી બાબતે થયેલ વિવાદ અને રાજકારણીઓના ધમ્મ પછાડા બાદ દસાડા પી.આઈ. વાય.જી.ઉપાધ્યાયની બદલી કરવા માટે છેલ્લા લાંબા સમયથી પ્રયત્ન કરવામાં આવતા હતા તેમજ સ્થાનિક નેતાઓથી પણ આ અંગે કામગીરી કરવામાં નહીં આવતા બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોર અને અલ્પેશ ઠાકોરે પણ વાય.જી.ઉપાધ્યાયની બદલી કરવા માટે એડીચોટીનું જોર લગાવ્યું હતું.

જ્યારે રાજકારણ સામે પોલીસ અધિકારીનું મોરલ ડાઉન થાય તેમ જીલ્લા પોલીસવડા દ્વારા દસાડા પી.આઈ. વાય.જી. ઉપાધ્યાયની સાયલા ખાતે બદલી કરી દેવામાં આવી છે. જ્યારે મહત્વનું છે કે દસાડા પી.આઇ દ્વારા ગત તા.૩૧ ડિસેમ્બરના રોજ ભાજપના આગેવાનની અટકાયત કરી હતી. ત્યારબાદ ષડયંત્રો કરી પી.આઈની બદલી કરવા માટે વિવાદ ઉભા કરવામાં આવતા હતા અને અંતે સાયલા ખાતે બદલી કરી દેવામાં આવી છે. પરંતુ દસાડા ખાતે પી.આઈની જગ્યાએ હાલ પીએસઆઇને થાણા અમલદાર તરીકેનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. પીએસઆઇ વી.આઈ. ખડીયા જે અગાઉ દસાડા પોલીસ મથકે હતા જેઓની એક વિવાદમાં બદલી કરી દેવામાં આવી હતી ત્યારે ફરી એ જ પીએસઆઇને દસાડા ખાતે મૂકવામાં આવતા અનેક ચર્ચાઓ વહેતી થઈ છે. જ્યારે સાયલા પોલીસ મથકના પીએસઆઇ ડી.ડી. ચુડાસમાની આણંદપુર, પીએસઆઇ રીડર લીંબડી ડિવિઝન એ.એમ.ચુડાસમાને ધ્રાંગધ્રા સીટી પોલીસ મથકે બદલી કરવામાં આવી છે.

**સાયલા પી.એસ.આઇ. ડી.ડી.ચુડાસમાને આણંદપુર અને લીંબડી ડિવિઝન રીડર પીએસઆઇ એ.એમ.ચુડાસમાને ધ્રાંગધ્રા સીટીમાં મુકાયા**

# રાજકોટ મહાપાલિકાનું રૂ.૩૬૦૪.૯૦ કરોડનું બજેટ મંજૂરઃ ૯૫ કરોડનો કરબોજ ફગાવાયો

## ચુંટણી વર્ષમાં બજેટના કદમાં રૂ.૯.૨૦ કરોડનો તોતીંગ વધારો કરાયોઃ ૨૩ નવી યોજનાઓનો જાહેર કરતી સ્ટેન્ડિંગ કમિટી

### મિલકત અને પાણીવેરા પર ચડત વ્યાજમાં ૧૦,૦૦૦ સુધીની માફીઃ આવતીકાલથી વ્યાજમાફી યોજના શરૂ, ફ્લાવર બેડમાં બિલ્ડરોને ચાર હપ્તાની સવલતઃ સિનિયર સિટીઝનોના નામે વૃક્ષારોપણ પણ કરવાની ઘોષણા





**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાનું વર્ષ-૨૦૨૬/૨૦૨૭નું રૂ.૩૬૦૪.૯૦ કરોડના અંદાજપત્રને આજે સ્ટેન્ડિંગ કમિટી દ્વારા મંજૂરીની મહોર મારવામાં આવી હતી. ડ્રાફ્ટ બજેટમાં મ્યુનિસિપલ કમિશનર દ્વારા પાણીવેરા અને ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન ચાર્જમાં સૂચવવામાં આવેલા વધારા સાથેના ૯૫ કરોડના કરબોજને ફગાવી દેવામાં આવ્યો હતો. સાથોસાથ ચુંટણી વર્ષમાં બજેટના કદમાં ૯.૨૦ કરોડનો વધારો કરવામાં આવ્યો હતો અને નવી ૨૩ યોજનાઓનો બજેટમાં ઉમેરો કરાયો છે.

ગત ગુરૂવારે મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા દ્વારા ૩૫૯૫.૭૦ કરોડનું બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં ૯૫ કરોડનો નવો કરબોજ રાજકોટવાસીઓ પર ઝીંકવામાં આવ્યો હતો. પાણીવેરા અને ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન ચાર્જમાં વધારો કરવાની દરખાસ્ત કરવામાં આવી હતી. દરમિયાન સ્ટેન્ડિંગ કમિટીએ માત્ર ચાર જ દિવસમાં બજેટને બહાલી આપી દીધી છે. કરબોજ ફગાવી દેવામાં આવ્યો છે. સાથોસાથ બજેટના કદમાં ૯.૨૦ કરોડનો વધારો કરવામાં આવ્યો છે. નવી ૨૩ યોજનાઓની પણ જાહેરાત કરવામાં આવી છે. ચડત મિલકત વેરા અને પાણીવેરામાં વ્યાજમાફી આપવાની જાહેરાત કરાય છે. જેમાં ચડત મિલકત વેરાના ચડત વ્યાજ પર ૫૦૦૦ રૂપિયા અને ચડત પાણીવેરાના વ્યાજ પર રૂ.૫૦૦૦ સહિત કુલ ૧૦,૦૦૦ સુધીનું વ્યાજ માફ કરવાનું જાહેર કરાયું છે. આ યોજના આવતીકાલથી અમલમાં આવી જશે અને ૩૧ માર્ચ સુધી અમલમાં રહેશે. ફ્લાવર બેડમાં બિલ્ડરોને ૫૦ લાખથી વધુની રકમમાં એક વર્ષની સમય મર્યાદામાં ચાર હપ્તા કરી આપવાની જાહેરાત કરવામાં આવી છે.

નવા અને હયાત વિસ્તારોમાં નવા બ્રિજની જરૂરિયાતને ધ્યાનમાં રાખી પાયલોટ સ્ટર્ડી માટે ૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. શહેરમાં ૬૦ વર્ષથી વધુ વયના તમામ વરિષ્ઠ નાગરિકોના નામે વૃક્ષારોપણ કરવાની જાહેરાત કરવામાં આવી છે.

જેના માટે ૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. સામાન્ય રીતે બજેટના કદમાં મોટો વધારો કરવામાં આવતો નથી પરંતુ ચુંટણી વર્ષમાં બજેટના કદમાં ૧૦%થી વધુનો વધારો કરવામાં આવ્યો છે. સાથોસાથ ૨૩ નવી યોજનાઓ પણ જાહેર કરવામાં આવી છે.

# ન હોય... ભારતીય પ્રવાસીઓએ યુરોપની રેલ્વેને બુલેટની જેમ દોડતી કરી દીધી

## સ્વિસ ટ્રાવેલ પાસ ખરીદવામાં ભારતીયો દુનિયામાં બીજા નંબરે અને 'યુરેલ' પાસમાં ચોથા નંબરે

ભારતીય પ્રવાસીઓ હવે વિદેશ જઈને માત્ર ફ્લાઈટમાં જ નથી ફરતા, પણ ઉતરાણ કર્યા પછી ટ્રેન મુસાફરીને વધુ પસંદ કરી રહ્યા છે. વર્ષ ૨૦૨૫ના આંકડા મુજબ, યુરોપ અને એશિયામાં ભારતીયો ટ્રેન દ્વારા મુસાફરી કરવામાં દુનિયામાં મોખરે રહ્યા છે. સ્વિસ ટ્રાવેલ પાસ ખરીદવામાં ભારતીયો દુનિયામાં બીજા નંબરે અને 'યુરેલ' પાસમાં ચોથા નંબરે છે. પહેલા ફકત એકલા ફરવા નીકળેલા યુવાનો જ ટ્રેન પસંદ કરતા, પણ હવે ૨૦૨૩ થી ૨૦૨૫ વચ્ચે બાળકોના પાસના વેચાણમાં ૮% નો વધારો થયો છે. એટલે કે હવે ભારતીય પરિવારો બાળકો સાથે ટ્રેનમાં ફરવાનું પસંદ કરે છે.

યુરો અને સ્વિસ ફ્રેન્કના ભાવ ૧૦૦-૧૧૦ રૂપિયાને પાર કરી ગયા હોવાથી ભારતીયો 'રેલ પાસ' લેવાનું પસંદ કરે છે જેથી મુસાફરીનો ખર્ચ પહેલેથી નક્કી રહે અને ખિસ્સા પર વધુ ભાર ન પડે. જાપાન જનારા ભારતીયોની સંખ્યામાં ૩૫% નો વધારો થયો છે. લોકો હવે માત્ર ટોક્યો કે ઓસાકા જ નહીં, પણ ટ્રેન પાસની મદદથી જાપાનના અંતરિયાળ વિસ્તારો પણ જોવા જાય છે. ભારતીય પ્રવાસી હવે વધુ સ્માર્ટ અને આયોજનબદ્ધ બન્યો છે. તે માત્ર મોંઘી ફ્લાઈટ્સ કે ટેક્સીઓ પર આધાર રાખવાને બદલે વિદેશી રેલવે નેટવર્કનો ઉપયોગ કરીને ખર્ચ બચાવી રહ્યો છે અને મુસાફરીનો વધુ આનંદ માણી રહ્યો છે. ભારતીયોની વિદેશ ફરવાની રીત બદલાઈ રહી છે. તે હવે 'પેકેજ ટૂર' છોડીને પોતાની રીતે ટ્રેનમાં રખડપટ્ટી કરવા માંગે છે. રૂપિયો નબળો પડવા છતાં ભારતીયો વિદેશ પ્રવાસ ઘટાડતા નથી, પણ સ્માર્ટ રીતે 'રેલ પાસ' વાપરીને ખર્ચ મેનેજ કરે છે. જે લોકો હવે પછી યુરોપ કે જાપાન જવાનું વિચારી રહ્યા છે, તેમના માટે આ સમાચાર કામના છે કે ટ્રેન પાસ લેવો વધુ ફાયદાકારક છે.

# જૂનાગઢ નજીક મહિલાના ગળામાંથી સોનાના ચેનની ચીલઝડપ

## ચાલુ બાઈકે સમડીએ રૂ.૧.૮૦ લાખનું મંગળસુત્ર ઝુંટવી રફુચક્કર

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢના સાંતેશ્વર વિસ્તારમાં ધોળા દિવસે લગ્ન પ્રસંગે પ્રભાસ પાટણથી આવેલ દંપતીના ચાલુ બાઈકે વૃદ્ધાના ગળામાંથી સોનાના મંગલસૂત્રની ચીલ ઝડપની ઘટના પોલીસ દફતરે નોંધાતા પોલીસે નાસી છૂટેલા અજાણ્યા બાઈક ચાલક વિરુદ્ધ ગુન્હો નોંધી આરોપીને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ માંથી પ્રાપ્ત વિગતો અનુસાર, જૂનાગઢમાં રહેતા બહેનની દીકરીના લગ્ન પ્રસંગે ગીર સોમનાથ જિલ્લાના પ્રભાસપાટણ ના ૬૪ વર્ષીય જેંતીલાલ નાથાલાલ માંડવીયા અને તેના પત્ની જયાબેન જુનાગઢ આવ્યા હતા. અને શહેરના સાંતેશ્વર વિસ્તારમાં આવેલ પ્રજાપતિ જ્ઞાતિની વાડી ખાતે લગ્ન પ્રસંગ હોય, જેથી આ દંપતી બાઈક લઈને જ્ઞાતિનીની વાડીએ જતા હતા ત્યારે વહેલી સવારે ૬:૩૦ વાગ્યાના અરસામાં શાંતેશ્વર રોડ ઉપર એક કાળા કલરની સ્પોર્ટ્સ બાઈક પર આવેલા ૩૦ થી ૪૦ વર્ષના અજાણ્યા શખ્સે જયાબેનના ગળા પર તરાપ મારી, રૂ. ૧.૮૦ લાખની કિંમતનું મંગલસૂત્ર જૂટવી લીધો હતું. જો કે, જયંતીભાઈ દ્વારા આરોપીનો પીછો કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો, પરંતુ આરોપી બાઈક લઈને નાસી છૂટ્યો હતો.

આ અંગે જુનાગઢ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં સોનાના મંગલસૂત્રની ચીલ ઝડપ અંગે ફરિયાદ દાખલ થતા પોલીસે અજાણ્યા બાઈક સવાર સામે ગુનો નોંધી આરોપીને પકડી પાડવા પોલીસ દ્વારા તપાસ આદરવામાં આવી છે.

# ગોંડલઃ ફોરેસ્ટ યુથ કલબ દ્વારા સ્લમ વિસ્તારના બાળકોને અલ્પાહાર કરાવાયો



**અબતક, હરેશ ગણોદીયા, ગોંડલઃ** ગોંડલ ના રહેવાસી વિરેન્દ્રસિંહ જાડેજા પરિવારના સ્વર્ગસ્થ પિતાશ્રી હરૂભા જાડેજાની પુણ્ય તિથિ નિમિતે ગોંડલ ફોરેસ્ટ યુથ કલબ ના સહયોગ થી વેરી તળાવ પાસે આવેલ દેવીપૂજક પરિવારના નાના મોટા બાળકો તેમજ અન્ય એક વિસ્તારના બાળકો મળી ૧૦૦ નાના મોટા બાળકોને સમાજસેવી હિતેષભાઈ દવે સાથે જાડેજા પરિવારના રુદ્રરાજસિંહ જાડેજા, શુભમ ટોળિયા અને સૂર્યરાજસિંહ જાડેજા એ પરિવારના વડીલ ની પુણ્ય તિથિ ની ઉજવણી અજાણ્યા લોકોના ચહેરા પર હાસ્ય લાવી કરવામાં આવી.

# વાંકાનેરમા વકીલ સહિત ત્રણના મકાનમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો

## વડોદરાથી બાઈક લઈને આવેલ સગીર સહિત ત્રણ શખ્સોએ હાથ ફેરો



**અબતક લિતેશ ચંદારાણા વાંકાનેર**

વાંકાનેર શહેરના ભાટિયા સોસાયટીમાં વકીલ સહિત ત્રણ મકાનમાં મળી રૂપિયા ૧. ૯૫ લાખની ચોરીનો સીટી પોલીસ મથકના સ્ટાફે ભેદ ઉકેલિ વડોદરા ના સગીર સહિત ત્રણ શખ્સોની ધરપકડ કરી મુદ્દા માલ કબજે કરવામાં આવ્યો છે વધુ વિગત મુજબ વાંકાનેર શહેરના ભાટિયા સોસાયટીમાં રહેતા મહાવીરસિંહ જટુભા જાડેજા નામના વકીલના મકાનમાં થી રૂપિયા ૪૫૦૦૦ અને જીન પ્લોટ માં અવિનાશભાઈ પટેલ અને અક્ષયભાઈ દરજી સહિત ત્રણ મકાનમાંથી રૂપિયામાં દોઢ લાખની ચોરી થયા અંગેની તારીખ ૧૧ જાન્યુઆરીના રોજે વાંકાનેર સીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાય હતી. જે ગુનાનો ભેદ ઉકેલવા સીટી પોલીસ મથકના પીઆઈ એ એચ જાડેજા સહિતના સ્ટાફે સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ સોર્સ ની મદદથી બાઈક નંબર ના આધારે પોલીસે બરોડા થી એક બાર આરોપી મળી ત્રણ શખ્સોની ધરપકડ કરી રોકડા ₹૨૦,૦૦૦ અને સાત તોલાના દાગીના કબજે કરી ઝડપાયેલા શખ્સોની પ્રાથમિક પૂછપરછમાં વડોદરા થી બાઈક લઈ વાંકાનેર ના અલગ અલગ વિસ્તારોમાં રાત્રિ દરમિયાન બંધ મકાનના તાળા તોડી રોકડ અને સોના ચાંદી નાની ચોરી કર્યા અંગેની કબુલાત આપી હતી

# વરતેજ નજીક બોલેરો પીકપવાનમાંથી ૧૦.૮૬ લાખના દારૂ સાથે બે ઝડપાયા

## એલસીબીએ દરોડો પાડી ૩૬૯૬ બોટલ શરાબ, ૯૬૦ બીયરના ટીન બોલેરો અને મોબાઈલ મળી ૧૪.૯૬ લાખનો મુદ્દામાલ કબજે, એમ .પી.ના શખ્સની શોધખોળ



**અબતક, આનંદ રાણા, સિહોર**

ભાવનગર નજીક નારી ગામ નજીક એલસીબીએ દરોડો પાડી બોલેરો પીકપ વાન માંથી ૧૦.૮૬ લાખની કિંમતનો ૩૬ ૯૬ બોટલ દારૂ અને ૯૬૦ બિયરના ટીમ સાથે ચાલક અને ક્લીનરની ધરપકડ કરી રૂપિયા ૧૪.૯૬ લાખનો મુદ્દા માલ કબજે કરી નાશિક તૂટેલા મધ્યપ્રદેશના શખ્સની શોધખોળ હાથ ધરવામાં આવી છે. ભાવનગર જિલ્લામાં દારૂ અને જુગારની બદી દામી દેવા એસપી નિતેશ પાંડે દ્વારા આપેલી સૂચનાને પગલે ક્રાઈમ બ્રાન્ચ ના પીઆઈ એઆર વાળા સહિતના સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ત્યારે અમદાવાદ - ભાવનગર ધોરીમાર્ગ પર આવેલા ધોલેરા તરફથી મધ્યપ્રદેશના ધાર જિલ્લાના સુનીલ કિસ્સા લાલ મંડળ અને લોકેશ જગદીશ દાવર નામના બંને શખ્સો ભાવનગર તરફ બોલેરો પીકપ વાનમાં વિદેશી દારૂનો જથ્થો ભરીને આવી રહ્યા હોવાની મળેલી બાતમીના આધારે સ્ટાફે નારી ગામ પાસે વોચ ગોઠવી હતી ત્યારે એમપી ૧૧ જી ૫૫૯૭ નંબરની પુરપાટ ઝડપે આવતી બોલેરો પીકપ વાનને અટકાવી તલાસી લેતા જેમાંથી રૂપિયા ૯.૭૫ લાખની કિંમતના ૩૬૯૬ બોટલ દારૂ અને ૧.૧૦ લાખની કિંમતનો ૯૬૦ બિયરના ટીન સાથે વાહનના ચાલક સુનિલ મંડળી અને ક્લીનર લોકેશ દાવરની ધરપકડ કરી પોલીસે દારૂ બિયર અને વાહન મળી ૧૪.૯૬ લાખનો મુદ્દા માલ કબજે કર્યો છે ઝડપાયેલ બંને શખ્સની પ્રાથમિક પૂછપરછમાં આ દારૂનો જથ્થો મધ્યપ્રદેશના ધાર જિલ્લા ના સુનિલ પરમારએ મોકલ્યો હોવાનું અને ભાવનગર પંથકના શખ્સને પહોંચાડવાનું હોવાનું કબુલાત આપતા જેના આધારે બંનેની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

(પહેલા પાનાનું ચાલું)

### ભારત-પાક મેચ...

સાથે રમવા માટે સંમત થયું છે. નિર્ધારિત સમય મુજબ, મેચ ૧૫ ફેબ્રુઆરીએ કોલંબોમાં રમવાની છે. લાહોરમાં થયેલી બેઠક બાદ પાકિસ્તાને આ નિર્ણય લીધો હતો. આ બેઠકમાં પાકિસ્તાન અને બાંગ્લાદેશે આઈસીસી સમક્ષ ઘણી માંગણીઓ રજૂ કરી હતી, જેમાંથી કેટલીક સ્વીકારવામાં આવી છે.

બાંગ્લાદેશને ૨૦૨૬ ટી૨૦ વર્લ્ડ કપમાંથી બાકાત રાખવામાં આવ્યું હતું. લાહોરની બેઠકમાં એવી માંગ કરવામાં આવી હતી કે બાંગ્લાદેશને વર્લ્ડ કપમાંથી બાકાત રાખવા બદલ વળતર આપવામાં આવે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદે આ માટે સંમતિ આપી છે. વળતર તરીકે બાંગ્લાદેશને અંડર-૧૯ વર્લ્ડ કપ અને મહિલા ક્રિકેટ વિશ્વ કપના યજમાન અધિકારો આપવામાં આવી શકે છે. બીજી બાજુ, પાકિસ્તાને આઈસીસી આવકમાં તેના હિસ્સામાં વધારો કરવાની માંગ કરી હતી. અહેવાલો અનુસાર,આઈસીસીની આવકમાં તેનો વર્તમાન હિસ્સો ૫.૭૫ ટકા છે, જે લગભગ ૩૪-૩૫ મિલિયન ડોલરની સમકક્ષ છે.આઈસીસીએ એમ પણ કહ્યું છે કે તે આ માંગણી પર વિચાર કરશે.

### એલોન...

કરતા ચંદ્ર પર વસવાટ ઉભો કરવો સમયની દ્રષ્ટિએ વધુ ઝડપી છે. માર્ચ ૨૦૨૭ સુધીમાં સ્પેસ-એક્સ ચંદ્ર પર માનવરહિત લેન્ડિંગ કરવાનો લક્ષ્યાંક ધરાવે છે.

તાજેતરમાં ક્ષ્અઈ સાથેના જોડાણ બાદ, મસ્ક અવકાશમાં 'સ્પેસ-બેઝ્ડ ડેટા સેન્ટર્સ' સ્થાપવા માંગે છે. પૃથ્વી કરતા અવકાશમાં ડેટા સેન્ટર્સને ઠંડા રાખવા અને ઉર્જા મેળવવી વધુ કાર્યક્ષમ બની શકે છે.

સ્પેસ-એક્સ હવે માત્ર નાસાના પ્રોજેક્ટ્સ પર નિર્ભર નથી. મસ્કના જણાવ્યા મુજબ, કંપનીની કુલ આવકમાં નાસાનો હિસ્સો ૫% થી પણ ઓછો છે, જ્યારે સિંહફાળો સ્ટારલિંક દ્વારા મળે છે. કંપની આ વર્ષના અંતમાં ૫૦ અબજ ડોલરનો પબ્લિક ઓફરિંગ આઈપીઓ લાવવાની યોજના બનાવી રહી છે, જે ઈતિહાસનો સૌથી મોટો આઈપીઓ બની શકે છે.

### ટચુકડા સેશેલ્સ દેશ...

કરવાનો પણ નિર્ણય લીધો છે. ભારત સેશેલ્સ સાથે તેના ડિજિટલ સફળતાના અનુભવો શેર કરશે. વધુમાં તેઓ પ્રદૂષણ ઘટાડવા અને સૌર ઉર્જા જેવા ક્ષેત્રોમાં સાથે મળીને કામ કરશે, જેમાં ઈલેક્ટ્રિક વાહનો અને સ્વચ્છ જાહેર પરિવહનનો સમાવેશ થાય છે. બેઠકના અંતે બંને દેશોએ આગામી વર્ષો માટે 'સંયુક્ત દ્રષ્ટિકોણ' રજૂ કર્યો. પીએમ મોદીએ કહ્યું કે આ બેઠક ભારત અને સેશેલ્સ વચ્ચેની મિત્રતાને એક નવા સ્તરે લઈ જશે.

### ટીના અંબાણી...

છે. ''આલ્યા, માલ્યા અને જમાલ્યા'' જેવી સ્થિતિમાં મુકાયેલા અંબાણી ગ્રુપ સામે હવે કેન્દ્રીય એજન્સીઓએ મોરચો ખોલ્યો છે. રૂ. ૪૦,૦૦૦ કરોડના કથિત મની લોન્ડરિંગના આરોપોની તપાસ માટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ ખાસ તપાસ ટીમ (SIT) ની રચના કરી છે.

આ તપાસનો રેલો હવે અનિલ અંબાણીના ઘર સુધી પહોંચ્યો છે. તેમની પત્ની ટીના અંબાણીને પૂછપરછ માટે સમન્સ પાઠવવામાં આવ્યું હતું, જોકે તેઓ હાજર થયા નહોતા, જેથી તેમને ફરીથી તેડું મોકલવામાં આવ્યું છે તપાસનો મુખ્ય વિષય મેનહટન, ન્યૂયોર્કમાં ખરીદાયેલો રૂ. ૭૦ કરોડનો આલીશાન એપાર્ટમેન્ટ છે. ઊઉ ને શંકા છે કે રિલાયન્સ કોમ્યુનિકેશન દ્વારા લેવામાં આવેલી લોનના નાણાં શેલ કંપનીઓ દ્વારા વિદેશ મોકલીને આ મિલકત ખરીદવામાં આવી હતી.

સુપ્રીમ કોર્ટે ૪ ફેબ્રુઆરીના રોજ આપેલા આદેશમાં સ્પષ્ટ કર્યું હતું કે બેંકોના નાણાં જે રીતે ડાયવર્ટ કરવામાં આવ્યા છે, તેની ઉંડી તપાસ થવી જરૂરી છે. કોર્ટના માર્ગદર્શન હેઠળ જ ઈડીએ આ સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) બનાવી છે.કુલ કૌભાંડ અંદાજે રૂ. ૪૦,૧૮૫ કરોડનું છે રિલાયન્સ હોમ ફાઈનાન્સ અને રિલાયન્સ કોમર્શિયલ ફાઈનાન્સ દ્વારા ૩૩ થી વધુ બેંકો સાથે કરાયેલી છેતરપિંડી તપાસ કરશે તેમજ ઈડી અત્યાર સુધીમાં અંબાણી ગ્રુપની રૂ. ૧૨,૦૦૦ કરોડની ૨૦૪ મિલકતો ટાંચમાં લઈ ચૂકી છે.

### સુપ્રીમની તાકીદ...

આઈટી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ મજબૂત બનાવવું પડશે. માત્ર ડિજિટલ પેમેન્ટની સુવિધા આપવી પૂરતી નથી, પરંતુ તે સુવિધા સુરક્ષિત છે તે સુનિશ્ચિત કરવું પણ એટલું જ જરૂરી છે. જો કોઈ વ્યવહાર ગ્રાહકની સામાન્ય પેટર્નથી અલગ હોય અથવા શંકાસ્પદ લાગે, તો બેંકની ઓટોમેટેડ સિસ્ટમે તેને ફ્લેગ કરીને અટકાવવો જોઈએ.

ઘણીવાર જોવા મળે છે કે સાયબર ફ્રોડનો ભોગ બનેલ વ્યક્તિ પોલીસ અને બેંક વચ્ચે અટવાઈ જાય છે અને ત્યાં સુધીમાં તેના પૈસા અનેક ખાતાઓમાંથી ફરીને ઉપડી ગયા હોય છે. સુપ્રીમ કોર્ટના આ આદેશથી હવે 'ગોલ્ડન અવર' (ફ્રોડ થયાના શરૂઆતના કલાકો) માં જ કાર્યવાહી થવાની શક્યતા વધશે, જેથી ગ્રાહકના પૈસા બચાવી શકાશે.

અંતમાં, કોર્ટે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાને પણ નિર્દેશ આપ્યો છે કે તે સુનિશ્ચિત કરે કે તમામ બેંકો ગ્રાહકોના નાણાકીય ડેટા અને સંપત્તિની સુરક્ષા માટે પૂરતા પગલાં લે. આ નિર્ણયથી ડિજિટલ ઈન્ડિયાના મિશનને બળ મળશે અને બેંકિંગ સિસ્ટમ પર સામાન્ય નાગરિકોનો વિશ્વાસ વધુ દ્રઢ થશે.

### ક્રૂડ...

દિવસના સ્ટોક સાથે હું સુરક્ષિત અનુભવું છું, પરંતુ આગામી સમયમાં આ ક્ષમતા વધારવા માટે સરકાર ચોક્કસપણે વિચાર કરશે.'' હાલમાં આંધ્રપ્રદેશ અને કર્ણાટકમાં આવી વિશાળ ભૂગર્ભ તેલની ગુફાઓ આવેલી છે અને ટૂંક સમયમાં ઓડિશામાં પણ નવો પ્રોજેક્ટ શરૂ થવાની આશા છે. ઉલ્લેખનીય છે કે ભારત વિશ્વનો ત્રીજો સૌથી મોટો ક્રૂડ ઓઈલનો વપરાશકાર અને ચોથો સૌથી મોટો રિફાઈનિંગ ક્ષમતા ધરાવતો દેશ છે, જે દેશની આર્થિક સ્થિરતા માટે આ વ્યૂહાત્મક ભંડારને ખૂબ મહત્વનો બનાવે છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### મહાશિવરાત્રીના મેળા...

દેશભરના સાધુ-સંતો અને શ્રદ્ધાળુઓને સહભાગી થવા નોતરા અપાયા છે.

જૂનાગઢની ભવનાથ તળેટી રંગબેરંગી રોશનીથી અદભુત રીતે ઝગમગી ઊઠી છે, શિવરાત્રી મેળાને લઈને ભવનાથ ક્ષેત્રમાં કરવામાં આવેલ રોશનીના કારણે ભવનાથ ક્ષેત્રમાં આવતા ભાવિકોમાં અનેરો ઉત્સાહ અને આધ્યાત્મિક તેજ ઉભરાઈ રહ્યું છે.

દર વર્ષે કરતા આ વર્ષે થોડી વધુ રોશની કરી ભવનાથ ક્ષેત્રના વાતાવરણમાં નવો તેજ પાથરવામાં આવ્યો છે, અને ખાસ કરીને વિશેષ રીતે તૈયાર કરાયેલા ત્રિશુલ અને ડમરું લાઈટ વાળા હોર્લ્ડિંગ અને ભવ્ય પ્રવેશ દ્વારા શ્રદ્ધાળુઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યા છે.

ભવનાથ મંદિરની ટોચ સુધી પણ અદભુત રોશની ગોઠવવામાં આવી છે. આ સાથે પરિસરમાં પણ રોશનીનો ઝગમગાટ નયન રમ્ય બની રહ્યો છે, મહાશિવરાત્રી મેળાના પૂર્વે બે દિવસ અગાઉ શરૂ કરી દેવામાં આવેલ રોશની જુનાગઢ વાસીઓ અને ભાવિકો માટે અત્યારથી જ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. અને સોશિયલ મીડિયા ઉપર ભવનાથ ક્ષેત્રની રોશની ધૂમ મચાવી લાખોની સંખ્યામાં લાઈક મેળવી રહ્યા છે.

### ઝાકળવર્ષા...

આજે સવારે રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં જોરદાર ઝાકળ વર્ષા થવા પામી હતી. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૯૮ ટકાએ પહોચી ગયું હતુ. રાજકોટમાં વિઝિબીલીટી માત્ર ૫૦ મીટર રહેવા પામી હતી. એટલે કે ૫૦ મીટર દૂરનું કશુ જ દેખાતુ ન હતુ. વાહન ચાલકોએ વાહનોની હેડલાઈટ ચાલુ રાખવાની ફરજ પડી હતી. હાઈવે પર વાહન ચાલકોએ ભારે હાલાકીનો સામનો કરવો પડયોહતો. ઝાકળ વર્ષાના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. લઘુતમ તાપમાનમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ‘ભકિતરૂપી રસાયણની આજે આપણને જેટલી જરૂરી છે તેટલી અગાઉ ક્યારેય ન હતી’

## “આત્મા અને પરમાત્માને ભેગા કરવા નવા કોઈ સાધન – કર્મ – પરિષ્કારની જરૂર નથી, માત્ર જરૂર છે એવી ઈચ્છાની શ્રદ્ધા અને ભક્તિની!”

**ધર્મ રહસ્ય**

આ ઉપનિષદનું ખાસ લક્ષ્યતો મનુષ્ય જીવનની અનેક પ્રકારની મૌલિક સમસ્યાઓ તરફ ધ્યાન દોરવાનું છે. મનુષ્ય કોણ છે? વિશ્વમાં તેની શું સ્થિતિ છે? તેના જીવનનું સ્વરૂપ શું છે? અને આ વિશ્વનું સ્વરૂપ કેવું છે? આ પ્રશ્નોનો ઉકેલ ઈશ કે ઈશાવાસ્ય ઉપનિષદમાં આપેલ છે.

સૌ પહેલું એ કે આ સંસારના સ્વરૂપના મુળમાં એક ઈશ્વરની સત્તા રહેલી છે.જેમાં વેદનો સિધ્ધાંત એકો દેવઃ। તમામમાં એક જ દેવ રહેલો છે. તેજ છે વેદની આ મહાન શોધનું ઈશાવાસ્ય ઉપનિષદ જે રહસ્ય સમજાવે છે.

બીજુ આ સ્થૂળ દ્રશ્ય ભૌતિક જગતની પાછળ એક સુક્ષ્મ જગત છે એ સુક્ષ્મ જગત પ્રાણાત્મક જગત છે. હજારો વર્ષ પહેલા આપણા ઋષિ મૂનીઓ આ સત્ય જગતને બતાવી ગયા છે. હવે વિજ્ઞાન કહે છે કે દરેક પરમાણું માં ઈલેકટ્રોન, પ્રોટોન અને ન્યુટ્રોન રહેલા છે. જેઓ પોત પોતાની વિશાળ શકિત સંગ્રહીને બેઠા છે.તેનું વિભાજન (પરમાણુ બોમ્બ) જબ્બર દસ્ત શકિત પેદા કરે છે. આ સુક્ષ્મ જગતની ભૌતિક બાબતો હવે વિજ્ઞાનને મળી છે. પરંતુ હજુ એમ લાગે છે કે મૌલિક ઘણી બાબતો શોધવાની હજુ બાકી છે !

આ ઉપનિષદ કહે છેકે આ વિશ્વનું મુળ ગતિતત્વ અથવા પ્રાણાત્મક અથવા છંદોમય સ્પંદન ઈશ્વરની પ્રાણાત્મક શકિતમાંથી જ નીકળી રહ્યા છે. અને તેનું સ્વરૂપ એ માનવ છે. માટે મનુષ્યે પણ ભોકતા બનીને નહિ પરંતુ ‘તેનત્યકતેન ભુંજીથાઃ।’ રૂપે સર્વને વહેચીને ભોગવવાનું કહે છે.

આ ઉપનિષદમાં વૈદિક કર્મયોગનો નિયમ આપ્યો છે. જન્મ લઈ ને કોઈ પણ પ્રાણી કર્મ વગર રહી શકતો નથી તેથી કર્મ માર્ગ સ્વીકારી ને જ મનુષ્યે પોતાની અપેક્ષાઓની સિધ્ધિ માટે શતાયુ (સો વર્ષ) બનવું જોઈએ. ધર્મ યુકત કર્મો દ્વારા પ્રાપ્ત ભોગોનો અનાસકતી પૂર્વક ઉપયોગ કરવાથી માણસને કર્મનું બંધન થતું નથી. દરેકે એ નકિક કરવાનું છે કે આત્માના સુક્ષ્મ ચૈતન્ય જીવન અથવા ઈન્દ્રીયોના સ્થૂળ ભોગ એ બે માંથી કોને તે ઈચ્છે છે? ઉપરાંત પોતાના આત્માને બધા પ્રાણીઓમાં અને બધા પ્રાણીઓને પોતાના આત્મામાં રહેલા અનુભવવા એજ ઈશ્વર (વિશ્વાત્મા)નો અનુભવ છે.

આ ઉપનિષદ મુજબ અવિદ્યા એટલે કે સંસારનું ભૌતિક સ્વરૂપ અને વિદ્યા એટલે આત્માનું આધ્યાત્મિક સ્વરૂપ છે. આ બંનેને સાથે રાખીને તેના આધારે ચાલવાથી જીવન સાફલ્ય કે પૂર્ણ બને છે. આ બ્રહ્મ વિદ્યા અને કર્મયોગ બંનેનો જે મેળ કરી શકે તેની બુધ્ધિપૂર્ણ કે પ્રજ્ઞા પૂર્ણ બને છે. આમ વેદો અને ઉપનિષદો મુજબ જીવનમાં અધૂરો કે એકાંગી માર્ગ ઈષ્ટ નથી.


આમાં આત્માને પ્રજાપત્ય એટલે કે વિરાટ ઈશ્વરનો એક અંશ કહેવામાં આવ્યો છે. આમાં આત્માને સૂર્યની ઉપમા આપી છે. સૂર્ય જેમ તેની પ્રવૃત્તિરૂપે પોતાના કિરણો ફેલાવે છે. અને દિવસના અંતે સમેટી લે છે. આત્માનું આ પ્રાણાત્મક (જીવન રૂપ) સ્વરૂપ જ સૌથી સુંદર છે. તેના દર્શન આપણે જીવનભર કરીએ છીએ. આખરે મનુષ્યને એવો અનુભવ થાય છે કે જે વિરાટ પુરૂષ છે તેજ પોતે છે. વ્યકિતના શરીરમાં રહેલો પરિમિત વાયુ કે તેજ તે જણાવેલ વિરાટ વાયુ કે તેજમાં મળી જાય છે. અને આ શરીર થોડિક ભષ્મ (રાખ)ના રૂપમાં પૃથ્વીમાં મળી જાય છે. જેનો સ્વીકાર કરવા રૂપે માણસ ‘ૐ’ અક્ષરનો ઉચ્ચાર કરે છે.




આ ઉપનિષદમાં જણાવેલ છે કે ‘સત્ય ઉપરનું હિરણ્યય પાત્ર તું ખોલી નાખ ’એ ભકિતભાવ ભર્યા શ્રદ્ધા ભર્યા શબ્દો છે. ઈશ્વરને પ્રાપ્ત કરવાનું અન્ય કોઈ સાધન જ નથી સિવાય કે તેને (ઈશ્વરને) સ્વીકારી લઈ તેની સાથેના ‘અનેક નાતા’ પૈકી કોઈ પણ ગમતો નાતો સ્વીકારી તેને સીધો પ્રાર્થવો. આમ આત્મા અને પરમાત્માને ભેગા કરવા નવા કોઈ સાધન -કર્મ-પરિષ્કારની જરૂર નથી. માત્ર એવી ઈચ્છાની શ્રદ્ધાની અને ભક્તિની જરૂર છે.

કોઈપણ નીતિ શાસ્ત્રી, જ્ઞાન માર્ગી કે કર્મમાર્ગી આ જોઈ કે સાંભળીને આભો જ બની જાય ! બધુ અજ્ઞાન, તમામ પાપો દૂર કરવાનો અને પરમ સત્યનું દર્શન પામવા નો આજ માર્ગ ? જરૂર હા, ‘ભૂતળ ભકિત પદારથ મોટુ’ એ કહેવાની શકિત ઈશ્વર સાથે તદ્રુપ-પૂર્ણ બનેલા ભકતની જ હોય શકે ! આ ઉપનિષદે રજુ કરેલુ પરમ સત્ય જ આ છે !

આ અદ્‌ભૂત ચિત શકિતને જ યોગ વિદ્યા સમાધિશકિત પણ કહે છે. અને તેજ ઋતંભરા પ્રજ્ઞાનું મૂળ છે. જ્ઞાન માર્ગીઓનું નિદિધ્યાસન પણ આજ છે.



લેખક
એસ. બી. ગોહિલ
પૂર્વ આસિ. પોલીસ કમિશનર
મો.૯૯૨૫૫૦૦૦૬૭

ઉપનિષદના ઋષિઓ આ ભકિતભાવ ભર્યા ચિતની યોગ શકિતથી બરાબર માહિતગાર હતા ભકિતરૂપી પરમ રસાયણની આજે આપણને જેટલી જરૂર છે. તેટલી અગાઉ ક્યારેય ન હતી. આજે આપણા ચિત પાપ જડ ઉપરાંત જ્ઞાન-જડ વધારે થઈ ગયા છે. આજે તો જયારે આપણે કર્મ અને ઉપાસના નોઅધિકાર પણ ખોઈ બેઠા છીએ ત્યારે વેદાંતના માયાવાદને આધારે જ્ઞાનમાર્ગનું સમર્થન કાઢી આપતા હડહડતા ‘જ્ઞાન’ માર્ગનો પ્રચાર કરતા સંન્યાસી આશ્રમો માઈક લાઉડસ્પીકરોથી ગાજી રહ્યા છે.

આ ઉપનિષદના અમૂક મંત્રોમાં આખી ‘ગીતા’ની ફિલસુફી આવી જાય છે. આ ઉપનિષદના મંત્રોને ગીતા તેનું માધ્યમ છે. એમ સમજી અર્થ જાણવામા આવે તો તે તત્વજ્ઞાન સ્પષ્ટ અને વિશદ થઈ જાય. આપણા આ બે મહાન ધર્મ ગ્રંથો ના તત્વજ્ઞાન અંગે જે સામ્ય છે તેવું બીજે ભાગ્યે જ જોવા મળે છે.

આ ઉપનિષદ કહે છે ‘હે મનુષ્ય, દુનિયામાં જે કાંઈ છે તે બધુ ચલ, અસ્થિર, જતુ કે પલલટાતું ક્ષણિક છે. એમ છતા તેમાં અચલ, સ્થિર કે સ્થાયિ એક તત્વ છે કે જે તેનો આધાર છે, તેનો ઈશ કે ઈશ્વર કે નિયામક પ્રભુ કે પરમાત્મા છે.

પુષ્પમાં જેમ વાસ (સુગંધ) રહેલી છે તેમ આભૂત પદાર્થોની ભરેલા જગતમાં તેના સ્થાયિ ભાવરૂપ એવા ઈશ્વરનો વાસ રહેલો છે.

જગતની પ્રકૃતિ સતત ગતિશિલ છે ‘જે જોયુ તે જાય જ છે’ બધુ આવે છે અને જાય છે. એમ જગતની ઘટમાળ ફર્યા કરે છે. પરંતુ આ બધુ અધ્ધરતાલ નથી તેમાં કાયદો છે. નિયમન છે કે જે તેમાં સુત્ર રૂપે રહેલો છે. આમ સતત ફરતા આ ચલિત જગતમાં તે છે. તે સત્ય છે. એ ઈશ્વર - કે ઈશ છે.

આ ઈશ તેજસ્વી કાયા રહિત કે નિરાકાર અને અભેધ્ય-અચ્છેદ, અતુટ છે. સ્નાયુ વિગેરે દેહની ધાતુઓ વગરના એક રસ કે અખંડ શુધ્ધ, નિરામય અને નિષ્પાપ, પવિત્ર એવા (તિષ્ટત્)ને તેણે તે (આત્માએ કે ઈશે) ચારે તરફ (ચોગદરમ્) વિશ્વને આવરી લીધું છે. તે ઈશ કે આત્મા કવિ, અંતર્યામી, સર્વ વ્યાપી સ્વયંભુ છે.

ગીતામાં ભગવાન વેદવ્યાસજીએ ક્ષર અને અક્ષર એમ બે પુરૂષો ગણાવી તેનાથી આગળ ત્રીજો અને ત્રણેયમાં ઉત્તમ એવા પુરૂષ અંગે કહીને જે વર્ણવ્યો છે. તે જ આ ઈશ છે.

(ગીતામાં કહ્યું છે કે “જગતમાં ક્ષર એટલે નાશવંત અને અક્ષર એટલે અવિનાશી એવા પુરૂષો છે. દુન્યવી ભૂત માત્ર ક્ષર છે. જે જીવ છે. તે કુટસ્થ કે અક્ષર - કહેવાય છે અને તે ઉપરાંત એકબીજા ઉત્તમ પુરૂષ છે તે પરમાત્મા કહેવાય છે. એ અવ્યય ઈશ્વર છે, ત્રણે લોકમાં પ્રવેશ કરીને તેમને ધારણ કરી પોષે છે)

આમ ત્રણ પુરૂષ કહેવાનું તાત્પર્ય એ છે કે મનુષ્ય યોનિ બુધ્ધિજીવી છે. તે સમજબુધ્ધિ - વિચાર કે દ્રષ્ટિ વિના તે વર્તી શકે નહિં કેમ કે જેવી દ્રષ્ટિ તેવી સૃષ્ટિ તે લોક બને છે. આથી મનુષ્ય આત્મદર્શી બની કર્મના લેપ વગર શોકમોહના સંસાર રૂપી સાગરમાં ડૂબ્યા વિના પોતાના આયુષ્યના પૂરા ૧૦૦ વર્ષ જીવશે કે તેમણે જીવવું જ જોઈએ. એટલે કે વિદ્યામય અને યજ્ઞજીવન જીવવું જોઈએ. એટલે કે કર્મ સમજીને કરવું જોઈએ કે વિશ્વનો ઈશ છે જે યથાતથ બધુ ચલાવે છે. જીવોના યોગ અને ક્ષેમ વહનારો પણ તેજ છે. આથી તે અંગે લોભ - લાલસા - રાગદ્રેષ - ક્રોધ કે મોહમાં નહીં પડતા - કર્મો કે તેના ફળમાં આશક્તિ નહિં રાખતા કેવળ નિષ્કામભાવ રાખીને જીવન જીવવું જોઈએ, નહિં તો અવિદ્યા તમને મૃત્યુ દેખાડશે. વિદ્યા તમને સ્વર્ગથી લલચાવે તો ત્યાંય પુણ્ય ક્ષીણ થયે અંતમાં મૃત્યુ તો હશે જ ! આમ બન્ને રીતે મૃત્યુની ભૂમિકા પકડીને આત્મા તરફ વળવામાં (ધર્મ કર્માભિમાની અર્જુન પેઠે કે મરણ શરણર્થી નચિકેતાની જેમ !) બુધ્ધિમતા છે, આધ્યાત્મ ગતિ છે જે ઉત્તમ છે.

**વિશ્વ રસ : “ભૂતળ ભક્તિ રસાયણ મોટુ સકળ લોકમાં નાહી રે” ભક્તિ કવિ :- નરસિંહ મહેતા**

# ઉપલેટા: ડુમીયાણી વ્રજભૂમિ શૈક્ષણિક સંકુલમાં ગુરૂવારે વાર્ષિકોત્સવ

## વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ, નર્સિંગ સ્કૂલના વિદ્યાર્થીઓના શપથ સમારોહ સહિત વિવિધ કાર્યક્રમોનું આયોજન

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**



પીપલ્સ વેલ્ફેર સોસાયટી સંચાલિત વ્રજભૂમિ શૈક્ષણિક સંકુલ દ્વારા આગામી ૧૨ ફેબ્રુઆરી ને ગુરુવારના રોજ સવારે ૯:૩૦ કલાકે એક ભવ્ય ‘વાર્ષિકોત્સવ ૨૦૨૬’નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં શૈક્ષણિક, સાંસ્કૃતિક અને રમત-ગમત ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાશે. આ સાથે જ નર્સિંગ સ્કૂલના નવા વિદ્યાર્થીઓ માટે ‘લેમ્પ લાઈટિંગ’ અને શપથ વિધિ તેમજ સંસ્થામાંથી નિવૃત થતા કર્મચારીઓનો સન્માન સમારોહ અને ‘વાલી સંમેલન’ જેવા બહુવિધ કાર્યક્રમો દ્વારા ગ્રામીણ સંસ્કૃતિના જતન અને વિદ્યાર્થીઓની શક્તિને બિરદાવવાનો પ્રયાસ કરવામાં આવશે.

આ પ્રસંગે પ્રેરણાત્મક પાથેય પીરસવા માટે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના પ્રેરક વક્તા અપૂર્વમુનિ સ્વામી ખાસ ઉપસ્થિત રહી પ્રેરણાત્મક પ્રવચન આપશે. કાર્યક્રમનું અધ્યક્ષ સ્થાન ગુજરાત સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર તેમજ ગ્રામ વિકાસ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા શોભાવશે. આ સમારોહમાં સંસ્થાના વડિલ અને ટ્રસ્ટી સવિતાબેન મણવર પ્રેરણાત્મક ઉપસ્થિત રહેશે. વકતાઓ દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી તેમના ઉજ્જ્વળ ભવિષ્ય માટે માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ધોરાજી-ઉપલેટાના ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલીયા, રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા, અને જિલ્લા ભાજપ મહામંત્રી રવિભાઈ માકડીયા હાજરી આપશે. આ ઉપરાંત ઉપલેટા નગરપાલિકા પ્રમુખ વર્ષાબેન ગજેરા, ઉપલેટા તાલુકા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન હુંબલ, ડુમિયાણી કડવા પટેલ સમાજના પ્રમુખ ગજેન્દ્રભાઈ કોઠડીયા તથા ભાયાવદર નગરપાલિકા પ્રમુખ રેખાબેન સીણોજીયા ખાસ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારશે. તેમ સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી ડો. ઉર્વશીબેન ખાનપરા અને ટ્રસ્ટી ડો. સંજયભાઈ ખાનપરા એ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# બગસરામાં આડેધડ વીજકાપથી પ્રજા પરેશાન: ધંધા રોજગાર પર ‘માઠી’ અસર

## વીજ ધાંધીયાની રજૂઆતો છતા તંત્રની હોતી હે ચલતી હે નીતિ સામે નાગરિકો મજબુત

**અબતક, સમીર વિરાણી, બગસરા**




બગસરામાં આડેધડ વિજકાપના સીલસીલાથી પ્રજા પરેશાન થઈ રહી છે.

બગસરામાં પીજીવીસીએલ લાઈટ કાપ ને લઈને દ્વારા છેલ્લા બે વર્ષથી વધુ સમય ગાળામાં ધંધા રોજગારમાં ભારે અસર જોવા મળી છે છેલ્લા આઠ દિવસ થયા સતત લાઈટ કાપને લીધે હોસ્પિટલમાં ઈમરજન્સી સેવાઓ ખોરવાઈ છે ડીલેવરી પેશન્ટ અકસ્માતો જેવા ઓપરેશન માં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે ત્યારે બગસરા ના ડેપ્યુટી એન્જિનિયર મહિડા ને સંસ્થાઓ અને બગસરાના આગેવાનોએ અનેકવાર રજૂઆત કરીએ છતાં પોતાની મનમાની કરતા હોય ત્યારે બગસરામાં રોજગાર ધંધા છેલ્લા બે વર્ષ થયા લાઈટ કાપ્યા લીધે ભાગી ગયેલ હોય છતાં આંખ આડા કાન કરી અને લોકોની ફરિયાદ સાંભળતા ન હોય જેથી આવી ભયંકર મુશ્કેલીનો સામનો બગસરા ની પ્રજાને કરવો પડે છે ત્યારે ગુરુવારે શુક્રવારે શનિવારે રવિવારે અઠવાડિયામાં ગમે એ વારે લાઈટ કાપ કરી અને બગસરા ની પબ્લિકને ખોટી રીતે હેરાનગતિ કરતા હોવાની ફરિયાદ ઉઠી છે હાલમાં જ નગરપાલિકા તાલુકા પંચાયત જિલ્લા પંચાયતની ચૂંટણી નજીક હોય ત્યારે બગસરા તાલુકાના પ્રજા અને ખેડૂતોને લાઈટને લઈને હેરાનગતિ બંધ નહીં થાય તો લોકોમાં નારાજગી જોવા મળી છે તેવી શક્યતાઓ છે ત્યારે પીજીવીસીએલ માં બે વર્ષ પહેલા ડેપ્યુટી એન્જિનિયર વિરડીયા હતા ત્યારે બગસરામાં લાઈટો નો કાપ એટલો બધો હોતો નહીં છેલ્લા અઠવાડિયામાં લાઈટના હાલતા ઝટકા હોવા લાઈટ કાપ કરવી જેથી વેપારીઓને લાઈટ કાપ થતા હાલ લગ્નની સીઝન હોય રૂપિયા કમાવા નો સમય હોય દરજીકામમાં આરી ભરતકામ આ ઉપરાંત અનેક લાઈટને લગતા ધંધા ને વસ્તુ અને કપડાઓ સીવીને ગ્રાહકોને આપવાના હોય ત્યારે પૂરતું કામ ન થવાથી ધંધા રોજગારમાં ભારે અસર જોવા મળી છે.બગસરા ના વેપારીઓ તથા સંસ્થાઓ દ્વારા ભારે નારાજગી જોવા મળી છે.

# ધ્રાંગધ્રા: રોકડિયા સર્કલ પર ટ્રાફિક સમસ્યા દૂર કરવા પોલીસની કડક કાર્યવાહી

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**



ધ્રાંગધ્રા શહેરમાં રોજિંદી ટ્રાફિકની ગંભીર સમસ્યાને ધ્યાને લઈ ધ્રાંગધ્રા સીટી પોલીસ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ધ્રાંગધ્રા સીટી પોલીસના પીઆઈ એમ.યુ.મશી માર્ગદર્શન હેઠળ શહેરના મુખ્ય રોકડિયા સર્કલ વિસ્તારમાં વિશેષ ટ્રાફિક ડ્રાઈવ યોજવામાં આવી હતી. આ ડ્રાઈવ દરમિયાન રોકડિયા સર્કલ ખાતે ગેરકાયદે રીતે દોડતી રિક્ષાઓ, ડમ્પર, મોટરસાયકલ ચાલકો તેમજ ભારે વાહનો અને ડમ્પરો સામે પોલીસ દ્વારા લાલ આંખ બતાવવામાં આવી હતી. જેમાં ટ્રાફિક નિયમોનો ભંગ કરનારા ડમ્પર વાહનોને રોકી તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી તેમજ કેટલાક ગેરકાયદેસર ડમ્પરોને પકડી ડીટેન કરવામાં આવ્યા હતા. પોલીસની આ કાર્યવાહીથી રોકડિયા સર્કલ વિસ્તારમાં લાંબા સમયથી સર્જાતી ટ્રાફિકની અફરાતફરીમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો હતો. વાહનચાલકોમાં ટ્રાફિક નિયમો પ્રત્યે જાગૃતિ આવી હતી અને સામાન્ય જનતાએ પણ પોલીસની આ કાર્યવાહીનું સ્વાગત કર્યું હતું. ધ્રાંગધ્રા સીટી પોલીસ દ્વારા શહેરમાં ટ્રાફિક વ્યવસ્થા સુચારૂ રહે તે માટે આવનારા દિવસોમાં પણ આવી જ કડક કાર્યવાહી ચાલુ રાખવાની ખાતરી આપવામાં આવી છે.

# રાજકોટ જિલ્લા ભાજપ અનુજાતી મોરચા મહામંત્રી જય સાગઠીયાનો આજે જન્મદિવસ




રાજકોટ ની આત્મીય કોલેજમા અભ્યાસ કરી રાજકોટ જીલ્લા ભાજપના સક્રિય સભ્ય તરીકે રાજકીય કારકિર્દી ની શરૂઆત કરી સોશિયલ મીડિયા ઈન્ચાર્જ જિલ્લા યુવા ભાજપ ઉપપ્રમુખ તેમજ હાલમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા રાજકોટ જીલ્લા ભાજપ અનુસૂચિત જાતિ મોરચાના મહામંત્રી નો કાર્યભાર આપેલ છે તેવા ભાજપના સક્રિય કર્મનિષ્ઠ કાર્યકર અને પૂર્વ ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયાના પુત્ર જયભાઈ સાગઠીયા નો જન્મ દિવસ છે તેમને રાજકીય અગ્રણીઓ પદાધિકારીઓ તેમજ કાર્યકરો મિત્ર સર્કલ દ્વારા મો. ૯૯૭૮૪ ૦૦૩૮૪ જન્મ દિવસની શુભેચ્છા મળી રહેલ છે.

# સમ્રાટ ગ્રુપવાળા ચિંતનભાઈ ચાંગેલાનો આજે જન્મદિવસ



રાજકોટ જીલ્લા ભાજપના પૂર્વ મહામંત્રી મનીષભાઈ ચાંગેલાના મોટા પુત્ર તથા સમ્રાટ પબ્લીસીટી અને સમ્રાટ એન્ટરપ્રાઈઝ થકી અનોખી નામના મેળવનાર ચિંતનભાઈ ચાંગેલાનો આજે જન્મદિન છે. નાની ઉંમરના ચિંતનભાઈએ જાહેરખબર અને ઔદ્યોગિક ક્ષેત્રમાં સૌરાષ્ટ્રભરમાં “સમ્રાટ” સ્થાન મેળવ્યું છે. અખબારોમાં જાહેરખબર ક્ષેત્રે સમ્રાટ પબ્લીસીટી તથા ઔદ્યોગિક કક્ષાએ માર્કેટિંગ ક્ષેત્રે સમ્રાટ એન્ટરપ્રાઈઝ એમ બંને બીઝનેસ યુનીટને વટવૃક્ષ બનાવવામાં “ચિંતનાત્મક” પ્રયત્નો કર્યા છે, તેમના જન્મદિને ૯૭૧૨૯ ૯૫૧૩૩ પર જન્મદિનની શુભેચ્છા વર્ષા થઈ રહી છે.

# વાલ્મિકી સમાજ આયોજીત સમુહલગ્નોત્સવમાં નવ દીકરીઓને હોંશભેર સાસરે વળાવાય



**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

ધોરાજી શહેરની ભાગવતસિંહજી હાઈસ્કુલ ખાતે સમસ્ત વાલ્મિકી સમાજ દ્વારા ચોથા સમૂહ લગ્ન યોજાયા હતા જેમાં આઠ નવ દંપતિઓએ પ્રભુતમ પગલા પાડ્યા હતા

વહેલી સવારથી જાનૈયા નો આગમન થયું હતું અને ડીજેના તાલે જાનૈયાઓ ઓનાસામૈયાકરવામાં આવ્યા હતા

આઠ દંપતિઓને આશીર્વાદ દેવા માટે ધોરાજી શહેરના સામાજિક આગેવાનો નગરપાલિકાના સદસ્ય તેમજ ભાઈઓ તથા બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા

હાલ આ વાલ્મિકી સમસ્ત સમાજ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું જેમાં એક પણ રૂપિયો ફી લેવામાં આવી ન હતી અને સામાજિકતાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું વિવિધ દાતાઓ પણ ઉપસ્થિત રહ્યા હતા અને દાતાઓનું પુષ્પગુચ્છ તથા સાલઓ ઢળી સન્માન કરવામાં આવ્યું હતું

હાલ આ સમૂહ લગ્નને સફળ બનાવવા માટે આશિષભાઈ જેઠવા તથા તેમની ટીમ દ્વારા ભારે જેમ જ ઉઠાવવામાં આવી

હાલ આશિષભાઈ જેઠવા વધુમાં જણાવ્યું હતું કે કુર રીવાજોમાંથી દૂર થાય ખોટા ખર્ચાઓ બંધ થાય અને ગરીબ મધ્યમ વર્ગના લોકોને મદદરૂપ બનીએ એ જ અમારો ઉદ્દેશ્ય છે જેને લઈને આ સમૂહ લગ્નનું આયોજન કર્યું હતું.

# ગાંધીધામમાં રહેણાંક જમીનોને કોમર્શીયલ દરજજો આપવા ચેમ્બર ઓફ કોમર્સની માંગ

## શહેરમાં કોમર્શીયલ પ્લોટોની જુજ સંખ્યામાં વેપાર ઉદ્યોગને મુશ્કેલી: યોગ્ય વ્યવસ્થા જરૂરી

**અબતક, ભારતીમાખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ નગરરચનામાં રહેણાંક પ્લોટની સામે માત્ર પાચ ટકા જ કોમર્શીયલ માન્યતા વાળા પ્લોટના કારણે શહેરમાં વેપાર ઉદ્યોગ માટે જમીનની તંગી દૂર કરવા કોમર્શીયલ જમીનોની માન્યતા આપવા ચેમ્બરે માંગ કરી છે.

ગાંધીધામમાં સને ૧૯૫૦ના દાયકામાં ઘડાયેલ મૂળ આયોજનમાં સમગ્ર સંકુલમાં માત્ર અંદાજે ચારથી પાંચ ટકા જેટલી જગ્યા જ કોમર્શીયલ હેતુ માટે ફાળવાઈ હતી, જે તે સમયની મર્યાદિત જરૂરિયાતોને ધ્યાનમાં રાખી પૂરતી ગણાતી હતી. પરંતુ આજે જ્યારે, ગાંધીધામ-આદિપુર મહાનગર કચ્છની આર્થિક રાજધાની અને એકમાત્ર મહાનગરપાલિકા ધરાવતું શહેર બની ચૂક્યું છે ત્યારે એ જૂનું માળખું શહેરના વ્યાપક વિકાસને અનુકૂળ રહ્યું નથી, આ વાસ્તવિકતા ચેમ્બરે પ્રબળ રીતે મ્યુનીસીપલ કમિશનર મનીષ ગુરવાની સમક્ષ ઉજાગર કરી છે.

કંડલા-મુન્દ્રા જેવા બે મહાબંદરો, તુણા પોર્ટ, વીરા ખાતે આકાર લઈ રહેલ શિપબિલ્ડિંગ યાર્ડ, ડી.પી. વર્લ્ડ, ગ્રીન હાઈડ્રોજન અને રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ્સ, એશિયાનો સૌથી મોટો ટીમ્બર ઝોન, દેશનો સૌથી મોટો નમક ઉદ્યોગ,કાસેઝ-ઈફકો, સ્ટીલ, સિરામિક,ઓઈલ, ટ્રાન્સપોર્ટ-લોજિસ્ટિક્સ તથા હોટલ-રેસ્ટોરંટ ક્ષેત્રોની વિશાળ વૃદ્ધિએ ગાંધીધામને, વૈશ્વિક વેપાર નકશામાં વિશેષ સ્થાન અપાવ્યું છે. દેશના લગભગ ૪૦ ટકા એક્ઝિમ ટ્રેડનું સંચાલન અહીંથી થાય છે. આ ઔદ્યોગિક હરણફાળના કારણે વસ્તી, રોજગાર અને વ્યવસાયિક પ્રવૃત્તિઓમાં અપૂર્વ વધારો થયો છે,પરંતુ કાયદેસર કોમર્શીયલ પ્લોટોની સંખ્યા યથાવત રહેતાં, દુકાન-ઓફિસ માટે જગ્યાની તીવ્ર અછત ઊભી થઈ છે. પરિણામે અનેક વેપારીઓ રહેણાંક મિલકતોમાં વ્યવસાય કરવા મજબૂર બનતાં, કાયદાકીય અનિશ્ચિતતા સર્જાઈ રહી છે જે, મહાનગર માટે સ્વસ્થ પરિસ્થિતિ નથી.

ચેમ્બર પ્રમુખ તેજાભાઈ કાનગડે જણાવ્યું હતું કે, ચેમ્બરે, મ્યુનિસિપલ કમિશ્નર મનીષ ગુરવાની સમક્ષ કરેલી રજૂઆતમાં ખાસ ઉલ્લેખ કર્યો છે કે, મહાનગરપાલિકા બન્યા પછી શહેરનો ભૌગોલિક વ્યાપ અંજાર સુધી વિસ્તર્યો છે, આસપાસના ગ્રામ્ય અને ઔદ્યોગિક ક્લસ્ટરોનો મોટાપાયે સમાવેશ થયો છે અને બહારથી આવતી વસ્તીમાં નોંધપાત્ર વધારો થયો છે. આ નવા પરિપ્રેક્ષ્યમાં કોમર્શીયલ સ્પેસની માંગ અનેકગણી વધી ગઈ છે. ટાગોર રોડ, રામબાગ રોડ, એરપોર્ટ રોડ સહિત અનેક વિસ્તારો સ્વાભાવિક રીતે વેપારિક સ્વરૂપ ધારણ કરી ચૂક્યા હોવા છતાં, કાયદેસર દરજ્જો ન મળતાં વિકાસ અવરોધાય છે. આ સત્ય હકીકતને ચેમ્બરે તથ્યો સાથે પત્ર સ્વરૂપે વ્યથા ઠાલવીને રજૂ કરી છે.

ચેમ્બરના માનદ મંત્રી મહેશ તીર્થાણી એ જણાવ્યું હતું કે, શહેરની સૌથી મોટી કમનસીબી એ છે કે, દેશનું કદાચ આ એકમાત્ર મહાનગર છે જેના પાસે પોતાની એક ઈંચ જમીન પણ ઉપલબ્ધ નથી; સમગ્ર જમીન કેન્દ્રીય પોર્ટ અને શીપીંગ મંત્રાલયના ડીપીએ-કંડલા તથા એસ.આર.સી.ના નિયંત્રણ હેઠળ છે. આવી અનોખી પરિસ્થિતિમાં ગાંધીધામ ચેમ્બરે બે વ્યવહારુ વિકલ્પો રજૂ કર્યા છે જેમાં પ્રથમ, સંબંધિત વિસ્તારોને સીધા કોમર્શીયલ તરીકે જાહેર કરાવવું અથવા બીજું, આ વિસ્તારોને મહાનગરપાલિકાને હસ્તાંતર કરી મહાપાલિકાના સંચાલન મારફતે કાયદેસર કોમર્શીયલ નિયમન પ્રક્રિયા અમલમાં મૂકવી. આ પગલાંથી લાખો નાગરિકોને સ્થાયી રાહત મળશે,

પત્રમાં ગાંધીધામ ચેમ્બરે સ્પષ્ટ રીતે જણાવ્યું છે કે, તંત્રની રજૂઆત માત્ર વેપારીઓ માટેજ નહીં પરંતુ સમગ્ર શહેરના સુવ્યવસ્થિત અને કાયદેસર વિકાસ માટેની છે. રહેણાંક-વ્યાપાર-ઉદ્યોગ વચ્ચેનું સંતુલન, મહાનગરની નિયમાવલી મુજબ કોમર્શીયલ સ્પેસની યોગ્ય ટકાવારી, રોજગાર સર્જન અને નાગરિક સુવિધાઓ, આ બધું એકસાથે વિચારવાની જરૂર છે.

# બીસીસીઆઈના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ લિસ્ટમાંથી શમી-ઈશાન કિશન સહિત પાંચ ખેલાડીઓ બહાર



## ભારતના પૂર્વ સુકાની રોહિત શર્મા અને વિરાટ કોહલીને મોટો ફટકો, બંનેને ગ્રેડ-એ ગ્રેડમાંથી ગ્રેડ-બીમાં સામેલ કરાયા

### પુરુષ ટીમના વાર્ષિક કોન્ટ્રાક્ટમાં કુલ ૩૦ ખેલાડી સામેલ

ગ્રેડ એ - શુભમન ગિલ, જસપ્રીત બુમરાહ અને રવીન્દ્ર જાડેજા.

ગ્રેડ બી - વોશિંગ્ટન સુંદર, રોહિત શર્મા, વિરાટ કોહલી, કેએલ રાહુલ, મોહમ્મદ સિરાજ, હાર્દિક પંડ્યા, ઋષભ પંત, કુલદીપ યાદવ, યશસ્વી જાયસ્વાલ, સૂર્યકુમાર યાદવ અને શ્રેયસ અય્યર.

ગ્રેડ સી - અક્ષર પટેલ, તિલક વર્મા, રિંકુ સિંહ, શિવમ દુબે, સંજુ સેમસન, અર્શદીપ સિંહ, પ્રસિદ્ધ કૃષ્ણા, આકાશ દીપ, ધ્રુવ જુરેલ, હર્ષિત રાણા, વરુણ ચક્રવર્તી, નીતિશ કુમાર રેડ્ડી, અભિષેક શર્મા, સાઈ સુદર્શન, રવિ બિશ્નોઈ અને ઋતુરાજ ગાયકવાડ.

### મહિલા ટીમના વાર્ષિક કોન્ટ્રાક્ટમાં કુલ ૨૧ ખેલાડી સામેલ

ગ્રેડ એ - હરમનપ્રીત કૌર, સ્મૃતિ મંધાના, જેમિમા રોડ્રિગ્સ અને દીપ્તિ શર્મા

ગ્રેડ બી - રેણુકા ઠાકુર, શેફાલી વર્મા, રિચા ઘોષ અને સ્નેહ રાણા

ગ્રેડ સી - રાધા યાદવ, અમનજોત કૌર, પ્રતિકા રાવલ, ક્રાંતિ ગૌડ, ઉમા છેત્રી, અરુંધતી રેડ્ડી, શ્રી ચરણી, યાસ્તિકા ભાટિયા, હરલીન દેઓલ, કાશ્વી ગૌતમ, જી. કમલિની, વૈષ્ણવી શર્મા અને તેજલ હસબનીસ

**અબતક, રાજકોટ**

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ આગામી સિઝન (૨૦૨૫-૨૬) માટે ભારતીય ટીમનો 'સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ' જાહેર કરીને ક્રિકેટ જગતમાં હલચલ મચાવી દીધી છે. આ વખતે બોર્ડે કેટલાક આકરા નિર્ણયો લીધા છે. જ્યાં એક તરફ યુવા કેપ્ટન શુભમન ગિલને 'બઢતી' મળી છે અને તેઓ ગ્રેડ એ માં પહોંચ્યા છે, ત્યાં બીજી તરફ રોહિત શર્મા અને વિરાટ કોહલી જેવા દિગ્ગજોનું કદ ઘટ્યું છે. પરંતુ સૌથી ચોંકાવનારા સમાચાર એ છે કે આ યાદીમાંથી ટીમ ઈન્ડિયાના ૫ પ્રમુખ ખેલાડીઓના નામ ગાયબ છે, જેમાં અનુભવી ફાસ્ટ બોલર મોહમ્મદ શમીનો પણ સમાવેશ થાય છે.વનડે વર્લ્ડ કપમાં તરખાટ મચાવનાર શમી લાંબા સમયથી ઈજા અને ટીમ કોમ્બિનેશનને કારણે બહાર છે. હવે તેને સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાંથી પણ બાકાત રાખવામાં આવ્યો છે, જે તેના ચાહકો માટે નિરાશાજનક છે.

બીજી તરફ, વિકેટકીપર બેટર ઈશાન કિશન ને સતત બીજા વર્ષે કોન્ટ્રાક્ટ લિસ્ટમાં સ્થાન મળ્યું નથી. અગાઉ ઘરેલુ ક્રિકેટ ન રમવાને કારણે તેને બહાર કરાયો હતો અને આ વખતે પણ બોર્ડનું વલણ તેના પ્રત્યે કડક રહ્યું છે. પુરુષ ટીમના વાર્ષિક કોન્ટ્રાક્ટમાં ગ્રેડ-એમાં શુભમન ગિલ, જસપ્રીત બુમરાહ અને રવીન્દ્ર જાડેજાનો સમાવેશ કર્યો છે. સૌથી ચોંકાવનારી વાત એ છે કે, બોર્ડે રોહિત અને કોહલીને ગ્રેડબીમાં સામેલ કર્યા છે. જ્યારે મહિલા ટીમના વાર્ષિક કોન્ટ્રાક્ટમાં હરમનપ્રીત કૌર, સ્મૃતિ મંધાના, જેમિમા રોડ્રિગ્સ અને દીપ્તિ શર્માને સામેલ કરવામાં આવી છે. આમ બીસીસીઆઈ વાર્ષિક સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાં ૩૦ પુરુષ ખેલાડી અને ૨૧ મહિલા ખેલાડીઓને સામેલ કરાયા છે.

# આફ્રિકાનો કેનેડા સામે ૫૭ રને વિજય: માર્કરમ- એન્ગિડી ઝળક્યા



## દક્ષિણ આફ્રિકાના ૨૧૩ રનને ચેઝ કરવા ઉતરેલી કેનેડા ૧૫૬ રન બનાવી શકી: કપ્તાન માર્કરમની આક્રમક ફિફ્ટી, એન્ગિડીની ૪ વિકેટ, કેનેડાના ધાલીવાલના લડાયક ૬૪ રન એળે ગયા

**અબતક, રાજકોટ**

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાયેલી દક્ષિણ આફ્રિકા અને કેનેડા વચ્ચેની મેચમાં આફ્રિકાનો ૫૭ રને વિજય થયો હતો. આફ્રિકાએ પ્રથમ બેટિંગ કરતા ૪ વિકેટના ભોગે ૨૧૩ રન બનાવ્યા હતા. કપ્તાન માર્કરમની ઝડપી ફિફ્ટી ઉપરાંત અંતિમ ઓવરોમાં મિલર અને સ્ટબ્સની ફટકાબાજીના કારણે ટીમનો સ્કોર ૨૦૦ને પાર પહોંચ્યો હતો. કેનેડા તરફથી માત્ર અંશ પટેલે બોલિંગમાં પ્રભાવ દેખાડી ૩ વિકેટ ઝડપી હતી. ૨૧૩ રનના ટાર્ગેટને ચેઝ કરવા ઉતરેલી કેનેડાની ટીમ નિર્ધારીત ૨૦ ઓવરમાં ૮ વિકેટના ભોગે ૧૫૬ રન બનાવી શકી હતી. કેનેડા વતી નવનીત ધાલીવાલે લડાયક ૬૪ રન બનાવ્યા હતા. પરંતુ તે ટીમને જીત અપાવી શક્યો ન હતો. દક્ષિણ આફ્રિકાના એન્ગિડીએ સૌથી વધુ એન્ગિડીએ ૪ વિકેટ ઝડપી હતી. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં દક્ષિણ આફ્રિકાની ટીમે શાનદાર પ્રદર્શન કરતા પોતાની નિર્ધારિત ૨૦ ઓવરમાં ૨૧૩ રનનો વિશાન સ્કોર કેનેડા સામે ઉભો કર્યો હતો. કેનેડાની ટીમે ટોસ જીત્યા બાદ આફ્રિકાને બેટિંગ કરવા માટે આમંત્રણ આપ્યું હતું. દક્ષિણ આફ્રિકાના ઓપનર માર્કરમ અને ક્વિન્ટન ડિ કોકે ઝડપી શરૂઆત કરી હતી. ટીમનો સ્કોર માત્ર ૨૭ બોલમાં જ ૫૦ પર પહોંચાડી દીધો હતો. ટીમે ૬ ઓવરના પાવર પ્લેમાં જ ૬૬ રનનો સ્કોર ખડકી દીધો હતો. શરૂઆતમાં કેનેડાની ટીમની બોલિંગ સાવ સામાન્ય જણાતી હતી. જોકે, અંશ પટેલે બોલિંગમાં પોતાનું કૌવાત બતાવ્યું હતું. અંશ પટેલે પોતાની ચાર ઓવરમાં ૩૧ રન આપી મહત્વની ૩ વિકેટ ખેરવી હતી.આફ્રિકાના કપ્તાન માર્કરમે મહત્વપુર્ણ ૫૯ રન બનાવ્યા હતા. જ્યારે મેચની અંતિમ ઓવરોમાં ડેવિડ મિલર અને ટ્રસ્ટીન સ્ટબ્સે આક્રમક ફટકાબાજી કરીને ટીમનો સ્કોર ૨૦૦ને પાર પહોંચાડ્યો હતો. મિલરે ૩ સિકસરની મદદથી અણનમ ૩૯ અને સ્ટબ્સે ૨ સિક્સરની મદદથી અણનમ ૩૪ રન બનાવ્યા હતા. આ ઉપરાંત રિકલ્ટને પણ મહત્વપુર્ણ ૩૩ રનની ઈનિંગ રમી હતી.આફ્રિકીની ટીમે માત્ર ૪ વિકેટના ભોગે ૨૧૩ રનનો સ્કોર ખડક્યા બાદ રન ચેઝ કરવા ઉતરેલી કેનેડાની ટીમની પહેલી વિકેટ કેપ્ટનના રૂપમાં ઈનિંગના પ્રથમ બોલે જ પડી ગઈ હતી. કપ્તાન દિલપ્રિત બાજવા પ્રથમ બોલે જ લૂંગી અન્ગિડીનો શિકાર બન્યો હતો. ત્યારબાદ યુવરાજ સામરાએ ૩ બાઉન્ડ્રી ફટકારી મેદાનમાં ટીમનો ઉત્સાહ વધાર્યો હતો. પરંતુ ત્યારબાદ તે પણ એન્ગિડીનો શિકાર બન્યો હતો. એક પછી એક ૪૫ રનમાં જ કેનેડાની ટીમે પોતાની ચાર વિકેટ ગુમાવી દીધી હતી. જોકે, ત્યારબાદ નવનીત ધાલીવાલ અને હર્ષ ઠાકર વચ્ચે મહત્વપુર્ણ ભાગીદારી નોંધાઈ હતી. બંને બેટ્સમેનોએ ઝડપી રન બનાવવાનો પ્રયાસ કર્યો હતો. બંનેએ મળીને ૫૨ બોલમાં ૬૯ રનની ભાગીદારી કરી હતી. જોકે, આ ભાગીદારી પણ લૂંગી એન્ગિડીએ તોડી હતી. આ સાથે લૂંગી એન્ગિડીએ પોતાના સ્પેલમાં ૩૧ રન આપીને ૪ વિકેટ ઝડપી હતી. કેનેડા વતી ધાલીવાલે પ્રતિકાર કરતા ફિફ્ટી ફટકારી હતી. ધાલીવાલે ૪૯ બોલમાં ૬૪ રન બનાવ્યા હતા.

# જિન શાસનનું ગૌરવ: નમ્રમુનિ મ.સા.નો ૩૬માં સંયમ વર્ષમાં મંગલ પ્રવેશ

## ૩૫ વર્ષનો ત્યાગ, ૫૫ દીક્ષાના દાન અને લાખો યુવાનોના પ્રેરણાસ્રોત એવા 'રાષ્ટ્ર સંત'ની અવિરત આધ્યાત્મિક યાત્રા



**અબતક,રાજકોટ**

જૈન શાસનના પ્રભાવક અને યુવા હૃદય સમ્રાટ પૂજ્ય ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબે આજે તારીખ ૧૦/૦૨/૨૦૨૬ના રોજ પોતાના સંયમ પર્યાયના ૩૫ વર્ષ પૂર્ણ કરી ૩૬માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. ૫૫ વર્ષની વયે પહોંચેલા ગુરુદેવે અત્યાર સુધીમાં ૫૫થી વધુ હળુકર્મી આત્માઓને સંયમ માર્ગે વાળી 'દીક્ષા દાનેશ્વરી'નું બિરુદ સાર્થક કર્યું છે.૧૯૯૧માં રાજકોટની ધરતી પરથી શરૂ થયેલી આ સંયમ યાત્રા આજે વિશ્વભરમાં જિન શાસનનો ડંકો વગાડી રહી છે. પૂજ્ય ગુરુદેવની પ્રેરણાથી દેશ-વિદેશમાં અનેક ધાર્મિક સંકુલોનું નિર્માણ થયું છે, જેમાં પારસધામ, પાવનધામ અને પરમધામ જેવા સાધના કેન્દ્રો લાખો શ્રદ્ધાળુઓ માટે આસ્થાના પ્રતીક બન્યા છે.

ગુરુદેવે પોતાની આગવી શૈલીથી 'સાઈલેન્ટ બટ સ્પીકિંગ રિવોલ્યુશન' (શાંત પણ બોલકી ક્રાંતિ) સર્જી છે. માત્ર સ્થાનકવાસી જ નહીં પરંતુ મૂર્તિપૂજક, અતિ ધનાઢ્ય તથા ડોક્ટર, સી.એ., વકીલ અને એન્જિનિયર જેવા ઉચ્ચ શિક્ષિત પરિવારમાંથી આવતા સંતાનો પણ તેમની પાસે સંયમ ધર્મનો સ્વીકાર કરી રહ્યા છે.તેમની પ્રેરણાથી 'લુક એન લર્ન' જૈન જ્ઞાન ધામ અને 'અહમ્ યુવા સેવા ગ્રુપ' દ્વારા બાળકો અને યુવાનોમાં સંસ્કાર અને સેવાનું સિંચન થઈ રહ્યું છે. પૂ. ગુરુદેવની સંયમ જયંતિના પાવન અવસરે સમગ્ર જૈન સંઘ દ્વારા તેમને વંદન સહ અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.

**સંકલન: મનોજ ડેલીવાળા**

### પૂજ્ય ગુરુદેવ નમ્રમુનિ મ.સા.ની ચાતુર્માસ યાદી

વર્ષ સ્થળ વર્ષ સ્થળ

૧૯૯૧ ભક્તિ નગર, રાજકોટ
૨૦૦૯ કોલકાતા
૧૯૯૨ જામનગર
૨૦૧૦ પાવનધામ, કાંદિવલી, મુંબઈ
૧૯૯૩ નવરંગપુરા,અમદાવાદ
૨૦૧૧ ચીંચણ
૧૯૯૪ મહાવીર નગર, રાજકોટ
૨૦૧૨ ચેન્નાઈ
૧૯૯૫ જૈન ચાલ, રાજકોટ
૨૦૧૩ પારસધામ, ઘાટકોપર, મુંબઈ
૧૯૯૬ મનહર પ્લોટ, રાજકોટ
૨૦૧૪ દેવલાલી
૧૯૯૭ રોયલ પાર્ક, રાજકોટ
સહિતના સ્થળે ચાતુર્માસ પધરામણી કરી

### પારસમણી સમાન નમ્રમુનિના અનમોલ મોતી

જેટલા Connection વધારે, તેટલા Reaction વધારે.
જેટલા વળગશો, તેટલા કર્મથી સળગશો.
શાંતિથી મોટું એક પણ સુખ નથી.
જેટલો ભરોસો, એટલા જ રોશો.
લાગણીની Bottle પર Expiry Date લખેલી હોય છે.
જે બહારની આંખો બંધ કરે છે, એ જ અંતરની આંખો ખોલી શકે છે.
આપ્યું તે આપણું, રાખ્યું તે રાખ.
માનવ ભવ મળ્યો છે તો યોગી બનો, અને યોગી ન બની શકો તો ઉપયોગી બનો.
પર થી પર થઈ, સ્વમાં વસ.
આ જગમાં મારા આત્મા સિવાય મારૂ કોઈ અને કશું જ નથી.
જેમાં ફેરફાર નહી, તેની ફરિયાદ નહીં.
વ્યક્તિ કાયમ હોય છે, વ્યક્તિનું પાપ કાયમ હોતું નથી.
સ્વાર્થી નહીં, પણ સ્વ અર્થી બનો.
ઘરને ઉપાશ્રય બનાવવો, ઉપાશ્રયને ઘર ના બનાવવો.
લાગણી એક પ્રકારની નાગણી છે.

ફક્ત ટ્રેડ ડિલ થવાથી રાજા નથી બની જવાતું !

# વિશ્વની નંબર વન ઈકોનોમી બનવા ક્યાં ૬ પગલાં આકાશ તરફ માંડવા પડશે ?

## ભારતમાં ઉદ્યોગ સાહસિકો માટે પરિસ્થિતિ અત્યંત જટિલ, એક નાની કંપનીએ આજે પણ ૧,૫૩૬ કાયદાઓ, ૬,૬૧૮ ફાઈલિંગ્સ અને અંદાજે ૬૯,૨૩૩ અનુપાલન કરવા પડે છે

**અબતક, નવી દિલ્હી**

વિશ્વના સૌથી વધુ નિયંત્રિત અર્થતંત્ર માટે '૧૯૯૧' જેવી બીજી પરિવર્તનકારી ક્ષણની જરૂર જણાઈ રહી છે. ટ્રમ્પ ટેરિફના સંકટ બાદ જાગેલી સરકાર હવે 'લો-હેંગિંગ ફ્રૂટ' દ્વારા અર્થતંત્રને ગતિ આપવા સજ્જ બની છે. તેવામાં હવે વિશ્વની નંબર વન ઈકોનોમી બનવા માટે ૬ સ્ટેપ જરૂરી બન્યા છે.

**૧) કોમ્પ્લાયન્સનો બોજ ઘટાડવો :** ભારતમાં વેપાર માટે ૬૯,૨૩૩ નિયમો અને ૧,૫૩૬ કાયદા છે. તેમાંથી જેલની સજા ધરાવતા બિનજરૂરી નિયમો દૂર કરી 'ટ્રસ્ટ-બેઝ્ડ' શાસન લાવવું જરૂરી છે.

**૨) મેન્યુફેક્ચરિંગ ક્રાંતિ :** એપલની જેમ અન્ય ગ્લોબલ બ્રાન્ડ્સને આકર્ષીને ભારતને ગ્લોબલ મેન્યુફેક્ચરિંગ હબ બનાવવું, જેથી લાખો નવી નોકરીઓ (ખાસ કરીને મહિલાઓ માટે) ઉભી થાય.

**૩) ટૂરિઝમમાં સરળીકરણ :** હોટલ ઉદ્યોગ માટે જરૂરી ૯૮ મંજૂરીઓને ઘટાડીને થાઈલેન્ડ કે વિયેતનામની જેમ ૧૦-૨૦ સુધી લાવવી, જેથી પ્રવાસન ક્ષેત્રે ભારત વિશ્વમાં આગળ વધે.

**૪) કૃષિ અને કોલ્ડ ચેઈન :** ખેડૂતોનો વાર્ષિક રૂ.૧.૫ લાખ કરોડનો બગાડ અટકાવવા ઈ-કોમર્સ કંપનીઓને કોલ્ડ સ્ટોરેજ અને લોજિસ્ટિક્સમાં સંપૂર્ણ છૂટ આપવી અનિવાર્ય છે.

**૫) જીએમઓ અને આધુનિક વિજ્ઞાન :**જીન એડિટિંગ અને વિજ્ઞાન આધારિત ખેતીને મંજૂરી આપીને ફળો અને શાકભાજીની ગુણવત્તા તથા આયુષ્ય વધારી બીજી 'હરિયાળી ક્રાંતિ' લાવવી.

**૬) નાણાકીય નીતિમાં સુધારો :** આરબીઆઇ દ્વારા ઈએમઆઈ પર ફોન લેનારા યુવાનો માટે અવરોધરૂપ બનેલા નિયમો હટાવવા, જેથી ક્રેડિટ ફ્લો વધે અને સ્થાનિક વપરાશમાં વૃદ્ધિ થાય.

ભારત અને અમેરિકા વચ્ચે તાજેતરમાં થયેલી ઐતિહાસિક વેપાર સમજૂતી થી ભલે રાહતનો શ્વાસ લેવાયો હોય, પરંતુ પાછલા એક વર્ષમાં ટ્રમ્પ ટેરિફ દ્વારા મળેલા આર્થિક આંચકાએ ભારત સરકારને જાગૃત કરી દીધી છે. ભારત આજે વિશ્વની સૌથી વધુ નિયંત્રિત અને રક્ષણવાદી અર્થવ્યવસ્થા તરીકે ઉભરી આવ્યું છે, જે તેની સ્પર્ધાત્મકતાને નુકસાન પહોંચાડી રહ્યું છે. નિષ્ણાતોના મતે, વર્ષ ૨૦૨૬ એ ભારત માટે ૧૯૯૧ જેવી જ બીજી નિર્ણાયક આર્થિક ક્રાંતિની તક બની શકે છે.

ભારતમાં ઉદ્યોગ સાહસિકો માટે પરિસ્થિતિ અત્યંત જટિલ છે. એક નાની કંપનીએ આજે પણ ૧,૫૩૬ કાયદાઓ, ૬,૬૧૮ ફાઈલિંગ્સ અને અંદાજે ૬૯,૨૩૩ અનુપાલન કરવા પડે છે. ખાસ કરીને ફાર્મા ક્ષેત્રમાં એક નાની યુનિટને વર્ષે ૧૩ થી ૧૭ લાખ રૂપિયા માત્ર કાયદાકીય અનુપાલન પાછળ ખર્ચવા પડે છે. નવાઈની વાત એ છે કે, આમાંથી ૪૯% નિયમો એવા છે જેમાં નાની ભૂલ બદલ જેલની સજાની જોગવાઈ છે.રાજીવ ગૌબા અને ટી.વી. સોમનાથનની આગેવાની હેઠળની સમિતિઓએ હવે 'ટ્રસ્ટ-બેઝ્ડ' અભિગમ અપનાવવાની અને બિનજરૂરી લાયસન્સ-પરમિટ અને 'ઈન્સ્પેક્ટર રાજ'ને ખતમ કરવાની ભલામણ કરી છે. બીજી તરફ નિષ્ણાંતોના મતે જો સરકાર વહીવટી તંત્રમાં ફેરફાર કરે, ન્યાયિક સુધારા લાવે અને ખોટ કરતી જાહેર ક્ષેત્રની કંપનીઓનું ખાનગીકરણ ફરી શરૂ કરે, તો ભારત ૨૦૨૬ માં ખરેખર નવો ઈતિહાસ રચી શકે છે."

### ફાર્મા ક્ષેત્રમાં એક નાની યુનિટને વર્ષે ૧૩ થી ૧૭ લાખ રૂપિયા માત્ર કાયદાકીય અનુપાલન પાછળ ખર્ચવા પડે છે : હવે ફેરફારની તાતી જરૂરિયાત

# વિદેશમાં ભણવા જતા પહેલા સો વાર વિચારજો રંગભેદને લઈ પરેશાનીઓ અપરંપાર

## વિશ્વભરમાં ભારતીય વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવતી કુલ ફરિયાદોમાંથી ૫૦% થી વધુ ફરિયાદો માત્ર રશિયામાંથી મળી છે

વિદેશમાં જઈને ઉચ્ચ શિક્ષણ મેળવવાનું સ્વપન જોતા ભારતીય વિદ્યાર્થીઓ માટે ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. ખાસ કરીને મેડિકલના અભ્યાસ માટે વર્ષોથી પસંદગીનું કેન્દ્ર ગણાતું રશિયા હવે ભારતીય વિદ્યાર્થીઓ માટે સુરક્ષિત રહ્યું નથી. સસ્તું શિક્ષણ અને સરળ એડમિશનની ચમક પાછળ હવે હિંસા અને માનસિક ત્રાસનો અંધકાર દેખાઈ રહ્યો છે. વિશ્વભરમાં ભારતીય વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવતી કુલ ફરિયાદોમાંથી ૫૦% થી વધુ ફરિયાદો માત્ર રશિયામાંથી મળી છે. જેમાં મુખ્યત્વે રંગભેદ, માનસિક હેરાનગતિ અને શોષણનો સમાવેશ થાય છે. ૧૯૬ દેશોમાં ભારતીય વિદ્યાર્થીઓએ કુલ ૩૫૦ જેટલી ફરિયાદો કરી હતી, જેમાંથી ૨૦૧ ફરિયાદો માત્ર રશિયાથી છે.

રશિયામાં ભારતીય વિદ્યાર્થીઓ સાથે અન્ય દેશોના વિદ્યાર્થીઓ દ્વારા છરી જેવા હથિયારોથી હુમલા અને રંગભેદના કિસ્સાઓ વધ્યા છે. ઘણી યુનિવર્સિટીઓ નાની બાબતોમાં હાંકી કાઢવાની ધમકી આપી વિદ્યાર્થીઓનું માનસિક શોષણ કરે છે. નિયમ મુજબ ૨૦૦ વિદ્યાર્થીઓની ક્ષમતા હોવા છતાં ૧,૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓને એડમિશન આપી દેવાય છે અને બાદમાં ખોટા કારણોસર તેમને કાઢી મુકવામાં આવે છે. વિઝા રદ થવાના અથવા ડિગ્રી પૂરી ન થવાના ડરથી ઘણા વિદ્યાર્થીઓ સત્તાવાર ફરિયાદ કરતા પણ ડરે છે. સસ્તું શિક્ષણ મેળવવાની લ્હાયમાં ભારતીય વિદ્યાર્થીઓ શારીરિક અને માનસિક અત્યાચારનો ભોગ બની રહ્યા છે. ગુજરાત અને રાજસ્થાન જેવા રાજ્યોમાંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ રશિયા જાય છે. રશિયા-યુક્રેન યુદ્ધ અને વધતા જતા હુમલાઓને કારણે હવે વિદ્યાર્થીઓએ કઝાકિસ્તાન કે કિર્ગિસ્તાન જેવા સુરક્ષિત વિકલ્પો વિશે વિચારવાની જરૂર છે.

# રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના વડા શરદ પવારને હોસ્પિટલમાં દાખલ કરાયા : હાલ સ્થિતિ સ્થિર

## કોઈ ગંભીર બીમારી નથી, પરંતુ માત્ર અતિશય થાક અને કફને કારણે આરામ અને સારવારની જરૂર પડી

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના વડા શરદ પવારને છાતીમાં ભાર અને કફની ફરિયાદ બાદ પુણેની રૂબી હોલ ક્લિનિકમાં દાખલ કરવામાં આવ્યા છે. ૮૫ વર્ષીય પવાર સાહેબની તબિયત અત્યારે સ્થિર છે. ડોક્ટરોના જણાવ્યા મુજબ છેલ્લા કેટલાક દિવસોથી સતત પ્રવાસ અને વ્યસ્તતાને કારણે તેમને થાક લાગ્યો હતો. તેમને ૫ દિવસનો એન્ટીબાયોટીક્સનો કોર્સ આપવામાં આવશે. હાલ ચિંતાનું કોઈ કારણ નથી. પવાર સાહેબને કોઈ ગંભીર બીમારી નથી, પરંતુ માત્ર અતિશય થાક અને કફને કારણે આરામ અને સારવારની જરૂર પડી છે.તેમના તમામ રિપોર્ટ્સ ઓક્સિજન અને હાર્ટ રેટ નોર્મલ છે, જે રાહતના સમાચાર છે. શરદ પવાર ભારતીય રાજનીતિના કદાવર નેતા છે. તેમના સ્વાસ્થ્ય વિશે જાણવાની ઉત્સુકતા લાખો સમર્થકો અને સામાન્ય જનતાને હોય છે. જ્યારે કોઈ મોટા નેતા હોસ્પિટલ જાય ત્યારે અનેક અફવાઓ ઉડતી હોય છે. સાચી માહિતી આપીને લોકોની ચિંતા દૂર કરવી જરૂરી છે. સુપ્રિયા સુલેએ પોતે ટ્વીટ કરીને માહિતી આપી છે, જેથી કાર્યકરો અને શુભેચ્છકોને સાચી સ્થિતિનો ખ્યાલ આવે.

# રૂ.૯.૧૦ કરોડનો કર બોજ ફગાવાયો :રૂ.૧૮૬૦ કરોડના બજેટ મંજૂરી

## ચૂંટણી વર્ષમાં જામનગર મહાનગરપાલિકાનો પ્રજા તરફી નિર્ણય




**અબતક ,સાગર સંઘાણી**
**જામનગર**

જામનગર મહાનગર પાલિકાના વર્ષ ૨૦૨૬-૨૭ માટેના બજેટને સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં પ્રજા હિતમાં મહત્વપૂર્ણ ફેરફારો સાથે મંજૂરી આપવામાં આવી છે. મહાનગરપાલિકા કમિશનર દ્વારા રજૂ કરાયેલા અંદાજપત્રમાં સૂચવાયેલા રૂ.૯.૧૦ કરોડના સામાન્ય વેરા વધારાને કમિટીએ નામંજૂર કરતા શહેરીજનો પર કોઈ નવો આર્થિક બોજ નહીં આવે તેવો સ્પષ્ટ નિર્ણય લેવાયો છે.

તા.૩૦ જાન્યુઆરીએ મહાનગરપાલિકા કમિશનરે શાસકો સમક્ષ વર્ષ ૨૦૨૬-૨૭ માટેનું રૂ.૧૮૬૦ કરોડનું ખર્ચ બજેટ રજૂ કર્યું હતું, જેમાં રૂ.૧૭૪૪ કરોડની આવક અને રૂ.૨૮૭.૫૯ કરોડની પુરાંત દર્શાવવામાં આવી હતી. જોકે, તેમાં સમાવાયેલ વેરા વધારાના પ્રસ્તાવ સામે જનપ્રતિનિધિઓએ ગંભીરતા દાખવી અને સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં આ વેરા વધારો રદ્દ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ફેરફાર કરાયેલ આ બજેટને હવે અંતિમ મંજૂરી માટે જનરલ બોર્ડ ભણી મોકલવામાં આવશે.

આ બજેટમાં એક ઐતિહાસિક અને માનવતાભર્યો નિર્ણય પણ લેવાયો છે. જામનગર શહેરના નાગરિકોને પોતાના આપ્તજનના અવસાન પ્રસંગે સ્મશાનગૃહમાં ભરવાપાત્ર રૂ.૧૦૦૦ની રકમ હવે આગામી નાણાકીય વર્ષથી જામનગર મહાનગરપાલિકા દ્વારા ચૂકવવામાં આવશે. આ નિર્ણયને શહેરભરમાં વ્યાપક આવકાર મળ્યો છે.વહિવટી પાંખ દ્વારા પ્રસ્તાવિત પાણી ચાર્જ, કચરો ઉપાડ, ગટર કનેક્શન તેમજ બગીચા અને વોકિંગ-જોગિંગ પાસના ચાર્જમાં સૂચવાયેલા વધારાને રદ્દ કરવામાં આવતા સામાન્ય જનતાને સીધી રાહત મળી છે. સાથે જ નવા નાણાકીય વર્ષ માટે રૂ.૧૨૩૬.૩૦ કરોડના વિકાસ કાર્યોનું આયોજન યથાવત રાખવામાં આવ્યું છે.

### અંતિમ સંસ્કારનો રૂ.૧૦૦૦ ખર્ચ હવે મહાનગરપાલિકા ઉઠાવશેઃ સ્ટે. કમિટીના ચેરમેન

અબતક સાથેની વાતચીતમાં જામનગર મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન નિલેશ કગથરાએ જણાવ્યું હતું કે, બજેટમાં એક ઐતિહાસિક અને માનવતાભર્યો નિર્ણય લેવામાં આવ્યો છે. જામનગર શહેરના નાગરિકોને પોતાના આપ્તજનના અવસાન પ્રસંગે સ્મશાનગૃહમાં ભરવાપાત્ર રૂ.૧૦૦૦ની રકમ હવે આગામી નાણાકીય વર્ષથી જામનગર મહાનગરપાલિકા દ્વારા ચૂકવવામાં આવશે.આ નિર્ણયથી દુઃખની ઘડીમાં પરિવાર પર આવતો આર્થિક બોજ હળવો બનશે અને નાગરિકોને મોટી રાહત મળશે. આ પ્રજા હિતકારી નિર્ણયને શહેરભરમાં વ્યાપક આવકાર મળ્યો છે અને તેને માનવ સંવેદનાનું ઉત્તમ ઉદાહરણ ગણવામાં આવી રહ્યું છે.

# પર્યાવરણીય મંજૂરી મળ્યા બાદ આરએસપીએલ ગ્રુપના સોડા એશ મેન્યુફેક્ચરિંગ યુનિટે તેની ઉત્પાદન ક્ષમતા બમણી કરી

## સોકાના ગુજરાત પ્લાન્ટનો ઉદ્દેશ્ય સોડા એશ ઉત્પાદન ઉદ્યોગમાં મુખ્ય ફાળો આપો એક મિલિયન ટન સોડા એશનું ઉત્પાદન કરવાનું લક્ષ્ય



**અબતક, રાજકોટ**

ભારતના અગ્રણી એફ.એમ.સી.જી. સમૂહ, આરએસપીએલ ગ્રુપે તેના ઔદ્યોગિક ઉત્પાદન અને કેમિકલ ઉત્પાદન યુનિટ, સોકામાં વધુ એક મહત્વપૂર્ણ સફળતાપ્રાપ્ત કરી છે. ભારતમાં સોડા એશના અગ્રણી ઉત્પાદકોમાં, સોકાએ તેના ગુજરાત દરિયાકાંઠાના પ્લાન્ટમાં તેની સોડા એશ ઉત્પાદન ક્ષમતાને ડબલ કરીને વાર્ષિક ૧ (એક) મિલિયન ટન કરવા માટે પર્યાવરણીય મંજૂરી મેળવી છે. આનાથી હાલની ઉત્પાદન ક્ષમતાને અસરકારક રીતે ૫,૦૦,૦૦૦ ટનથી વધારીને ૧૦,૦૦,૦૦૦ટન,ડબલ કરવામાં આવશે,અને તે સાથે સોડિયમ બાયકાર્બોનેટ (SBC) ઉત્પાદન કરવાની પણ યોજનાછે.

સોકા આગામી બે (૨) વર્ષમાં તેની સોડા એશ ઉત્પાદન ક્ષમતાને વાર્ષિક ૭,૫૦,૦૦૦ ટન સુધી વધારવાની તાત્કાલિક યોજના અમલમાં મૂકી રહી છે, જેનાથી તેના અત્યાધુનિકઈન ઓરગેનીકકેમિકલ કોમ્પ્લેક્સમાં ૨,૫૦,૦૦૦ટનનો ઉમેરો થશે. અંદાજ મુજબ, સોકા (SOKA)નજીકના ભવિષ્યમાં ૧ (એક) મિલિયન ટન ઉત્પાદન ક્ષમતાના તેના વિઝનને સંપૂર્ણ રીતે સાકાર કરવાનો લક્ષ્યાંક ધરાવે છે.

આ વિસ્તરણથી ગુજરાતના દરિયાકાંઠાના પ્રદેશમાં આશરે ૨૦૦૦ નવી નોકરીઓનું સર્જન કરવાનો અંદાજ છે, હાલના કર્મચારિઓમાં વધારો કરશે,જે ૨૦૨૩ માં સહી કરેલએમઓયૂ (MOU) મુજબછે. આનાથીસોકા (SOKA), દેશના મુખ્ય સોડા એશ ઉત્પાદકોમાંનું એકતરીકે સ્થાન મેળવશે. વધુમાં, સોકા સોલાર ગ્લાસ માટે સોડા એશના ઉત્પાદનમાં તેની હાજરીને નોંધપાત્ર રીતે મજબૂત બનાવવાની અપેક્ષા રાખે છે, જેનો ઉપયોગ સૌર પેનલમાં થાય છે. મુખ્ય ઉત્પાદનના ભાગ રૂપે, લાઈટસોડા એશનો ઉપયોગ મોટા ભાગે ડિટર્જન્ટના ઉત્પાદનમાં થાય છે, તેમજ પાણીની સારવાર, કેમિકલના ઉત્પાદન, પલ્પ અને પેપરના ઉદ્યોગમાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. બીજી બાજુ, સોડા એશ ડેન્સનો ઉપયોગ સામાન્ય રીતે ગ્લાસના ઉત્પાદન માટે થાય છે, જે ફ્લેટ, ફ્લોટ અને કન્ટેનર ગ્લાસ ના ઉત્પાદન માટે જરૂરી છે. વધુમાં, તેનો ઉપયોગકેમિકલ પ્રોસેસિંગ, ધાતુશાસ્ત્ર અને સિરામિક્સ, રંગો અને કાપડ જેવા અન્ય ઔદ્યોગિક ક્ષેત્રોમાં પણ થાય છે.

આ સફળતા વિશે બોલતા, સોકાના સીઈઓ, ટિંકુ છાબરા એ જણાવ્યું છે કે, અમારી સોડા એશ ઉત્પાદન ક્ષમતાને વધારો કરવા માટે પર્યાવરણીય મંજૂરી એ 'મેક ઈન ઈન્ડિયા' વિઝનને આગળ વધારવામાં એક મહત્વપૂર્ણ પગલું છે. સોકા (SOKA)એ ૨૦૧૯ માં ગુજરાતના દ્વારકા જિલ્લામાં તેની સોડા એશ ઉત્પાદન સુવિધા શરૂ કરી હતી અને આજે મધ્ય અમેરિકા, આફ્રિકા અને એશિયા-પેસિફિક પ્રદેશોને મળીને લગભગ ૫૦જેવા દેશોમાં વૈશ્વિક સ્તરે નિકાસ કરે છે. નીપોકમ ની ટેકનોલોજી દ્વારા સંચાલિત અને જે કોલ એન્જી. દ્વારા એન્જિનિયર્ડ, ૫,૦૦,૦૦૦મેટ્રિક ટન પ્રતિ વર્ષ ગ્રીનફિલ્ડ પ્લાન્ટ, કેપ્ટિવ કો-જનરેશન પાવર સુવિધા દ્વારા સમર્થિત છે.

## રાજ્ય કક્ષાની બાળ પ્રતિભા શોધ સ્પર્ધામાં

# જામનગરનું ગૌરવ:પ્રગતિ ટાંક ચિત્રકલામાં ગુજરાતમાં પ્રથમ




**અબતક,સાગર સંઘાણી**
**જામનગર**

મોરબી ખાતે યોજાયેલ રાજ્યકક્ષાની સ્પર્ધામાં સત્યસાંઈ વિદ્યાલયની વિદ્યાર્થિનીએ મેળવી ઝળહળતી સફળતા મેળવી જામનગરનું ગૌરવ વધાર્યુ છે.ગુજરાત રાજ્યના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા આયોજિત 'ગુજરાત રાજ્ય બાળ પ્રતિભા શોધ- ૨૦૨૫-૨૬' અંતર્ગત જામનગરની વિદ્યાર્થિનીએ રાજ્ય કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શહેરનું નામ રોશન કર્યું છે. મોરબી જિલ્લા ખાતે ગત તા.૦૮/૦૨/૨૦૨૬ના રોજ યોજાયેલ આ રાજ્ય કક્ષાની વિવિધ સ્પર્ધાઓના પરિણામો જાહેર કરવામાં આવ્યા છે, જેમાં જામનગરની કલા પ્રતિભા ખીલી ઉઠી છે.આ સ્પર્ધામાં જામનગરની શૈક્ષણિક સંસ્થા સત્યસાંઈ વિદ્યાલયની વિદ્યાર્થિની પ્રગતિ પ્રતિકકુમાર ટાંકે ચિત્ર સ્પર્ધામાં પોતાની અદભૂત કલા અને મૌલિકતાનું પ્રદર્શન કર્યું હતું. રાજ્યભરમાંથી આવેલા અનેક પ્રતિભાશાળી સ્પર્ધકો વચ્ચે પ્રગતિ ટાંકે પોતાની ચિત્રકલાના જોરે સમગ્ર ગુજરાતમાં પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે.

# એમએસએમઈ અને રેલવે પ્રોજેક્ટ્સથી જામનગરના વિકાસને મળશે વેગઃ સાંસદ પૂનમબેન માડમ

## પ્રેસ કોન્ફરન્સના માધ્યમથી બજેટ અંગે વિગતવાર માહિતી આપી



**અબતક, સાગર સંઘાણી**
**જામનગર**

નાણામંત્રીએ જાહેર કરેલા કેન્દ્રીય બજેટમાં એમએસએમઈ સેકટરના મજબુતીકરણથી જામનગરના બ્રાસ ઉદ્યોગને ફાયદો મળશે તેમજ આગામી સમયમાં કાનાલુસથી ઓખા સુધીના રેલવે ટ્રેક ડબલીંગ પ્રોજેકટ પણ નાણાકીય ફાળવણીની જોગવાઈથી પ્રવાસન ક્ષેત્ર વેગવંતુ થશે તેવા પ્રતિભાવ સાથે જામનગર ખાતેના હુના ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસીન માટે પણ નાણાકીય જોગવાઈને બદલ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને નાણામંત્રી નિર્મલા સીતારામન પ્રત્યે સાંસદ પુનમબેન માડમે અભાર વ્યક્ત કર્યો હતો. જામનગરના ગ્લોબલ સેન્ટરના માધ્યમથી જામનગર વિશ્વના નકશા પર અંકિત થયું છે.સંસદમાં કેન્દ્ર સરકારનું બજેટ રજુ થયા બાદ જામનગર આવેલા સાંસદ પુનમબેન માડમએ શહેર ભાજપા કાર્યાલય ખાતે હાલાર ક્ષેત્રના જનપ્રતિનિધિ તરીકે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને નાણા મંત્રી નિર્મલા સીતારામન પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરવા સાથે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વિકસિત ભારતનું સપનુ સાકાર કરતા સર્વાંગી, સકારાત્મક, પ્રગતિલક્ષી એવા કેન્દ્રીય બજેટમાં તમામ વર્ગને ધ્યાનમાં રાખીને જોગવાઈ કરવામાં આવી છે. લઘુ ઉદ્યોગો માટે નાણાકીય ફાળવણી અને લોન વ્યવસ્થા સરળ બનવાને કારણે જામનગરના બ્રાસ ઉદ્યોગને આ જોગવાઈનો વિશેષ ફાયદો થશે. ૨૦૨૫ના અંત ભાગે જ જામનગરના કાનાલુસ-ઓખાના રેલવે ટ્રેકના ડબલીંગ પ્રોજેક્ટને મંજુરી મળી જ છે. ત્યારે આ કામ માટેની બજેટરી જોગવાઈને કારણે છેવાડાનો જામનગર જિલ્લો દેશના અન્ય ભાગો સાથે વધુ કનેક્ટ થશે, યાત્રાધામ દ્વારકા આવતા યાત્રિઓની સુવિધા વધશે, જામનગરના ગ્લોબલ સેન્ટરના માધ્યમથી જામનગર વિશ્વના નકશા પર અંકિત થયું હોવાનું તેઓએ જણાવ્યું હતું. તેઓના બજેટ પ્રતિભાવ વેળાએ શહેર-જિલ્લા ભાજપાના હોદ્દેદારો, ધારાસભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# ખંભાળીયામાં જનરલ હોસ્પિટલ દ્વારા મેગા હેલ્થ કેમ્પનું આયોજન

**અબતક, મહેન્દ્ર કક્કડ**
**દ્વારકા**

ખંભાળીયા ખાતે તા.૨૧મી ફેબ્રુઆરીના ઓલ ઈન્ડીયા ઈન્સ્ટીટયૂટ ઓફ મેડીકલ સાયન્સ (એઈમ્સ) તથા જિલ્લા વહીવટી તંત્રના સંયુકત ઉપક્રમે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મેગા હેલ્થ કેમ્પ યોજવાનું આયોજન જનરલ હોસ્પીટલ ખંભાળીયા ખાતે સવારે ૮.૦૦ કલાકથી કરવામાં આવેલ છે.

જેમાં એઈમ્સ રાજકોટના વિવિધ વિભાગના તજજ્ઞો દ્વારા આરોગ્યલક્ષી નિઃશુલ્ક સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવશે તથા સારવારની સાથે આવશ્યક દવાઓ પણ નિઃશુલ્ક ઉપલબ્ધ કરાવવામાં આવશે.

મેગા હેલ્થ કેમ્પમાં ફેફસાના રોગો, હાડકા (ઓર્થોપેડીક), રેડીએશન થેરાપી (કેન્સર માટે), આંખ (ઓફથેલેમોલોજી), પ્રસુતિ અને સ્ત્રીરોગ, જેવા વિવિધ વિભાગોમાં નિષ્ણાંત ડોકટરો દ્વારા સેવા આપવામાં આવશે.

# જામનગર જિલ્લા ભાજપ સંગઠનમાં કાલાવડના કાર્યકર્તાઓને મહત્વપૂર્ણ જવાબદારી



**અબતક, રાજુ રામોલીયા**
**કાલાવડ**

ભારતીય જનતા પાર્ટી જામનગર જિલ્લા સંગઠનમાં કાલાવડ વિસ્તારના નવનિયુક્ત હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી છે. જેમાં હસમુખભાઈ વોરા (જિલ્લા મીડિયા ઈન્ચાર્જ), અભિષેકભાઈ પટવા (જિલ્લા ઉપપ્રમુખ), હીનાબેન રાખોલીયા (જિલ્લા ઉપપ્રમુખ), છગનલાલ સોરઠીયા (જિલ્લા મંત્રી), તરુણભાઈ ચૌહાણ (અનુસૂચિત જાતિ મોરચા પ્રમુખ) અને લાલજીભાઈ ટોયટા (OBC મોરચા મહામંત્રી) તરીકે નિમણૂક કરવામાં આવતા કાર્યકર્તાઓ માં અનેરો ઉત્સાહ પણ જોવા મળ્યો છે તો ક્યાંક નિષ્ઠા થી સંગઠન નું કામ કરતા ભાજપ અગ્રણીઓને સંગઠન મા સ્થાન નો મળતા નારાજગી પણ જોવા મળી રહી છે.ભારતીય જનતા પાર્ટી જામનગર જિલ્લા સંગઠનના તમામ નવનિયુક્ત હોદ્દેદારઓને કાલાવાડ ભાજપ પરિવાર દ્વારા ખૂબ ખૂબ અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવવામાં આવે છે અને આશા પણ વ્યક્ત કરવામાં આવે છે કે તેઓ પોતાની જવાબદારીઓ નિષ્ઠાપૂર્વક નિભાવશે અને સંગઠનને વધુ મજબૂત બનાવશે.

# જામનગર જેલના અધિક્ષક એન.એસ. લોહારની જૂનાગઢ બદલી: પી.પી. પટેલને સોંપાયો જેલનો હવાલો

## જૂનાગઢ જિલ્લા જેલ ખાતે અધિક્ષક લોહારની નિમણુંકથી ગુનેગારો અને કેદીઓમાં ફફડાટ



**અબતક,સાગર સંઘાણી**
**જામનગર**

હંમેશા નકારાત્મક ચર્ચાઓમાં અને વિવાદોમાં સપડાયેલી રહેતી જૂનાગઢ જીલ્લા જેલ ના અધિક્ષક ડી.એમ.ગોહિલ ની બદલી કરી દેવાઈ છે અને તેમની જગ્યાએ ગુજરાત ની જેલોમાં 'સિંઘમ' અને ટ્રબલ શૂટર તરીકેની છાપ ધરાવતા કડક અધિકારી એવા જામનગરના જિલ્લા જેલ અધિક્ષક નાસિરૂદ્દીન લોહાર ને પ્રતીનીયુક્તિ પર મૂકાયા છે.

નાસિરૂદ્દીન.એસ.લોહાર ડાયરેક્ટ ભરતીના યુવા અધિકારી છે અને તેઓ બ્યુરો ઓફ પોલીસ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ, કેન્દ્રીય ગૃહમંત્રાલય, નવી દિલ્હી ની વિવિધ સમિતિઓમાં સભ્યપદ ધરાવે છે. કેન્દ્રીય એજન્સીઓ સાથે નાતો ધરાવતા આ અધિકારી થી ગુન્હેગારો માં ભય રહે છે. જૂનાગઢ જીલ્લા જેલમાં અધિક્ષક ડી.એમ.ગોહિલ છેલ્લા પાંચેક મહિના અહી અધિક્ષક તરીકે કામગીરી સાંભળી હતી, પરંતુ આ સમયગાળા દરમ્યાન જૂનાગઢ જેલન અનેક વિવાદોમાં સપડાઇ હતી. જેમાં ખાસ કરીને જેલમાં અમુક કેદીઓને સુવિધાઓ આપતા હોવાના આક્ષેપોથી લઈને જેલમાં કેદીઓ ઉપર હુમલા, મારપીટની ઘટનાઓ, કેદીઓની હડતાલની ચિમકી અને તાજેતરમાં મોબાઈલ મળવાની ઘટનાઓ છાશવારે સામે આવી હતી.

જે તમામ બાબતોની રાજ્યની જેલોના વડા અને રાજ્યના ડી.જી.પી ડો.કે.એલ.એન.રાવ દ્વારા એક ખાસ ઓર્ડર કરવામાં આવ્યો છે અને જૂનાગઢ જેલ અધિક્ષક ડી.એમ.ગોહિલ ને બદલાવીને તેના સ્થાને જામનગર જેલના અધિક્ષક એન.એસ.લોહાર ની નિયુક્તિ કરી દીધી છે અને જામનગર જીલ્લા જેલમાં અધિક્ષક એન.એસ.લોહાર ની જગ્યા એ જેલર ગ્રુપ-૧ ના સીનીયર જેલર પી.પી.પટેલને અધિક્ષક નો ચાર્જ સોપી દેવામાં આવ્યો છે.

# ધ્રોલ ભાજપના પૂર્વ પ્રમુખ રાજભા જાડેજાની જામનગર જિલ્લા ભાજપના ઉપપ્રમુખ તરીકે વરણી



**અબતક, સંજય ડાંગર**
**ધ્રોલ**

જામનગર આગામી સમયમાં સંગઠનને વધુ સક્રિય અને મજબૂત બનાવવાના હેતુથી ભારતીય જનતા પાર્ટી દ્વારા વિવિધ સ્તરે નવી નિમણૂકો કરવામાં આવી રહી છે. જે અંતર્ગત જામનગર જિલ્લા ભાજપના માળખામાં મહત્વનો ફેરફાર કરી ધ્રોલ તાલુકાના પૂર્વ પ્રમુખ રાજભા સતુભા જાડેજાને જામનગર જિલ્લા ભાજપના ઉપપ્રમુખ તરીકેની મોટી જવાબદારી સોંપવામાં આવી છે.


મૂળ મોટા વાગુદળ ગામના વતની રાજભા જાડેજાએ અગાઉ ધ્રોલ તાલુકા ભાજપ પ્રમુખ તરીકે શાનદાર કામગીરી કરી સંગઠનને નવી ઊંચાઈ પર પહોંચાડ્યું હતું. તેઓ પક્ષના પાયાના કાર્યકરો સુધી ખૂબ જ મજબૂત પકડ ધરાવે છે તેમની ભૂતકાળની કાર્યપદ્ધતિ અને સંગઠન શકિતની નોંધ પ્રદેશ તેમજ જિલ્લા નેતૃત્વ દ્વારા લેવામાં આવી છે, જેના ફળસ્વરૂપે તેમને હવે જિલ્લા કક્ષાની જવાબદારી સોંપાઈ છે.

રાજભા જાડેજા માત્ર સંગઠનના નેતા જ નહીં, પરંતુ ખેડૂતોના મસીહા તરીકે પણ ઉભરી આવ્યા છે. તાલુકા પ્રમુખ તરીકેના કાર્યકાળ દરમિયાન તેઓ ખેડૂતોના હિત માટે સતત લડતા રહ્યા છે. તાજેતરમાં જ તેમણે મોટા વાગુદળ મગફળી સેન્ટર પર હજારો ખેડૂતોને વિનામૂલ્યે ભોજન કરાવી સેવાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. છેલ્લા ૧૦ વર્ષમાં તેમણે મોટા વાગુદળ ગામ તેમજ સમગ્ર તાલુકામાં અનેક વિકાસલક્ષી અને લોકઉપયોગી કાર્યો કર્યા છે

રાજભા જાડેજાની (મો. ૯૯૧૩૩ ૦૦૦૯૦) જિલ્લા ઉપપ્રમુખ તરીકે વરણી થતા જામનગર જિલ્લાના ભાજપના હોદ્દેદારો, તાલુકાના આગેવાનો અને પાયાના કાર્યકરોમાં આનંદની લહેર પ્રસરી ગઈ છે. આ વરણી બદલ ઠેર-ઠેરથી તેમને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

### બમ બમ ભોલેના ગગનભેદી નાદ સાથે

# મિનિ કુંભ સમા મહાશિવરાત્રીના મેળાનો કાલથી જૂનાગઢમાં મંગલારંભ



## પ્રથમવાર સાધુ-સહતોના નગર પ્રવેશ સાથે અલૌકિક નગર યાત્રા યોજાશેઃ રવેડીનો રૂટ ૧.૫ કિ.મી.થી વધારી ૨ કિ.મી.નો કરાયોઃ ૨૯૦૦ પોલીસ જવાનોનો ચૂસ્ત બંદોબસ્તઃ સીસીટીવી કેમેરાની બાજ નજર રહેશે

**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**

જૂનાગઢમાં ગરવા ગીરનારની ગોદમાં યોજાતા ભજન, ભકિત અને ભોજનના ત્રિવેણી સંગમ સમા મહાશિવરાત્રીના પાંચ દિવસના વિશ્વ પ્રસિધ્ધ મેળાનો આવતીકાલથી મંગલારંભ થઈ રહ્યો છે. મેળાને ભવ્ય અને દિવ્ય બનાવવામાં આવશે આવતીકાલે સાધુ સંતોની ભવ્ય અને અલૌકિક નગરયાત્રા સાથે મેળાનો આરંભ થશે.

મહાશિવરાત્રી મેળાને વધુ યાદગાર અને ભવ્ય બનાવવા માટે આ વર્ષે પ્રથમવાર સાધુ સંતોના નગર પ્રવેશ સાથે અલૌકિક નગરયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૧ ફેબ્રુઆરીએ સાંજે તમામ સાધુ સંતોના આગમન સમયે તેમનું ભવ્ય સ્વાગત કરવા ભવ્યાતિભવ્ય નગરયાત્રા નીકળશે.

જૂનાગઢમાં યોજાતા 'મીની કુંભ' મહાશિવરાત્રી મેળામાં પધારતા સાધુ સંતો અને શ્રધ્ધાળુઓને આવકારવા વહીવટી તંત્ર સજ્જ છે. શ્રધ્ધાળુઓની આસ્થાને ધ્યાનમાં રાખીને દર વર્ષે રવેડી રૂટ ૧.૫ કિ.મી. નો હોય છે જેમાં ૫૦૦ મીટરનો વધારો કરીને આ વર્ષે ૨ કિ.મી કરવામાં આવ્યો છે, જેથી પવિત્ર નાગા સાધુઓની રવેડીના દર્શનનો મહત્તમ શ્રધ્ધાળુઓને લાભ મળી શકે.

સરકાર દ્વારા આ વર્ષે મેળામાં આવતા લાખો શ્રધ્ધાળુઓ માટે ખાસ વ્યવસ્થાઓ કરવામાં આવશે. દર વર્ષે અંદાજે ૧૬૦૦ પોલીસ જવાનોને ફરજો સોંપવામાં આવે છે જેની સંખ્યા વધારીને આ વર્ષે ૨૯૦૦થી વધુ કરવામાં આવી છે. મેળામાં કોઈપણ અનીચ્છનીય બનાવ ન બને તે હેતુથી સમગ્ર વિસ્તારમાં સીસીટીવી કેમેરા દ્વારા સતત દેખરેખ રાખવામાં આવશે.




આ ઉપરાંત પાર્કિંગ, અવર જવરના રસ્તાઓ, રહેવાની સુવિધા માટે ડોર મેટરી જેવી અનેક વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

રાજ્ય સરકારના ટૂરિઝમ વિભાગ દ્વારા સમગ્ર રૂટનું ભગવાન ભોલેનાથની થીમ પર સુશોભન કરવામાં આવ્યું છે. જૂનાગઢ શહેરને પણ રોશનીથી શણગાર કરવામાં આવ્યા છે. સમગ્ર રૂટમાં અનેક સેલ્ફી પોઈન્ટ, ઈન્ફોર્મેશન સેન્ટર પણ મુકવામાં આવ્યું છે. આ ઉપરાંત શાહી સ્નાન સમયે મહાશિવરાત્રી મેળાનું લાઈવ સ્ટ્રીમીંગ પણ કરવામાં આવી છે.


આ વર્ષે જૂનાગઢ પોલીસ દ્વારા પ્રથમવાર ૧,૦૦૦ થી વધુ સ્થાનિક યુવાનોને વોલેન્ટિયર તરીકે જોડી મેળાની વ્યવસ્થામાં સામેલ કરવામાં આવશે. ૩૦૦ થી વધુ સામાજિક સંસ્થાઓ દ્વારા ભાવિકો માટે ઉતારા અને ભોજન (પ્રસાદ)ની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. મેળાના રૂટ પર શુધ્ધ પીવાના પાણીની તથા સ્વચ્છ શૌચાલયની વ્યવસ્થા કરવામાં આવી છે.

આ બેઠકમાં મહાશિવરાત્રી મેળા સંદર્ભે તૈયાર કરવામાં આવેલા ગીતનું પણ લોન્ચીંગ કરવામાં આવ્યું હતું.

ભવનાથના આંગણે યોજાતા ભક્તિ અને શ્રદ્ધાના આ પર્વમાં રાજ્ય સહિત

(અનુ. આઠમા પાને)

# રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં જોરદાર ઝાકળવર્ષાઃ આહલાદક વાતાવરણ


તસવીરઃ શૈલેષ વાડોલિયા

## વાતાવરણમાં ઠંડક પ્રસરીઃ વિઝિબિલીટીમાં ઘટાડો, વાહન ચાલકોને હાલાકીઃ રોડ ભીના થઈ ગયા, કાલે પણ ઝાકળ વર્ષાની શકયતા

**અબતક, રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં આજે વહેલી સવારે જોરદાર ઝાકળ વર્ષા થવા પામી હતી. વાતાવરણમાં ભારે ઠંડક પ્રસરી જવા પામી હતી. આહલાદક નજારો જોવા મળ્યો હતો. વિઝિબીલીટીમાં ઘટાડો નોંધાયો હતો. વિઝિબિલીટી માત્ર ૫૦ મીટરની રહેવા પામી હતી. જેના કારણે હાઈવે પર વાહન ચાલકોએ ભારે હાડમારીનો સામનો કરવોપડયો હતો. આવતીકાલે પણ ઝાકળ વર્ષાની સંભાવના વ્યકત કરવામાં આવી છે.

શિયાળાની સિઝન હવે વિદાય લેવા ભણી આગળ વધી રહી છે. ઉનાળાનું ધીમી ગતિએ આગમન થઈ રહ્યું છે. છેલ્લા એકાદ સપ્તાહથી વહેલી સવારે અને રાત્રીના સમયે ગુલાબી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. જયારે બપોરે ઉનાળા જેવા આકરા તડકા પડે છે. દરમિયાન

(અનુ. આઠમા પાને)

# લોકો પાયલટની સર્તકતાએ ૧૦ સિંહોના ટોળાને ટ્રેનની ચપેટમાં આવતા બચાવ્યું

## અચાનક સિંહનું ટોળુ રેલવે ટ્રેક પર આવી ગયુઃ ઈમરજન્સી બ્રેક લગાવી ટ્રેનને રોકી દેવાય

**અબતક, રાજકોટ**

લોકો પાયલોટની સર્તકતાના કારણે ૧૦ સિંહોના ટોળાને ટ્રેનની ચપેટમાં આવતા બચાવી લેવામાં આવ્યા હતા.

ભાવનગર રેલવે મંડળ દ્વારા સિંહો તથા અન્ય વન્યજીવોની સુરક્ષા માટે સતત અસરકારક પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. મંડળના નિર્દેશ અનુસાર ટ્રેનોનું સંચાલન કરતા લોકો પાયલટો નિર્ધારિત ગતિનું પાલન કરતાં વિશેષ સતર્કતા સાથે પોતાની ફરજ નિભાવી રહ્યા છે. લોકો પાયલટોની સતર્કતા તથા વન વિભાગના ફોરેસ્ટ ટ્રેકરો સાથેના સારો સમન્વયના પરિણામે ગયા નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન કુલ ૧૫૯ સિંહોના પ્રાણ બચાવવામાં સફળતા મળી હતી. જયારે વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં અત્યાર સુધીમાં ૧૦૧ સિંહોને સુરક્ષિત રીતે બચાવવામાં આવ્યા છે.



ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલ કુમાર ત્રિપાઠીએ માહિતી આપતાં જણાવ્યું હતું કે ગઈકાલે સોમવારે લોકો પાયલટ રામાવતાર મીના, મુખ્યાલય-જૂનાગઢ તથા સહાયક લોકો પાયલટ સોનુ શર્મા, મુખ્યાલય-જૂનાગઢે સાસણગીર-કાંસિયાનેશ સેકશનમાં કિલોમીટર નં.૧૧૭/૦૩ થી ૧૧૭/૦૧ વચ્ચે અચાનક રેલવે ટ્રેક પર ૧૦ સિંહોના ઝૂંડને જોયો. ત્યારબાદ તેમણે ટ્રેન નંબર ૫૨૯૫૫ વેરાવળ-જૂનાગઢ પેસેન્જર ટ્રેનને તરત જ ઈમરજન્સી બ્રેક લગાવી સુરક્ષિત રીતે રોકી દીધી.લોકો પાયલટ દ્વારા ટ્રેન મેનેજર (ગાર્ડ) સંજય દિક્ષિત, મુખ્યાલય-જૂનાગઢને તાત્કાલિક જાણ કરવામાં આવી. વન વિભાગના ફોરેસ્ટ ટ્રેકર જે. જી. પરમાર ટ્રેનમાં હાજર હતા. તેમના દ્વારા તમામ સિંહોને સુરક્ષિત રીતે રેલવે ટ્રેક પરથી હટાવવામાં આવ્યા. પરિસ્થિતિ સામાન્ય જણાતા લોકો પાયલટને ટ્રેન આગળ ચલાવવાની મંજૂરી આપવામાં આવી, ત્યારબાદ ટ્રેનને સાવધાનીપૂર્વક ગંતવ્ય તરફ રવાના કરવામાં આવી.

આ ઘટનાની માહિતી મળતાં લોકો પાયલટોએ કરેલા આ સરાહનીય અને સંવેદનશીલ કાર્ય બદલ મંડળ રેલ પ્રબંધક દિનેશ વર્મા, અપર મંડળ રેલ પ્રબંધક હિમાંશુ શર્મા તથા અન્ય અધિકારીઓ દ્વારા પ્રશંસા વ્યક્ત કરવામાં આવી.

